
737

# કલ્યાણ

જૈન સંસ્કૃતિનું સંદેશવાહક

વર્ષ ૧૩, અંક ૧૨, ફેબ્રુઆરી–૧૯૫૭, મહા–વીર સં. ૨૪૮૩



[ શ્રી ગુણિયાજી તીર્થમાં આવેલું જલમંદિર ]

તંત્રી: સોમચંદ ડી. શાહ

ધર્મ, સમાજ, સાહિત્ય અને સંસ્કારનું અદ્યતન માસિક.

5531

# વિષય દર્શન


| લેખ | લેખક | પેજ |
|---|---|---|
| અભ્યુદયની યોજનાઓ | શ્રી | ૭૮૧ |
| કરકસર અને પરોપકાર | પૂ૦ મુ૦ શ્રી ભાનુવિજયજી મ૦ | ૭૮૩ |
| યોગબિન્દુ | શ્રી વિદુર | ૭૮૭ |
| પુણ્ય-પાપ | મુ૦ શ્રી માનતુંગવિજયજી મ૦ | ૭૯૧ |
| ૧૬ ના ૧૬ ક્રોડ | મુ૦ શ્રી જયપદ્મવિજયજી મ૦ | ૭૯૨ |
| ભુખ અને તૃપ્તિ | મુ૦ શ્રી ભદ્રંકરવિજયજી મ૦ | ૭૯૪ |
| દ્રવ્યાનુયોગની મહત્તા | પૂ૦ પં૦ શ્રી ધુરંધરવિજયજી મ૦ | ૭૯૬ |
| સાંભળતા જાવ | શ્રી હીરાચંદ સરૂપચંદ સુખડીઆ | ૮૦૦ |
| આપણો આદર્શ | શ્રી મફતલાલ સંઘવી | ૮૦૧ |
| પરીક્ષા | શ્રી સુંદરલાલ ચુ. કાપડીઆ | ૮૦૩ |
| કર્મ | શ્રી રેવચંદ તુલજારામ શાહ | ૮૦૪ |
| વિચારવા જેવાં સુવાક્યો | શ્રી દલીચંદ જુઠાભાઇ ગાંધી | ૮૦૫ |
| હિંસા બંધ થવી ઘટે | શ્રી પરમાણંદ વીરચંદ શાહ | ૮૦૭ |
| જૈનદર્શનની પુદ્ગલ પ્રક્રિયા | શ્રી ખુબચંદ કેશવલાલ | ૮૦૯ |
| રાજદુલારી | શ્રી મોહનલાલ ચુ. ધામી | ૮૧૩ |
| ઈનામી હરિફાઈ | કાર્યાલય તરફથી | ૮૧૭ |
| તમારી જાતને સહાય કરો | શ્રી એન. એમ. શાહ | ૮૧૯ |
| ફેલાવાતી ભ્રમણા | શ્રી સુયશ | ૮૨૨ |
| શંકા-સમાધાન | સ૦ પૂ૦ આ૦ શ્રી વિજયલબ્ધિસૂરીશ્વરજી મ૦ | ૮૨૪ |
| જિનપૂજા પદ્ધતિ | શ્રી ઉજમશી જુઠાભાઇ શાહ | ૮૨૬ |
| ભારત સરકારને | શ્રી ખીમચંદ મગનલાલ વોરા | ૮૨૮ |
| વિશ્વનાં વહેતાં વહેણો | શ્રી પ્રવાસી | ૮૩૩ |
| જૈન સમાચાર | સંકલિત | ૮૩૮ |
| જ્ઞાન-વિજ્ઞાનની તેજછાયા | શ્રી કિરણ | ૮૪૩ |




## નાની વયમાં ઉપધાનતપની આરાધના

મલાડ [મુંબઈ] ખાતે વસતા કુ૦ મંજુલાબેન રતિલાલ શાહે ૧૨ વર્ષની નાની વયે ઉપધાન તપની આરાધના વિલે-પારલે ખાતે પૂ૦ પંન્યાસજી ચંદ્રવિજયજી મહારાજની નિશ્રામાં કરી હતી.

## ઉ ૦ પ ૦ યો ૦ ગી

લવાજમ કે પત્રવ્યવહાર કરતી વખતે 'ગ્રાહક નંબર' લખવા ચૂકવું નહિ.

'કલ્યાણ'ના ટાઈટલ ઉપર છાપવા માટે ફોટાઓ કે બ્લોકો સારા હોય તે જ મોકલવા.

દર વર્ષે 'કલ્યાણ'ના પેજોમાં વધારો થાય છે. વાર્ષિક પાંચ રૂપીઆના લવાજમમાં ક્રાઉન આઠ પેજી ૯૦૦ પેજનું વાંચન આવતા વર્ષથી આપવા માગીએ છીએ.

જે ગ્રાહકબંધુને અંક કોઈ પણ કારણસર ન મળ્યો હોય તેણે દર મહિનાની ૨૨ મી તારીખ પછી અમને લખી જણાવવું જેથી ફરીને મોકલવાની વ્યવસ્થા થઈ શકે. ત્રણ ચાર મહિને અંક ન મળ્યાની ફરીયાદો મળે છે પણ તે વખતે અંકો સીલીકમાં નહિ રહેતા હોવાથી મુશ્કેલી ઉભી થાય છે.

'કલ્યાણ'ના વાર્ષિક ગ્રાહક બનવા કરતાં પાંચ વર્ષના રૂા. ૨૫) કે બે વર્ષના રૂા. ૧૧) એકી સાથે ભરવા ગ્રાહકો માટે વધુ સારૂં છે. વાર્ષિક ગ્રાહકને દર વર્ષે ભેટ પુસ્તક મળતું નથી, પાંચ કે બે વર્ષના સભ્ય થનારને જ મળે છે.

# 'કલ્યાણ' આજે તેર વર્ષ પૂરાં કરે છે !

સમાજના કોઈ પણ આંતરિક પ્રશ્નમાં પડયા વિના કેવલ સમાજમાં ધર્મ, શ્રધ્ધા, સમભાવ, સંસ્કાર અને શિક્ષણનો પ્રચાર કરવા કાજે તદ્દન નાનકડા પ્રયાસરૂપે આજથી તેર વર્ષ અગાઉ જન્મ પામેલ 'કલ્યાણ' આજે પોતાનાં જીવનના તેર વર્ષ પૂરા કરે છે, એ અમારે મન ગૌરવનો વિષય છે. 'કલ્યાણ'ના પ્રત્યેક શુભેચ્છકને મન અવશ્ય આનંદનો વિષય છે.

કલ્યાણે ૧૩ વર્ષ દરમ્યાન શું કર્યું ? તે અમારે કહેવાનું રહેતું નથી. 'કલ્યાણ'નો એક અંક હાથમાં લેનારને 'કલ્યાણ'ની પ્રગતિની પ્રતીતિ થયા વિના નહિ રહે !

દિન-પ્રતિદિન 'કલ્યાણ'માં વિવિધ વિષયસ્પર્શી સાહિત્ય પ્રસિધ્ધ કરવા તેના સંચાલકો કેટ-કેટલા સજાગ છે, તે માટે એક પછી એક પ્રસિધ્ધ થતાં 'કલ્યાણ'ના અંકને જોવાથી કોઇ પણ સહૃદય વાંચકને અવશ્ય ખાત્રી થશે.

દર અંકે પ્રસિધ્ધ થતી ચાલુ ઐતિહાસિક કથા 'રાજદુલારી' જે તમને ભૂતકાલીન ઇતિહાસના ભવ્ય સંસ્મરણો રજૂ કરે છે. 'શંકા-સમાધાન' વિભાગ અનેકાનેક ઉપયોગી જ્ઞાનની વાનગી પીરસે છે. 'દ્રવ્યાનુયોગની મહત્તા' 'યોગબિંદુ'ના લેખો, જૈનદર્શનનાં તત્ત્વજ્ઞાનનો બોધ આપે છે. 'જ્ઞાનગોચરી' અને 'મધપૂડો' અનેક ઉપયોગી, રસપ્રદ સામગ્રી તમને પીરસે છે.

'વિશ્વનાં વહેતાં વહેણો' જગત અને સમાજના પ્રશ્નોની માર્મિક નોંધ આપી જાય છે. 'સમાચાર સંચય' જૈનસમાજના અનુમોદનીય તેમજ જાણવા જોગ સમાચાર તમને જણાવે છે. માસ દરમ્યાન સમાજમાં બની ગયેલા બનાવો, આરાધનાના સમાચારો તમને એ વિભાગના વાંચનદ્વારા અવશ્ય જાણવા મળશે.

'કલ્યાણ'માં આ ઉપરાંત, અનેક લેખો, યાત્રા-પ્રવાસ, કથા, ઇત્યાદિ મનનીય તથા પ્રેરક સાહિત્ય દર મહિને પીરસાય છે.

આ રીતે વિવિધ વિષયને સ્પર્શતું, રસપ્રદ સાહિત્ય રજૂ કરતાં 'કલ્યાણ'ના પ્રચારમાં તમે અમને સાથ આપો !

અને 'કલ્યાણ'ના વિકાસમાં જે કાંઇ જણાવવા જેવું હોય તે અમને તરત જણાવો !

**'કલ્યાણ' તમારૂં છે, અને તમે 'કલ્યાણ'ના છો, એ ભૂલશો નહિ !**

—સંપાદકઃ

# 'કલ્યાણ'ની પ્રગતિમાં રસ લેનારા શુભેચ્છકોને !

આજથી તેર વર્ષ અગાઉ કેવલ ૧૨૫ નકલોથી ત્રિ–માસિક 'કલ્યાણ'નો જૈનસમાજના આંગણે જન્મ થયો હતો. બાદ ત્રીજા વર્ષે 'કલ્યાણ' માસિક બન્યું; ને ૫૦૦ નકલો પ્રસિદ્ધ થઇ; ક્રમશઃ પ્રગતિ કરતાં 'કલ્યાણ'માં વિવિધ વિષયો, અવનવા લેખો અને મનનીય સાહિત્ય સામગ્રી પીરસાતી રહી.

**સ**માજના પ્રત્યેક વર્ગમાં એક સરખાં આદરને પાત્ર બનેલાં 'કલ્યાણ'ની નીતિ અને સંચાલન પ્રત્યે સર્વ કોઇએ સદ્‌ભાવના સૂર પૂરાવ્યા છે. જૈનસમાજના અનેક હાથોમાં આજે 'કલ્યાણ' ફરી રહ્યું છે ! એ હકીકત તેની સાક્ષી છે.

રૂ. પાંચના લવાજમમાં તેમજ શુભેચ્છકોના સહકારથી ઘેર બેઠાં 'કલ્યાણ' કેટલું નક્કર, સર્વગ્રાહી તથા મનનીય વાંચન આપે છે. તેની 'કલ્યાણ'ની વાર્ષિક ફાઇલ હાથમાં લેતાં પૂરી ખાત્રી થઇ જશે.

૧૦ મા વર્ષમાં **૭૩૦ પેજ,** ૧૧ મા વર્ષમાં **૭૬૬ પેજ,** બારમા વર્ષમાં **૮૧૦ પેજ,** અને તેરમા વર્ષમાં **૮૬૪ પેજ** ઉપરાંતનું એટલે ક્રાઉન ૮ પેજી સાઇઝના ૧૦૮ ફરમા ઉપરાંતનું સાહિત્ય 'કલ્યાણે' આ વર્ષમાં આપ્યું.

**સ**મસ્ત જૈનસમાજના કોઈ પણ સાપ્તાહિક, પાક્ષિક કે માસિક કરતાંયે વધુ લોકપ્રિય બનેલા 'કલ્યાણ'ને હજુ વિશેષ રીતે સમૃધ્ધ અને સાહિત્યસભર કરવાના અમારા કોડ છે. જે માટે અમે આપ સર્વ શુભેચ્છકોના સહકારની અપેક્ષા રાખીએ છીએ.

દર અંકે દ્વિરંગી કવરપેઇજ અને તીર્થોના ફોટાઓથી આકર્ષક 'કલ્યાણ'ના વિશેષ પ્રચાર માટે આપ અમને સહાયક બનો !

એ આજે 'કલ્યાણ'ના **તેરમા વર્ષની વિદાય વેળાયે** અમારૂં આપ સર્વને વિનમ્ર નિવેદન છે. અમે ઇચ્છીએ છીએ કે સમસ્ત સંસારનું કલ્યાણ હો !

**—સંપાદકઃ**

વર્ષ ૧૩ : અંક ૧૨ : ફેબ્રુઆરી : ૧૯૫૭

કલ્યાણ

## અભ્યુદયની યોજનાઓ ફળે ક્યારે ? શ્રી०

માનવજીવનની મહત્તા જ્ઞાનીપુરૂષોએ પોકારી–પોકારીને ફરમાવી છે, તે એક જ કારણે કે, 'માનવ પોતાનાં ઉત્થાન માટે જે પુરુષાર્થ કરવા શક્તિશાળી છે, અન્ય કોઇ જીવાત્મા તે સામર્થ્ય ધરાવી શકતો નથી.' માનવે આજે એ કારણે પોતાનાં ઉત્થાનમાં રસ જાગ્રત કરવો આવશ્યક છે.

ઉત્થાન, પ્રગતિ કે ક્રાંતિ, સરજવાની તમન્ના એ જ માનવજીવનનું ધ્યેય બનવું જોઇએ. જન્મ ધારણ કર્યો, મોટો થઈ, ખાતાં–પીતાં, પહેરતાં–ઓઢતાં શીખ્યો, ભોગવતાં અને સાચવતાં તેમજ વધ્યું એના ઢગલાં કરતાં આવડયું. છેવટે પુત્ર–પત્ની, પરિવારને વહેંચીને આંખો મીંચાવી ચાલ્યા જવાનું, આ બધી ઘટમાળ પ્રત્યેક માનવનાં જીવનમાં, અરે ! પ્રત્યેક જીવાત્મા, પશુ, પંખી, ઈત્યાદિના સામાન્ય જીવનમાં દૃશ્યમાન બને છે, પણ આ કાંઈ ઉત્થાનની કે પ્રગતિની પારાશીશી નથી ! આ કાંઈ ઉત્ક્રાંતિ કે સમુત્થાનની દિશા નથી !

જીવનની પ્રગતિનું માપ માનવને ખાતાં આવડયું કે ભોગવતાં આવડયું એ નથી, પણ માનવનાં જીવનમાં સંયમ, તપ, ત્યાગ, જ્ઞાન, વૈરાગ્ય, દમ, દયા, ઈત્યાદિ સદ્‌ગુણો અધ્યાત્મલક્ષે કઈ કઈ રીતે પ્રગતિ સાધી શકયો ? તેના ઉપર જ કેંદ્રિત બને છે.

આજે માનવસંસારમાં કેવલ જડવાદ ફાલ્યો ને ફૂલ્યો દિન–પ્રતિદિન બનતો જાય છે. બુદ્ધિમાન માનવ, આજે ભારત જેવા અધ્યાત્મપ્રધાન સંસ્કૃતિમાં જીવનાર દેશમાં પણ પ્રગતિનું માપ માનવના પૌદ્‌ગલિક સુખોપભોગો અને તેને પ્રાપ્ત કરવાનાં સાધનોથી માપી રહ્યો છે, એ કેટ–કેટલી કમનશીબી કહેવાય !

યંત્રવાદના વિકાસના કારણે ખાવા–પીવા, પહેરવા–ઓઢવાની બાબતમાં માનવે જે નિત નવીનતા સાધી, અને તેના પરિણામે તે આકાશમાં ઉડતો રહ્યો કે દરિયામાં ઠેઠ ઉંડાણમાં ડૂબકી મારતો બન્યો, આમાં એણે ખૂબ જ ફેરફાર આણી, સંસારમાં ચમત્કાર

સરજ્યો, પણ કેવલ આ બધું મેળવવું, ભોગવવું કે સાચવવું, એ ત્રણ ખાતર જ કે બીજું કાંઇ ? આ વસ્તુ માનવના જીવનમાં શું, અરે ! સંસાર સમસ્તનાં જીવનમાં અનંત કાળથી ચાલુ છે ! હા, પહેલાના કાળમાં માનવ જે મેળવવા, સાચવવા કે ભોગવવા ખાતર કાંઇ કરતો તેનામાં કદાચ આજના વૈજ્ઞાનિક સંશોધનોની સહાય નહિ હોવાના કારણે સરળતા હતી, દંભ નહોતો, હૃદય પાપભીરૂ હતું, કઠોરતા ન હતી, અને તેનામાં થોડી ઘણી સભ્યતા હતી, સંસ્કારિતા હતી, અને કોઇનેયે સ્હેજે દુભવીને પોતાના સ્વાર્થને સાધવા માટે એનું મન ના પાડતું.

જ્યારે આજના વૈજ્ઞાનિક માનવસંસારે તો હૃદયને જ વેચી નાંખ્યું છે, કરૂણા, દયા કે પરગજુપણાને જાણે દેશનિકાલ કર્યો છે. મન, વાણી કે કાયામાં ક્યાંયે એકવાક્યતા જેવું રહેવા દીધું નથી. બુદ્ધિ, હોંશિયારી કે આવડતના અતિરેકમાં ઉન્મત્ત બનીને તેણે ચોમેર અધ્યાત્મદૃષ્ટિનો વિનિપાત સરજ્યો છે. આમ છતાં તે આજે પોતાની જાતને પ્રગતિમાન તથા ક્રાંતિની દિશામાં ખૂબ આગળ વધેલી માને છે.

પણ માનવે–આજના વૈજ્ઞાનિક યુગના માનવે, નવું શું કર્યું ? ખાવાનું ભૂલી, તપ કરતાં તે કાંઇ શીખ્યો કે ? સ્વચ્છંદાચાર ભૂલી સંયમમાં કાંઈ વધ્યો કે ? સાચવવાનું ભૂલી તે છોડતાં શીખ્યો કે ? ભોગવવા કરતાં તે ત્યજતા શીખ્યો વારૂ ? આમાં એણે પૂર્વકાલ કરતાં કાંઇ પ્રગતિ કરી કે ? જો ના, તો માનવની એમાં ક્રાંતિ કઇ ? પ્રગતિ કે જીવનની ઉન્નતિ કઈ ? આજે ભારતદેશના શાણા ગણાતા દેશનાયકોને અમે એક જ વસ્તુ ફરી-ફરીને પૂછી રહ્યા છીએ કે, 'દેશે પ્રગતિ સાધી, દેશમાં વિકાસ થઇ રહ્યો છે, અને દેશ નંદનવન બની રહ્યો છે ! એમ ચોમેર જે બાંગ પોકારાઈ રહી છે, તો એક જ પ્રશ્ન રહે છે કે, આ મેળવવા, સાચવવા કે ભોગવવા સિવાયની કોઇ નવી દિશામાં આજના માનવે કોઇ ઉચ્ચ ધ્યેયલક્ષી પ્રગતિ કે વિકાસ સાધ્યો છે ?

દેશના ઉત્થાનમાં રસ ધરાવનારાઓને અમારો આ એક જ પ્રશ્ન છે, આનો જવાબ શો ?

જીવનની ઉન્નતિ કે સંસાર સમસ્તનો સાચો વિકાસ આમાં જ સમાઇ ગયો કે ? આજના વૈજ્ઞાનિક માનવ સંસારને ફરી આ એક જ પૂછવાનું રહે છે !

તમે છેલ્લા ૫૦ વર્ષમાં પ્રગતિ કઇ કરી તે અમને સમજાવો ! અમારે આ પ્રગતિ ન જોઇએ, અમારે ખપે છે, આત્માની ઉન્નતિ, તેના સદ્‌ગુણોદ્ધારા તેનું ઉન્નત ભાવિ ! અમારે મન તે જ પ્રગતિની સાચી પારાશીશી છે !

# —: કરકસરના લીધે પરોપકાર :—

## પૂ૦ મુનિરાજ શ્રી ભાનુવિજયજી મહારાજ–મુંબઇ.

મુંબઇ અલબેલી નગરી છે, એમાં કેઇ જાતના સારા–નરસા પ્રસંગ બનતા હશે. આપણને એ બધાની શી ખબર? પણ કયારેક કોક કોક પ્રસંગ સાંભળવા મળે છે ત્યારે આશ્ચર્ય થાય છે કે અહો આવા સુકૃત કરનાર આજના કાળે પણ છે!! અને તે મુંબઇ જેવી મોહપુરીમાં!

મુંબઇમાં એક વાર કોક ચાર જુવાનીઆ પાંજરાપોળની ટીપ કરવા નીકળી પડયા. મનને થયું કે 'આપણા સાંસારિક સ્વાર્થનાં કેઇ કામો લાગવગ, શરમ ઉભી કરીને ય કરીએ છીએ, જીવનનો કેટલો ય અમુલ્ય સમય એની પાછળ બરબાદ કરીએ છીએ તો આપણા આત્માનું હિત કરનારા એવા પરોપકારના કાર્ય માટે શું આપણી પાસે સમય નથી? લાગવગ નથી? કેવળ સ્વાર્થનું જ જીવન હોય તો તે પશુજીવનથી શું ઉંચું ગણાશે? બસ આજે આ જીવદયા માટે પાંચ સાત હજાર ભેગા કરવાનું કાર્ય જરૂર કરીએ...'

એમ કરીને નીકળ્યા તો ખરા, પરંતુ પહેલાં સારી રકમ કયાંથી ભરાવવી તેની મુંઝવણમાં હતા. ત્યાં એ રસ્તે સામેથી એક સાધર્મી ભાઇ શ્રાવક–મિત્રને આવતો જોયો; એને ઉભો રાખીને પૂછે છે.

'કેમ ચીમનલાલ, કયાં ચાલ્યા?'

'ભાઇ આજ તો તમે જાણો છો ને રવિવાર છે?'

'તે શું આજે નાટક–ચોપાટીમાં ફરશો? રહેવા ઘો, રહેવા. આજે તો તમારે અમારી સાથે આવવું પડશે.'

'અરે યાર, તમારી સાથે હું કયાં નથી આવ્યો? આજે મને ખેંચો નહિ.'

'ચીમનલાલ, આજે નહિ ચાલે, આજે તો પાંજરાપોળની ટીપ કરવી છે તે તમારે સાથે આવવું જ પડશે. ખરી મિત્રતા તો આવા કાર્યમાં બતાવવી જોઇએ.'

ચીમનલાલ પણ દિલાવર શ્રાવક હતો. કહે છે, 'ભલે લ્યો આ તમારી સાથે ચાલ્યા. કહો કયાં જવું છે?'

'એજ સમજાતું નથી તમે જ કોઇ એવા સારા ઘેર લઈ ચાલો કે જ્યાંથી આપણને પહેલો આંકડો સારો ભરાય. પછી સૌ સૌના ઓળખીતા પાસે જઇશું.,

'ભલે આપણે ચાલો પહેલા દુભાશ ગલીમાં.' એ બધા એ ગલીમાં ગયા અને એક જૂના માળામાં પેઠા. મિત્રો મુંઝાઇ કહે છે.

'સારૂં ઘર અહીં મળશે?'

'એટલે સારૂં તમે કોને કહો છો? બંગલા ને? ભૂલા પડશો નહિ, બંગલા તો કેટલીય વાર ઠગનારા નીવડે છે! આશા આપણે કઇ રાખી હોય, અને વળે મીંડું? સાંભળવા પણ બીજું જ મળે! **માટે સારૂં ઘર એટલે બંગલો નહિ, પણ સારા માણસનું ઘર. સારા માણસ એટલે શ્રીમંત નહિ; સારા એટલે સારા ઉદાર દિલવાળા.'**

મિત્રો 'ઠીક' કહી એમની પાછળ પાછળ એ માળાની સીડી પર ચઢે છે. ઉપર ચઢતાં એક બારીમાંથી ધણી–ધણીયાણીની રકઝક સંભળાઈ.

ધણી કહે છે, 'આ તમે દિવાસળીનું બાકસ કેમ દસને બદલે ચાર દિવસમાં પૂરૂં કર્યું?

પત્ની જવાબ દે છે, તે મેં હાથે કરીને થોડું જ બગાડયું છે? આ ચોમાસાના દહાડામાં દીવાસળીઓ અને બાકસ પરનો ગંધકનો કાગળ હવાયેલા આવે છે; તેથી કેટલી ય દિવાસળીઓ નકામી જાય છે. પછી દસ દહાડા કયાંથી ચાલે?

જુવાનીઆ એટલામાં તો ઉપર ચઢી ગયા, અને એમને ચીમનલાલ ગેલેરીમાં થઇને એક ઓરડીમાં લઈ જાય છે ત્યાં પેલી રકઝક સંભળાય છે.

ડોસો કપડાં સુકવતી ડોશીને કહે છે, 'દિવાસળી સાચવીને વાપરીએ તો એટલી કાંઇ નકામી ન જાય... બાકસને જરા તપાવી લઇએ.'

મિત્રો ચીમનલાલને કાનમાં કહે છે, 'અહીંથી તમારે સારી રકમ લેવી છે? બીજે, ચાલો બીજે, કાંક શુકનમાં જ ભૂલા ન પડીએ.'

'તમે ધીરજ રાખો. ગુણ જુદી ચીજ છે; દેખાવ જુદી ચીજ છે.'

જુવાનીઆ રૂમની અંદર પેઠા. રૂમ કેવડી ? ૮ બાય ૧૨ ની ! ત્યાં ડોસો તરત ઉભો થઇ ગયો. પીપ ઉપરના ડામચીઆ પરથી એક જુનું પુરાણું ગાદ્દલું નીચે નાખી આવકાર આપે છે, 'આવો ભાઇ, આવો બેસો. આવ ચીમન, આવ.'

જુવાનીયા સંકોચાય છે. એકેક વાત એવી જુએ છે કે નિષ્ફળતા મળે એવું ક્ષણભર લાગે. રકઝક ! નાની રૂમ ! ડામચીઓ પીપ પર ! ગાદ્દલું જૂનું !... પણ હવે આટલે આવ્યા પછી જોયા કરો શું થાય છે, એમ મન વાળી ગાદ્દલા પર બેસે છે.

ડોસાને પરિવાર બીજો નહોતો. તેમ ઘાટી નહોતો એટલે બાજુમાંથી એક છોકરાને બૂમ મારી બોલાવ્યો. કહ્યું, 'જા ભાઇ નીચે પાંચ છ કપ ચાહનું કહી આવ." ડોસો વિવેકી છે એટલે પહેલાં અતિથિસત્કાર કરીને પછી કામકાજ પૂછાય એમ સમજે છે. તેથી સીધું રોકડું નથી પરખાવતો કે 'કેમ ? આવો, કેમ આવ્યા છો, કહો શું કામ છે ?' આ તો લુખ્ખા હૃદયનો વર્તાવ છે. આર્ય દેશનો પાક તો બહુ રસાળ. એના સુપુત્ર લુખ્ખા નહિ, સ્નિગ્ધ હૃદયવાળા ! આંગણે ચઢેલાનું યોગ્ય સ્વાગત-સન્માન કરે.

ડોસાએ છોકરાને કહ્યું તો ખરૂં પણ તરત જુવાનીઆ કહે છે, 'ના ના, કાકા અમારે ચા નથી પીવી.'

'તો ભલે, ચા નહિ તો દૂધ . અલ્યા છોકરા એમ કર અશેર દૂધ લાવી એને ગરમ કરી એમાં લે આ કેશર, બદામ નાખી લાવ.' એમ કહી ડબ્બીમાંથી કેશર બદામ કાઢી આપ્યા.

જુવાનીયા તો ડઘાઈ જ ગયા. કહે, 'કાકા, કાકા, આટલું બધું ના હોય, અમારે કાંઇ ચાની બાધા નથી. પરંતુ આ તો એક કામે નીકળ્યા છીએ, તેમાં મોડું ન થાય.'

'હવે આજ તો રવિવાર છે. છતાં તમને મોડું નહિ કરાઉં ! એમ કરતાં આડી અવળી વાતે વળગ્યા એટલામાં તો કેશરીયા દૂધ હાજર થયું. ડોસાએ પોતાના હાથે દૂધના પ્યાલા ભરી આનંદપૂર્વક દીધા, અને સંકોચાતા જુવાનીઆને આગ્રહ કરી પીવા કહે છે. જુવાનીઆને પીવું પડે છે, પણ જુએ છે તો જાણે મા દૂધ છોકરાને પીવરાવે છતાં લોહી માતાનું વધે એમ આ ડોસાની આંતરડી ઠરીને લોહી વધી રહ્યું છે.

હવે ડોસો પૂછે છે, 'કહો ભાગ્યશાળી, મારા સરખું કંઇ કામ હોય તે બતાવો.'

જુવાનીઆ બોલતાં ખચકાય છે. મિત્રને કહે છે– 'તમે કહો.'

'કાકા, આ જુઓને હું તો રહ્યો જરા શોખીન જીવ. તે જતો હતો બહાર ફરવા. પણ આ મારા ભાઇઓ મને કહે, 'ચાલ, પાંજરાપોળની ટીપ કરવાની છે. જન્મીને એકલા તારા જીવને જ શાતા આપે છે તે બીજા જીવોને શાતા કયારે અપાવીશ ?' કાકા, એમનું કહેવું સાંભળીને મારોય પગ ઢીલો પડયો. મને થયું, 'અહો, આ પાપ ભરેલી દુનિયા પર જ્યારે કરોડો માનવ જેવા માનવો પાપે પેટ ભરી જાણે છે, ખાનપાન–પૈસા–મોજમજાહમાં પશુજીવન જીવી રહ્યા છે, ત્યારે આવા કોક, સેંકડે હજારે શું, લાખે એક જીવ પરોપકારનું કામ કરવા નીકળી પડે છે, એ કેટલા ભાગ્યવાન !' હું ય આમની સાથે ચાલ્યો. ભાગ્યશાળીનો સમાગમ કયાંથી ? પછી મને કહે કે–પહેલાં કોઇ સારા ઘેર લઇ જા. તે અમે પહેલ–વહેલા અહીં જ આવ્યા છીએ.'

'અરે મહાનુભાવ ! ઘર ભૂલ્યા. ઉલટું મારી રકમ લખીને તમે ટીપ બગાડશો. મથાળે તો કોક સારાની રકમ લખાવો !'

'કાકા, અમારે તો તમે જ સારા છો. તમે જે આપશો તે અમારે સારા શુકનમાં ગણાશે !'

'પણ ટીપમાં એટલી રકમ પહેલી લખશો તો પછીના આંકડા સારા નહિ ભરાય.'

'તો કાકા, ટીપમાં નહિ લખીએ.' જુવાનીઆએ રસ્તો કાઢયો. 'બાકી તમારા જેવો જીવ પહેલું આપશે, એથી અમારૂં કામ આગળ સારૂં ચાલશે એવો અમને વિશ્વાસ બેસે છે.'

ડોસો કહે છે, 'તો કહો શું આપું ?'

'એ અમારાથી ન બોલાય. આપને જે આપવું ઘટે તે.'

'હશે લ્યો ત્યારે એકાવન રૂપીઆ આપું છું.'

જુવાનીઆને પહેલેથી મિત્રે ચેતવી રાખેલા હતા; તે ચોંકીને કહે છે, 'હોય કાકા ? બસ ફક્ત એકાવન ?

'તો લ્યો ૧૦૦ લઇ જાઓ.'

'ના. પુણ્યશાળી. આ તો શુકનની રકમ છે. એટલેથી શું થાય ?'

'તો લ્યો હવે બોલશો નહિ, બસો આપું છું.,

જુવાનીઆ કસ જોઇ લલકારે છે; 'કાકા ! **આ કયું કામ છે એ તો જરા જુઓ ! અનાથ નિરાધાર જનાવરો બિચારા રીબાઇ રહ્યા છે; મરવા પડયા છે, એને ચારો-પાણી અને રક્ષણ આપવાનું છે. એ ય સંજ્ઞી પંચેન્દ્રિય જીવ છે, એની આંતરડી કેટલી ઠરે ? પૈસા તો આજ છે ને કાલ નથી. પુણ્ય હશે તો કાલે પૈસા વધી જશે. આવો પરમાર્થ કરવાનો મોકો કયાં મળે ? એની આંતરડી આપણે ઠારીએ તો આપણને બીજા પાસેથી શાતા મેળવવાનો હક રહે...'**

ડોસો કહે છે, 'તમે તો ભારે ઉપદેશક ! ઠીક છે તમારી વાત. જાઓ ત્રણસો રૂપિયા આપુ છું.'

પણ જુવાનીયાએ ખેંચતાણ કરી પાંચસો રૂ. સુધી તો કાર્ય ચઢાવ્યું; અને હજી, 'ના. ના. એટલાથી કાંઈ ન શોભે અમારે તો પુરા એક હજાર લઇને જ ઉઠવું છે' એમ વળગ્યા.

ત્યાં ડોશી બહાર કપડા સૂકવેલા સરખા કરતી હતી. તે બોલી ઉઠી, 'આ બિચારા છોકરાઓને શું રળવળાવો છો ? એ કયાં ઘરનું કામ લઇને નીકળ્યા છે ?

પરોપકારના કાર્ય કરવાની આ સાત્વિક વૃત્તિ !

ડોશી સાંભળતી તો હશે કે-પાંચસો આપવાનું કહે છે છતાં વધારે માંગવામાં આવે છે. પણ જેમ દુકાન-વેપાર સારામાં સારો જમાવી દેવા માટે, લગ્ન ઉત્સવ સારામાં સારો ઉજવી લેવા માટે, કે રોગી શરીરને સારામાં સારૂં કરી લેવા માટે બનતો બધો ખર્ચ કરાય છે, તેમ આ સાત્વિકતાને વરેલી ડોશી ડોસાને વધુ ઉદાર બનવા પ્રેરે છે. આર્યભૂમિ ઉપર આજે આવા કુટુંબ કેટલા હશે ? આજની મોટી મોટી ડીગ્રી ધરાવનારા કેળવાયેલા ગણાતાના વલણ અને વર્તાવ જોઇએ, ને એની સામે આ અશિક્ષિત ડોશીના વર્તાવને ઉભો કરીએ તો શું દેખાય ? શિક્ષણ કોને કહેવું ? પરોપકારમાં શાબાશી શિખવાડે એ કે સ્વાર્થમાં શાબાશી શિખવાડે એ ? આજ કોઇ વિલાયત જાય કે કોઇ કારખાનું ખોલે એ શું છે ? સ્વાર્થનું કામ કે પરોપકાર માટેનું કાર્ય ? છતાં એને અભિનંદનો અપાય છે, ત્યારે દાન-શીલ-તપ વગેરેના સુકૃતોના અનુમોદન કયાં ?

ડોશીના બોલ પર જુવાનીયા ટટાર થયા. મંડયા, 'કાકા ! હવે મોટો લહાવો આપજ લો જુઓ કાકી પણ એમાં જ ખુશી છે.'

કાકો કૃપણ નહોતો. ડોશીની સંમતિ જોઈ કહે છે, 'સારૂ લ્યો એક હજાર આપી દઉં' ડોશીને બૂમ મારે છે 'આ સાંભળો છો ? આ આમને રકમ કાઢી આપો.'

જુવાનીઆ પૂછે છે, 'કાકા ! આપનું નામ લખાવો.'

'કેમ શા માટે ભાઈ ?'

'શા માટે ? આપના નામ પર પર રકમ પહેલી લખીએ પછી કામ આગળ સારૂં ચાલે.'

ડોસો કહે છે, નામ નથી લખવાનું. આપણે પહેલા જ વાત થઈ છે. તમે કબૂલ્યું હતું કે-ભલે નામ નહિ, એમજ રકમ આપો.'

'અરે કાકા ! એ તો નાની રકમ માટે વાત હતી. આ તો તમે મોટી રકમ આપો છો, પાછું નામ નહિં ?'

'જુઓ ભાઇ ! નામથી શું વિશેષ છે ? શું પુણ્ય વધારે મળે ? ઉલટું નામ-વાહવાહના લોભમાં પુણ્યના લાભના ટકા કપાઈ જાય છે. હું રીસમાં નથી કહેતો. મારે નામ લખાવવાની જરૂર નથી. લખવું જ હોય તો 'એક ગૃહસ્થ તરફથી' એટલું જ લખજો, બાકી મારૂં નામ લખવું હોય તો મારે કંઇ આપવું નથી.' જુવાનીઆઓએ મક્કમતા જોઇ નામ માટે આગ્રહ ન રાખ્યો. એટલામાં ડોશીએ સામેના એ પીપમાંથી એક પીપ ઉઘાડી જૂનું વપરાયેલું રજીસ્ટર્ડ કવર કાઢયું. એમાંથી રૂપિયા એક હજારની નોટો કાઢીને આપી.

રૂપિયા લઇને એ ડોસાને પૂછે છે, "કાકા, ખોટું

ન લાગે તો જરા પૂછવાનું મન થાય છે."

ડોસો કહે છે, "પૂછો પૂછો ખુશીથી પૂછો."

'એ તો એમ મુંઝવણ થાય છે કે—એક બાજુ દિવાસળીનું બાકસ જે માત્ર એક પૈસાનું આવે તે દસને બદલે ૪–૫ દિવસમાં પૂરૂં કેમ થયું એની રકઝક, તેમજ આટલા રૂપિયા રાખવા કોઇ પાકિટ કે બોક્સ પણ નહિ, ઘરમાં જૂના ગાદલા વગેરેથી ચલાવવાનું, એક બાજુ આવી બધી કૃપણતા, અને બીજી બાજુ કેસરીઆ દૂધથી સાધર્મી ભક્તિ સાથે જીવદયામાં ૫–૨૫ ને બદલે એકહજાર રૂ. આપવાની મહાન ઉદારતા આ શું ?'

જવાબમાં ડોસો પોતાની અનુભવવાણી આપે છે, "જુઓ નવજવાનો ! આ જેને તમે કૃપણતા કહો છો એ કૃપણતા નથી, કરકસર છે. અને તમે જાણો છો આ કરકસરના યોગે જ પરમાર્થના કાર્યમાં ઉદારતા થઇ શકે છે ! **સ્વાર્થના કામમાં સાંકડા થઈએ તો પરોપકારના કામમાં પહોળા થઈ શકાય.** આજે તમારે જાતની જ સુખસગવડના ખર્ચ એટલા વધી ગયા કે પછી પરોપકારને ત્યાં જગા જ કયાંથી રહે ? શું ઓછા ખર્ચમાં જુની કે સામાન્ય ચીજથી ચલાવીએ તો નથી ચાલતું ? બધું આપણા મન પર છે. મનને પરોપકારનું વ્યસન લાગી જાય, ને એમાંને એમાં જ રમ્યા કરે તો પછી સ્વાર્થની વાત વસ્તુ પર એને વિચાર કરવાની ફુરસદ કયાં છે ?"

**'કરકસરના લીધે પરોપકારની સુલભતા'**નો સુંદર બોધપાઠ મેળવી જુવાનીઆ પ્રણામ કરીને ત્યાંથી ચાલ્યા. ત્યાં નીચે ઉતરતાં એજ માળાનો એક માનવી એમને આશ્ચર્ય પામતા જોઇ કહે છે, 'અરે આટલામાં અચરિજ શું પામો ? એવું તો એ શ્રાવકજીમાં કેટલુંય છે. તમે બે પીપ જોયેલાને ? શું ભર્યું હશે એમાં ? એકમાં લાડવા ભર્યા છે. તે જ્યાં કયાંયથી સાંભળે કે અમુક સાધર્મી શ્રાવકને પૈસાની તંગી છે, ત્યાં ઝટ થાળીમાં લાડવા અને રૂપિયા મોકલી કહેવરાવે છે કે આ તો આબુજીની કે શેત્રુંજાની યાત્રાએ ગયેલા, તેના છે' આવી છે એમની ગુપ્ત ઉદારતા..." જુવાનીઆ સાંભળતા વધારે ચકિત થઇ જાય છે ! બોલાઇ જાય છે, **ધન્ય જીવન! ધન્ય શ્રાવકપણું !**

[ દિવ્યદર્શન ]

## —: પરદેશના ગ્રાહક બંધુઓને :—

પરદેશમાં વી. પી. થતું નથી તો લવાજમ પુરૂં થયે મનીઓર્ડર, ક્રોસ સિવાયનો પોષ્ટલ ઓર્ડર કે નીચેના કોઈ પણ સ્થળે લવાજમ ભરવા વિનંતિ છે.

| | | |
|---|---|---|
| **શ્રી દામોદર આશકરણ** | પોષ્ટ બોક્ષ નં. ૬૪૯ | **દારેસલામ** |
| **શ્રી તારાચંદ ડી. શાહ** | પોષ્ટ બોક્ષ નં. ૨૦૭૦ | **નૈરોબી** |
| **શ્રી મેઘજી ખીમજી ગુઢકા** | પોષ્ટ બોક્ષ નં. ૧૧૨૮ | **મોમ્બાસા** |
| **શ્રી રતિલાલ ઓત્તમચંદ સંઘવી** | પોષ્ટ બોક્ષ નં. ૪૪૮ | **જંગબાર** |
| **શ્રી મેઘજી ખીમજી ગુઢકા** | પોષ્ટ બોક્ષ નં. ૨૧૯ | **કીસુમુ** |
| **શ્રી મેઘજીભાઇ રૂપશી** એન્ડ કું. | પોષ્ટ બોક્ષ નં. ૭ | **ન્યેરી** |
| **શ્રી દેવશીભાઈ જીવરાજ** | પોષ્ટ બોક્ષ નં. ૯૧ | **થીકા** |

★

**કલ્યાણ માસિક વાર્ષિક લવાજમ રૂા. ૫—૦—૦**

# યોગબિન્દુ [ભાવાનુવાદ] શ્રી વિદુર

[લેખાંક ૧૬ મો]

આત્મા. કર્મ યા સર્વજ્ઞાદિ તત્ત્વો. ચક્ષુ આદિ ઇન્દ્રિયગમ્ય નથી. ચક્ષુ આદિ ઇન્દ્રિયોના વિષયભૂત તત્ત્વો નથી. પણ ઇન્દ્રિય અવિષયભૂત તત્ત્વો છે, અતીન્દ્રિય તત્ત્વો છે. એ તત્ત્વો અતીન્દ્રિય છતાં સર્વજ્ઞના જ્ઞાનમાં વિષયભૂત બને છે. યોગિઓ દિવ્યદર્શનના પ્રભાવે તે વસ્તુઓને કરામલકવત્ સ્પષ્ટ જોઇ શકે છે.

એ વસ્તુઓ અર્વાગ્દ્રષ્ટાઓને પ્રત્યક્ષ નહિ હોવા છતાં અર્થાત્ ઇન્દ્રિયજ્ઞાનની વિષયભૂત નહિ હોવા છતાં પરોક્ષ–અનુમાનાદિ પ્રમાણની વિષયભૂત તો હોઇજ શકે છે. જેનામાં પ્રત્યક્ષ થવાની યોગ્યતા હોય, તે તો પ્રત્યક્ષ જ થાય. પણ જેનામાં પ્રત્યક્ષ થવાની યોગ્યતા ન હોય તે પણ અનુમાનાદિ પ્રમાણના વિષયભૂત બની શકે છે. આ વાત યુક્તિ યુક્તજ છે.

ઉપર જણાવી દીધું છે કે–એકજ વસ્તુ અમુકને પ્રત્યક્ષ હોવા છતાં, બીજાને પરોક્ષ હોય છે. વધુમાં જેમ પ્રત્યક્ષ પ્રમાણ વાસ્તવ છે, તેમ અનુમાનાદિ પ્રમાણ પણ વાસ્તવ જ છે.

અનુમાન શુદ્ધહેતુપ્રયોગરૂપ છે. જેમ સામગ્રી કાર્યજનન કર્યા વિના રહેજ નહિ, તેમ પ્રસ્તુતમાં ય શુદ્ધલિંગ સાધ્યનું ગમક બને જ, તેથીજ તે પ્રમાણભૂત જ છે.

આત્માદિ તત્ત્વની સિદ્ધિમાં ય શુદ્ધલિંગ પ્રયોગરૂપ યુક્તિ છે. અનુમાનનો પ્રકાર આ રીતે છે:–

**अचेतनानि भूतानि, न तद्धर्मो न तत्फलम् ।**
**चेतनास्ति च यस्येह, स एवात्मेति बुध्यताम् ॥**

ભૂતો અચેતન–જડ છે. જ્યારે ચેતના એ ચૈતન્યરૂપ છે. જ્ઞાનાદિરૂપ છે, તેથી એ ચેતના તેના ધર્મભૂત નથી, સ્વભાવભૂત નથી, આથીજ તેના કાર્યરૂપ પણ નથી. ચેતનાનું અસ્તિત્વ છે, એમાં તો શક છે જ નહિ. ચેતન અને જડ નામે બે તત્ત્વો છે. ભૂતો પૃથ્વી આદિરૂપ છે. તે તો જડ છે. તેથી તેનો ધર્મ યા તેનું કાર્ય ચેતના નજ બની શકે, પણ તેનાથી અલગ તત્ત્વના જ ધર્મ અને કાર્યરૂપ બની શકે. એ તત્ત્વ જ આત્મતત્ત્વ છે.

ધર્મના બે પ્રકારો છે ૧ સામાન્ય અને ૨ વિશેષ.

૧સત્ત્વાદિ સામાન્ય ધર્મો છે. ૨કઠિનત્વાદિ વિશેષ ધર્મો છે, ૧સામાન્ય ધર્મો હરેકના સમાન હોય. ૨વિશેષ ધર્મો સહુના અલગ અલગ હોય.

પૃથ્વી આદિ ભૂતોના ૧સત્ત્વાદિ એ સામાન્ય ધર્મો છે. અને ૨કઠિનત્વાદિ એ વિશેષ ધર્મો છે.

ચેતના ભૂતધર્મરૂપ હોય તો સામાન્ય યા વિશેષ ધર્મરૂપ હોય તેથી તેનું પ્રત્યેક ભૂતમાં પ્રત્યક્ષ થવું જોઇએ.

જેમ 'સતી પૃથ્વી, સત્ જલં' ઇત્યાદિ પ્રતીતિથી પૃથ્વી આદિ પ્રત્યેક ભૂતમાં સત્ત્વરૂપ સામાન્ય ધર્મની પ્રતીતિ અનુભવસિદ્ધ છે. તેમ પ્રત્યેકભૂતમાં ચેતના સામાન્ય ધર્મરૂપ હોય, તો તેનું ય પ્રત્યક્ષ થવું જોઇએ. તેમજ તે ચેતના ભૂતોનો વિશેષ ધર્મ હોય તો કઠિનત્વાદિવત્ તેનું પ્રત્યક્ષ થવું જોઇએ જેમ '**कठिना पृथ्वी**' ઇત્યાદિ પ્રતીતિમાં કઠિનત્વાદિનું ય પ્રત્યક્ષ થાય છે.

જે જે પ્રત્યક્ષને યોગ્ય હોય, તેની પ્રત્યક્ષજનક સામગ્રી છતાં ઉપલબ્ધિ ન થતી હોય, તો તેનો અભાવ સિદ્ધ થાય છે.

જેમ ભૂતળમાં અમુક કાળે ઘટપ્રત્યક્ષજનક સામગ્રી છતાં ઘટપ્રત્યક્ષ ન થતું હોય, તો ઘટપ્રત્યક્ષાભાવ ઘટાભાવ સાધક બની જાય છે, ભૂતોમાં ય ચૈતન્યનું પ્રત્યેકમાં પ્રત્યક્ષ થતું નથી, તેથી સમુદાયમાં ય થઇ શકે નહિ. કારણ–જે પ્રત્યેકમાં ન હોય તે સમુદાયમાં ય ન હોઈ શકે. પ્રત્યેક યા સમુદિત અવસ્થામાં ચૈતન્ય પ્રત્યક્ષ થતું નથી, તેથી પ્રત્યક્ષ યા સમુદાયાવસ્થામાં ભૂતોમાં ચૈતન્ય ન હોય. ચૈતન્ય પ્રત્યક્ષયોગ્ય હોઇ તેનો પ્રત્યક્ષભાવ ચૈતન્યાભાવસાધક બની શકે.

સાથે જ ભૂતો કઠિનરૂપ અને જડરૂપ છે, એ વાત પ્રત્યક્ષસિદ્ધ છે. જ્યારે ચેતના તો તદ્રૂપ નથી. તેથીજ ચેતના જડ ભૂતોનું કાર્ય કેમ હોય? કારણ સર્વદા કાર્યને અનુરૂપ જોઇએ. શાલિબીજ યવઅંકુરનું કારણ ન હોય. તેમજ ચૈતન્ય પણ જડનું કાર્ય ન હોઇ શકે.

( આ વિષય ઉપર સૂક્ષ્મતાભરી ઘણી ચર્ચાએ છે પણ તેને સ્પર્શતા બીજો ગ્રંથ બની જાય, જેથી અહિં અમે આપી શકયા નથી. )

આ રીતે ચૈતન્ય ભૂતોના ધર્મ યા ભૂતોનું કાર્ય બની શકતું નથી, ચૈતન્યનું અસ્તિત્વ તો છે જ, તેનો આધાર પણ હોય જ. તેથી શરીરથી ભિન્ન પરલોકાનુયાયી ચેતનતત્ત્વ સિધ્ધ થાય છે.

એજ રીતે કર્મની પણ સિદ્ધિ થાય છે કારણ-પ્રતાપ, ઉદ્યમ અને સાહસ સમાન હોવા છતાં, અમુક જ કાર્ય સિધ્ધ કરી શકે છે, તેમાં પૂર્વકૃત કર્મ વિના બીજું કોણુ કારણુ હોય ?

આ જગતમાં જીવોને, અનેક પ્રકારના શરીરાકૃતિવાળા, વર્ણ-ગંધવાળા, અતિશાયિ પ્રભાવવાળા, જુદીજુદી જાતિવાળા અને જુદાજુદા સ્વભાવવાળા, ચિરંતન કર્મ વિના બીજું કોણુ કરી શકે? નવ માસ સુધી ગર્ભની અંદર કલલાદિરૂપ અનેક ભેદોથી વધારી જીવને ગર્ભથી બહાર કર્મ વિના કોણુ કાઢી શકે છે !

સર્વજ્ઞની પણુ સિધ્ધિ થઇ શકે છે !—

પ્રત્યક્ષાદિ પ્રમાણોનો બાધ નહિ હોવાથી વીતરાગ સર્વજ્ઞનું અસ્તિત્વ સિધ્ધ થઇ શકે છે. આગમચક્ષુદ્વારા સંતોને તે સુવિદિત છે. પૂર્ણજ્ઞાનમાં રાગાદિ આવરણો છે. જેથી તે આવરણોનો તદુત્પાદક કારણુના નાશથી સર્વથા નાશ થાય છે જેમ કાષ્ઠાદિના વિયોગથી વહ્નિ નાશ પામી જાય છે, અથવા મેઘપડલ જેમ ખર પવનથી નષ્ટ થઇ જાય છે. એ આવરણુના નાશમાં પૂર્ણજ્ઞાન સ્વરૂપ સહજતઃ પ્રગટે છે.

જેનું તારતમ્ય અનુભવસિધ્ધ હોય, તેનો પ્રકર્ષ પણ અંતિમ હોઈ શકે. જેમ પરિણામનું તારતમ્ય છે. તેથી તેનો અંતિમ પ્રકર્ષ આકાશમાં વિશ્રાન્ત છે, તેમ જ્ઞાનનું ય તારતમ્ય અનુભવસિદ્ધ છે. તેથી તેનો પ્રકર્ષ પણ સર્વજ્ઞમાં વિરામ પામે છે.

આ રીતે સર્વજ્ઞની પણુ સિદ્ધિ થઈ શકે છે.

આ સઘળાનું ય તાત્પર્ય એમ થયું કે-સ્વપ્નદર્શનાદિ ભૂતનિમિત્તક નથી, પણ આત્મહેતુકજ છે.

જેમ યોગનું દિવ્યદર્શનાદિ ફળ છે તેમ અન્ય પણ ફળો છે. જેને માટે ગ્રંથકાર મહર્ષિ જણાવે છે કે—

**किं चान्ययोगतः स्थैर्यं, धैर्यं श्रद्धा च जायते ।**
**मैत्री जनप्रियत्वं च, प्रातिभं तत्त्वभासनम् ॥५२॥**

સ્થૈર્ય, ધૈર્ય, શ્રદ્ધા, મૈત્રી, જનપ્રિયતા, અને પ્રતિભાજન્ય તત્ત્વજ્ઞાન પણુ યોગનાં ફળ છે.

સ્વીકૃત ધર્મનો નિર્વાહક સ્થિરીભાવ, તે સ્થૈર્ય છે. વ્યસનરૂપ વજ્રપાતમાં ય પ્રકૃતિની અચલતા, તે ધૈર્ય છે. તત્ત્વમાર્ગાનુગામિની રુચિ, તે શ્રદ્ધા છે. પ્રાણિમાત્ર વિષયક મિત્રભાવ, તે મૈત્રી છે, શિષ્ટ મહાશયોનો વલ્લભભાવ, તે જનપ્રિયતા છે. સહજ પ્રતિભાજન્ય જીવાદિ તત્ત્વાવલોકન તે પ્રાતિભતત્ત્વભાસન છે. (૫૨) એવાં બીજાં પણુ યોગનાં ફળો ગ્રંથકાર મહર્ષિ જણાવે છે—

**विनिवृत्ताग्रहत्वं च, तथा द्वन्द्वसहिष्णुता ।**
**तदभावश्च लाभश्च, बाह्यानां कालसंगतः ॥५३॥**

આગ્રહની વિનિવૃત્તિ, ઇષ્ટાનિષ્ટાસંયોગવિયોગજન્ય દુઃખ સહિષ્ણુતા, દુઃખનો અભાવ અને બાહ્ય સુખાદિનો સમયયોગ્ય લાભ તે પણુ યોગનું જ ફલ છે.

યોગની પ્રાપ્તિમાં વિપરીત અર્થનો મિથ્યાભિનિવેશ ન હોય. કારણુ-ગાઢ મિથ્યાત્વ નથી, તેથી કુતર્ક નથી, અવશ્યભોગ્ય કર્મના વિપાકોદયથી પ્રાપ્ત થયેલ ઈષ્ટવિયોગ અને અનિષ્ટસંયોગાદિરૂપ કષ્ટોની સમ્યક્તયા સહનશીલતા પ્રાપ્ત થાય છે કારણુ-સમજ છે કે કૃતકર્મ-ઉદયગત થાય જ. તેનો ભોગ શાન્તિથી જ કરવો જોઇએ. વ્યસનોનો વિનાશ પણુ થઇ જાય, કારણુ-યોગ જેમ જેમ શુદ્ધ થઈ જાય તેમ તેમ તેની શક્તિના પ્રભાવે કષ્ટ-દુઃખ સંપાદક અપાયોનો પ્રાયઃ વિનાશ થઇ જાય છે. એથી ય વધુમાં સંસારદશામાં ય પોતાનો સમાધિ-શાંતિથી નિર્વાહ થાય, તેવા સાધનોનો ય તે તે કાલાનુસાર લાભ થાય છે.

ઉત્તમ કાર્યનો સાધક સંસારમાં કેમજ દુઃખી હોય ! સિવાય, માત્ર નિકાચિત-અવશ્યભોગ્ય કર્મોદય ? ૫૩

વળી યોગનાં બીજાં પણુ ફળો ગ્રંથકાર જણાવે છે—

**धृति क्षमा सदाचारो, योगवृद्धि शुभोदया ।**
**आदेयता गुरुत्वं च, शमसौख्यमनुत्तरम् ॥५४॥**

ધૃતિ, ક્ષમા, સદાચાર, યોગવૃદ્ધિ આ ચારેય શુભોદયપ્રદ હોય તેમજ આદેયતા , ગૌરવ અને અનુપમ સમતાસુખ પણુ યોગનાં ફળ છે.

યોગદશા પ્રાપ્ત થાય, ત્યારે ચ્હાય તેવું વસ્ત્ર, પાત્ર, ભોજન આદિ મળે, તો ય માત્ર નિર્વાહનું જ નિમિત્ત માની સંતોષ રાખે, પણ મનમાં કચવાય નહિ, દુભાય નહિ યા વલોપાત ન કરે, તે [1]**ધૃતિ** છે. પોતાના સાચા યા જુઠ્ઠા દોષોનું શ્રવણ કરવાથી વાસ્તવિક તત્ત્વવિચારણા યા ક્રોધાદિકનું ફળ વિચાર્યા સિવાય, જે અંતઃકરણમાં યા બાહ્ય સ્ફુટરૂપે કોપોદય થવાથી વિકૃતિ થાય, તેનો નિરોધ તે [2]**ક્ષમા** છે. આત્માને વિકૃત ન થવા દેવો. દરેકનો ઉપકાર કરવો, દરેકને ઉદ્દેશી પ્રિયવચન ઉચ્ચારવું, નિખાલસ-નિઃસ્વાર્થ ઉચિત પ્રેમ દર્શાવવો-ધરાવવો ઇત્યાદિરૂપ સહૃદય-સજ્જનની સચ્ચેષ્ટા તે [3]**સદાચાર** છે. સમ્યગ્દર્શનાદિરૂપ મુક્તિબીજનો ઉત્કર્ષ તે [4]**યોગવૃદ્ધિ** છે. આ ચારેય પ્રશસ્તફળ લાભના અવન્ધ્ય હેતુ છે, અન્યદ્વારા પોતાનાં વચન અને વર્તનાદિની આદરણીયતા, તે **આદેયતા** છે. બીજાઓ એના પડતા બોલને ઝીલે એને આવકારે-અપનાવે. સર્વત્ર આદર-સત્કાર, સન્માન, ગૌરવ થાય, તે **ગુરુતા** છે. કષાયવિષયજન્ય દોષ અતિમન્દ થવાના કારણે આંતર નિર્મળ સુખ પ્રાપ્ત થાય, તે **પ્રશમસુખ**. એ સુખ આત્મિક હોઇ, શમજન્ય-સમાધિજન્ય હોઇ, વિષયભોગના સુખથી અતિશયિત આનંદપ્રદ છે. આથીજ **પ્રશમરતિ પ્રકરણમાં** જણાવ્યું છે કે-

**निर्जितमदनानां वाक्कायमनोविकाररहितानाम् ।**
**विनिवृत्तपराशाना-मिहैव मोक्षः सुविहितानाम् ॥**

જે મહાત્માઓએ જાત્યાદિ મદો ત્યજી દીધા છે, કામવાસનાનો નિગ્રહ કર્યો છે. અને આત્મારામમાં મસ્ત બની જેઓએ પર-પુદ્ગલ ભૌતિકસુખની આશાજ દૂર કરી છે તે જ્યોતિર્ધરવિભૂતિઓને સંસારમાં જ મોક્ષ છે. અર્થાત્ ભવ જ મુક્તિરૂપ છે.

ગ્રંથકાર મહર્ષિએ ઉપરના ત્રણેય શ્લોકોમાં 'ચ'કારનો ઉપયોગ કર્યો છે, તે યોગનાં ફળોનો સમુચ્ચય જણાવનારો છે.

આગળ વધતાં ગ્રંથકાર મહર્ષિ જણાવે છે કે-

**आविद्वदङ्गनासिद्ध-मिदानीमपि दृश्यते ।**
**एतत्प्रायस्तदन्यत्तु, सुबह्वागमभाषितम् ॥५५॥**

આ કલિયુગમાં ય આ રીતે યોગનું ફળ આબાળ-ગોપાળ પ્રખ્યાત છે. આના જેવું બીજું પણ વિશિષ્ટ ફળ, તે તે આગમમાં ઠીક ઠીક રીતે વર્ણવેલું છે.

સુષમદુઃષમ નામના ચોથા આરામાં તો લોકો પુણ્યશાળી હોઇ, યોગફળ જણાય એમાં નવાઈ નથી. પણ કલિયુગમાં ય પૂર્વોક્ત યોગફલ આબાલગોપાલ પ્રસિદ્ધ છે. ઉક્ત ફળ સિવાય બીજું પણ આમર્ષૌષધિ, જંઘાચારણલબ્ધિ, વિદ્યાચારણલબ્ધિ આદિક ઋદ્ધિ પ્રાપ્તિરૂપ વિધવિધફળ **આવશ્યક નિર્યુક્તિ** આદિ આગમોમાં દર્શાવ્યું છે.

આમર્ષ ઓષધિ, વિપ્રુટ્ ઓષધિ, શ્લેષ્મઓષધિ, મલઓષધિ, સંભિન્નશ્રોતોલબ્ધિ, ઋજુમતિ, સર્વૌષધિ, ચારણવિદ્યા, આશીવિષ, કેવલજ્ઞાની, મનઃપર્યાયજ્ઞાની, પૂર્વધર, તીર્થંકર, ચક્રવર્તી બલદેવ અને વાસુદેવ.

આ બધીય સામગ્રી યોગના ફળરૂપ છે.

[ ચાલુ ]

## તપરૂપી અદ્ભૂત કલ્પવૃક્ષનું:—

સન્તોષ એ મજબૂત મૂળ છે. શાન્તિ એ વિસ્તૃત થડ છે. પાંચ ઇંદ્રિયનિરોધ એ વિશાળ શાખા-ડાળી છે. અભયદાન એ પાંદડાં છે. શીલ-ચારિત્ર્ય એ પલ્લવો-અંકુરાઓ છે. સ્વર્ગપ્રાપ્તિ એ પુષ્પ છે. શિવસુખપ્રાપ્તિ એ ફળ છે.

( તપોરત્નમહોદધિ )

પલ્યોપમથી કાંઇક અધિક આયુષ્ય જીવ પચીશ શ્વાસોશ્વાસના (ચંદેસુ નિમ્મલયરા સુધી લોગસ્સના) કાઉસ્સગ્ગમાં બાંધે.

નવકારના અઠ શ્વાસોશ્વાસ થાય છે. અને લોગસ્સના પચીશ પાદના પચીશ શ્વાસોશ્વાસ ગણાય છે. આ કાઉસ્સગ્ગ એક ચિત્તે ઓગણીશ દોષ સમજીને, ટાળવાનો બરાબર પ્રયત્ન કરીને, કરવામાં આવે તો અવશ્ય લાભ મળે.

૧૬ જેમ ધર્મમાં ઉદ્યમ કરનારને, શ્વાસોશ્વાસ ઘડી, મુહૂર્ત્ત, પહોર, દિવસ, રાત્રિ, પક્ષ, માસ, ઋતુ, અયન, વર્ષ, યુગ, શતવર્ષ વગેરે કાળમાં ધર્મની આરાધનાને અનુસારે, શુભ આયુ વગેરે પુન્ય પ્રકૃતિઓ બંધાય, તેવી રીતે, હિંસાદિ પાપમાં લયલીન રહેનાર જીવોને, ક્ષણેક્ષણે નરક વગેરે અશુભ આયુષ્ય, અશાતા વેદનીય, દુર્ભાગ્ય, અપયશ, વગેરે અશુભ કર્મપ્રકૃતિઓ બંધાય એથી આ ભવમાં અથવા પરભવમાં જીવ ઘણાં દુઃખ પામે, આવું સમજીને, શ્રી જિનેશ્વરભગંતોએ ભાખેલ, દયામૂલ ધર્મમાં હે જીવ ! તું સદાય ઉદ્યમ કર. એકક્ષણ માત્રપણ ધર્મને ભૂલીશ નહિ. જે ક્ષણો ધર્મની આરાધના વિનાની જાય, એ ક્ષણોમાં મોહાદિ ધાડપાડુઓએ મને ભરબઝારે લુંટી લીધો છે, એમ માનજે. જ્યારે જ્યારે વિષય, આરંભ અને પરિગ્રહના કીચડથી ભરેલા સંસારના વિચિત્ર વાતાવરણથી બચીને, પરમાત્માના ધર્મમાર્ગમાં આવવાનું બને, એ પળોને ધન્ય માનજે. ત્રણે કાળમાં એક શ્રી જૈનધર્મ જ જગતના સર્વ જીવોને સાચી શાંતિ આપનાર છે, સાચો રાહ બતાવનાર છે. એનું શરણું સદા સ્વીકારજે.

# ૧૬ ના ૧૬ કોડ.

## પૂ૦ મુનિરાજ શ્રી જયપદ્મવિજયજી મહારાજ

શ્રી સર્વજ્ઞભાષિત ધર્મ પરમમંગળ છે. સર્વ દુઃખને હણનાર છે. દાન, શીલ, તપ અને ભાવના. એમાં દાનધર્મ સર્વથી શ્રેષ્ઠ છે; કારણ કે ધર્મના ચારે ભેદોમાં અંતરંગપણે તે સમાયેલ છે. દાન માટે ધન ન્યાયસંપન્ન હોવું જોઈએ. વસ્તુ નિર્દોષ અને પાત્ર શુધ્ધ જોઇએ. એ ત્રણે મળે તો અપરંપાર ફળ મલે છે. ભૂતકાળમા બનેલ એક પ્રસંગ આને અંગે છેઃ-

કલિંગ દેશમાં કાંચનપુર નામે નગર છે. ત્યાં લક્ષ્મીસાગર શેઠ છે. તેને લક્ષ્મીવતી સ્ત્રી અને 'લક્ષ્મીચંદ્ર" નામે પુત્ર હતો. અવસરે તે લક્ષ્મીચંદ્રના લગ્નપ્રસંગે શેઠે ઘણો દ્રવ્યો મેળવીને જુદી જુદી જાતના લાડવા બનાવીને ઓરડા ભરી રાખ્યા. એક દિવસે શેઠ જિનેશ્વરની પૂજા કરતા હતા તે વખતે મધ્યાહ્ન સમયે સાધુઓએ પધારીને "ધર્મલાભ" આપ્યો. તે સાંભળી શેઠે પૂછયું કે, 'ઘરમાં કોણ વહોરાવનાર છે ?' તે વખતે લક્ષ્મીચંદ્રે જવાબ આપ્યો. શેઠે કીધું કે–કોણ સૂરિમહારાજ પધાર્યા છે ? કેટલો પરિવાર છે ? સાધુને પૂછી તેણે કીધું. કે, 'શ્રી ધર્મઘોષસૂરિજી ૫૦૦ સાધુઓ સાથે પધાર્યા છે.' શેઠે કહ્યું કેઃ–

'પંથથી શ્રાંત થયેલા, ગ્લાન, આગમ અવગાહવાળા, લોચ કરાવ્યો હોય તેવા તથા ઉત્તરપારણાવાળાને વહોરાવવાથી બહુ ફળ થાય છે.

માટે હે વત્સ ! સાધુઓને ૧૬ લાડવા અને ૪–૫ સાધુઓને થાય તેટલો આહાર દે,

આપણા ઘરને યોગ્ય દાન દેવું જોઇએ. પછી લક્ષ્મીચંદ્રે 'એમ' કહીને નીચે જઈ વિચાર્યું કેઃ- પિતાએ ૧૯ લાડવા કીધા છે, પરંતુ સાધુઓ તો ઘણાં છે. મારા વિવાહ માટે તો હજારો લાડવા કરાવેલા છે, તે તો અવિરતિ અને મિથ્યાત્વી એવા સંસારી જીવો ખાઇ જશે. આ નિઃસ્પૃહી તપસ્વીઓ રત્નપાત્રતુલ્ય છે, મહાપુન્યના ઉદયવડે જ તેઓનો યોગ મળે છે. સાધુઓ તો આહાર કરીને સ્વાધ્યાય, ધ્યાન, તપ જપાદિકમાં પ્રવર્તશે ! સંસારી જીવો તો ભારે આહાર કરીને વિશેષ રીતે વિષયાદિકમાં પ્રવર્તશે, તેથી મારા વિવાહ માટે કરાવેલ લાડવા આ સાધુઓને વહોરાવીશ તો તે આ ભવ અને પરભવમાં મને ઘણો લાભ આપનાર થશે; ભક્તિથી હું અધિક આપીશ તો લાભ મને જ થશે; વૃદ્ધો તો પ્રાયે કૃપણ હોય છે.

આજે મારા મહાભાગ્યનો ઉદય થયો કે જેથી વિવાહના અવસરે લાડવાના ભરેલ ગૃહમાં નહિ આમંત્રેલા પણ જંગમ કલ્પવૃક્ષ જેવાં સાધુઓ પધાર્યા છે. જન્મદરિદ્રીના ઘરમાં કામધેનુનું આગમન થાય તેવી રીતે આવું અતર્કિત લાભનું સ્થાન મળે તેને કોણ મૂકી દે ?

આ પ્રમાણે સદ્‌વિચારની વૃદ્ધિથી પ્રફુલ્લ હૃદયવાળા અને રોમાંચિત શરીરવાળા તેણે હર્ષપૂર્વક એક થાળમાં જેટલા ભરાયા એટલા લાડવા ભરીને બન્ને હાથેથી ઉપાડીને સાધુને હસતા મુખથી વહોરાવતાં કહ્યું કેઃ—

હે સ્વામી! મારી પર કૃપા કરી આ લાડવા સ્વીકારો.' ત્યારે સાધુએ ઉપયોગ દઇને આગમ અનુસારી શુદ્ધ આહાર જાણી કહ્યું કે– 'દેવાનુપ્રિય ! આટલા બધાનું શું કામ છે ? આમાંથી યથાયોગ્ય વહોરાવ. વધારેનું પ્રયોજન નથી. કોઇને અંતરાય થાય નહિ તેમ કરજે.

લક્ષ્મીચંદ્રે કહ્યું કે– 'સ્વામિન્ ! અંતરાય તો હવે તુટેલો છે, કેમકે મારા જેવા રંકને ત્યાં આપના પગલા થયા. મારી હોંશ પૂરી કરો, પાત્ર પસારી મને આપ ભવસમુદ્રમાંથી તારો.'

આ પ્રમાણે તેનો અતિભાવનો ઉલ્લાસ જાણીને તે નિઃસ્પૃહી મુનિઓએ 'આના ભાવનો વ્યાઘાત ન થાઓ ' એવા હેતુથી પાત્ર પ્રસાર્યું. પછી કુમારે પોતાના બંને હાથ વડે થાળ ઉપાડી ને પરમ પ્રીતિ વડે પાત્રમાં તથા ઝોળીમાં તે લાડવા નાંખવા માંડયા. સાધુઓએ ઘણા થયા–ઘણા થયા. તેમ કહ્યું, તો પણ સર્વે લાડવા તેણે વહોરાવી દીધા. કુમારના હૃદયમાં હર્ષ સમાતો ન હતો. ! મોટી કૃપા. મારો ભાવ ખંડિત કર્યો નહીં. એ રીતે વિચારી, સાત આઠ પગલા સુધી વળાવી વંદના કરી ખૂબ અનુમોદના કરીને ઘણું પુણ્ય ઉપાર્જન કર્યું. પૂજા પૂર્ણ થતાં શેઠે પૂછયુંઃ–

કેટલા લાડવા વહોરાવ્યા ?' લક્ષ્મીચંદ્રકુમારે કહ્યું હા આપ્યા. તે વખતે શેઠે પરિમિત ભાવથી પરિમિત પૂણ્ય ઉપાર્જન કર્યું. અધ્યવાસાયની વિચિત્ર ગતિ છે. પુત્રે અપરિમિત ભાવોલ્લાસથી તથા પાત્રના બહુમાનથી અમિતપુન્ય ઉપાર્જન કર્યું. ગંભીરપણાથી તેણે કોઇને કહ્યું નહિ. બન્નેનું આયુષ્ય પૂર્ણ થયું. એટલે સૌધર્મ દેવલોકમાં બન્ને દેવ થયા. ત્યાંથી ચ્યવીને પિતાનો જીવ ધર્મદત્ત થયો અને ૧૯ લાડવાની ભાવનાથી સોળ ક્રોડ સોનૈયાનો તે નાયક થયો, વધારે મળ્યું નહિ.

પુત્રનો જીવ તે રાજા થયો અને પૂર્ણ ભક્તિથી દાન આપવા વડે અધિકતરપુન્ય ઉપાર્જન કરવાથી અક્ષય સુવર્ણપુરૂષ તેને પ્રાપ્ત થયો. અને તેથી પૃથ્વીને રૂણમુક્ત કરી શકયો. આ પ્રસંગથી આજના ઘણા પ્રશ્નોના ઉત્તર મળી જાય છે. શક્તિપ્રમાણે ખૂબ ભાવથી દાન આપો.

# ભૂખ અને તૃપ્તિ

## પૂ૦ મુનિરાજ શ્રી ભદ્રંકરવિજયજી મહારાજ—અમદાવાદ

ભૂખ એક એવી વિકરાળ બીમારી છે કે તેને શાંત કરવા માણુસ જેમ જેમ ભોજન કરે છે તેમ તેમ તે વધતી જ જાય છે, છતાં ભોજન વિના જીવાતું નથી. જીવન માટે ભોજન જરૂરી છે પણુ ભોજન એવું વિષમ કાર્ય છે કે જો તે લેવાની કળા મેળવ્યા વિના લેવામાં આવે તો જીવલેણુ બને છે અને પુનઃ આગામી ભવમાં એવી આતસ પેદા કરે છે કે–ગમે તેવું–તેટલું ખાવા છતાં તૃપ્તિ થતી નથી.

જગતમાં ઘણુા જીવોની ભૂખની આતસ એવી છે કે–તેને જોઇને સાચો જ્ઞાની ભોજનનો વિરાગી બની જાય છે, વિકરાળ ભૂખને વશ થયેલો જીવ જો ભોજનની કળા (જ્ઞાન)ને પ્રાપ્ત કર્યા વિના જ્યારે ગમે ત્યારે, ગમે તે વસ્તુ ખાતો થઈ જાય છે તો તેના દૃઢ અભ્યાસથી ખાઉં ખાઉં કરતો એ ભવાન્તરમાં ભયંકર રાક્ષસ પણુ બને છે. કુતરાંના અને ભુંડોના ભવોમાં પણુ ખાવાની પ્રકૃતિ વિવેક વિનાના ભોજનનું ફળ છે. જીવે અનાદિ કાળથી ભૂતકાળમાં અનેકાનેક ભિન્ન ભિન્ન યોનિઓમાં અવતાર લીધા છે, આજે એની નજરે દેખાતા કે નહિ દેખાતા અન્ય જીવોના અવતારો એ એના જ ભૂતકાલીન ભવોના (જીવનના) નમુના છે, દૃષ્ટાન્તો છે.

એણે સિંહ જેવા વિકરાળ અવતારો લઈ જીવતા ને જીવતા થરથરતા–ધ્રુજતા પશુઓને અને માણુસોને ખાધા છે, ભુંડના કે કુતરાં ગધેડાંના ભવોમાં વિષ્ટાઓ ખાધી છે, મરેલાં જીવોનાં દુર્ગંધથી ભરેલાં મુડદાંઓનાં હાડકાં અને માંસ ખાઇ–ખાઇને એ રાચ્યો છે, નરક જેવી માઠી ગતિમાં સાગરોપમો (અનંતાકાળ) સુધી ભૂખે મર્યો છે, એમ ભૂખે એને પારાવાર રીબાવ્યો છે.

આજ પૂર્વે અનંતા કાળમાં એણે કેટલું અને શું શું ખાધું છે, એને સમજવા માટે તે જરા દુનિયા સામે દૃષ્ટિપાત કરીને ભૂખની ભયંકરતાનું જ્ઞાન મેળવે તો એને જીવનભર વાંચેલું સાહિત્ય જેટલો સચોટ બોધ આપે એથી કદાચ વધુ બોધ મળશે. એવાં આકરાં ભુખતૃષાનાં કષ્ટો સહન કરીને એ કોઇ અગમ્ય કારણે મનુષ્ય બન્યો છે.

અહીં પણુ જન્મ્યો, અરે માતાના ગર્ભમાં આવ્યો ત્યારથી એનું એ ખાવાનું કામ ચાલુ છે, નથી એને કોઈએ ઉપદેશ કર્યો કે નથી એને કોઈએ ભણુવ્યો, ગર્ભના અદૃશ્ય ભાવોને કદાચ બાજુમાં રાખીએ તો પણુ જન્મ્યો તે જ કાળે તે ખાઉં ખાઉં કરતો રડતો જ રહ્યો, માતાએ તેના મુખમાં સ્તનને મુકતાંની સાથે એમાંથી એ ચુસવા લાગ્યો, ગટગટ તેનું દુધ ગળે ઉતારવા લાગ્યો એ એને કોણે ભણાવ્યું હતું ?

ભલા માનવ! વિચાર કર, તું બુદ્ધિમાન છે, ત્હારી બુધ્ધિનો તું ત્હારા માટે ઉપયોગ નહિ કરે તો તું બુધ્ધિમાન કેમ કહેવાઇશ? તું આજે જગતમાં જે જોઇ રહ્યો છે તે એક કાળે ત્હારા જ રૂપો હતાં. ત્યાંનો ત્હારો એ ખાવાનો અભ્યાસ આ ભવમાં જન્મતાં જ તને ખાઉં ખાઉં કરાવતોજ રહ્યો, આજ સુધી તેં ખાવામાં ખામી રાખી નથી, ગળા સુધી ખાધું, જે મલ્યું તે ખાધું, રાત દિવસનો વિચાર કર્યા વિના ખાધું, ત્યાં તને ભક્ષ્ય અભક્ષ્યનો તો વિચાર ભાગ્યે જ આવ્યો હશે, પણુ વારૂ, આમ કરીને તું શું ફળ મેળવીશ? તને એમ લાગે છે કે તું અનંતો કાળ ખાધા

કરે તો પણ તને તૃપ્તિ થાય? વિચાર, દીર્ઘ-દૃષ્ટિએ વિચાર, ત્હારી પોતાની બુદ્ધિથી વિચાર, અને નક્કી કર, કે આમ કરવામાં ત્હારૂં ભૂખનું દુઃખ મટશે કે વધશે? અગ્નિમાં લાકડાં નાખવાથી એ કદી શાંત ન થાય તેમ જઠરાગ્નિમાં આહાર પૂરતા રહેવાથી એ કદી શાન્ત નહિ થાય.

ભૂતકાળ તો ત્હારી દૃષ્ટિ-સ્મૃતિથી પર છે વર્તમાનભવને વિચારીશ તો પણ તને સમજાશે કે એ આહારસંજ્ઞાની (ભૂખની) બીમારીએ તને અનેક વાર જૂઠ બોલાવ્યું હશે, ક્રોધ કરાવ્યો હશે, માયા પ્રપંચ કરાવ્યા હશે, રાગ-દ્વેષ કરાવ્યા હશે, એવું તો ઘણું ઘણું કરાવ્યું હશે, તું સાધુ હોય તો વિચારજે એ ભૂખની બીમારીએ તને પ્રતિજ્ઞાથી ભ્રષ્ટ કર્યો હશે, એષણાસમિતિની બેદરકારી કરાવી હશે, ગુરુઓ, ગુરુભાઈઓ જેવા ઉપકારીઓ અને ત્હારે શરણે આવેલા શિષ્યો જેવા આશ્રિતોની સાથે પણ ભૂલો ન કરાવી હોય કે ગૃહસ્થોની સાથે પણ દીનતા કે એવી શરમજનક પ્રવૃત્તિઓ કરાવી ન હોય તે બદલ તને ધન્યવાદ, ક્રોડો ધન્યવાદ! તને ત્હારા પોતાના આ ભવના ઈતિહાસમાંથી પણ ઘણું ઘણું સમજવા મળશે.

આ રીતે એ બીમારીથી પરાજિત થવા છતાં જો હજુ પણ તું નહિ જાગે તો ત્હારૂં ડહાપણ શું કામ લાગશે? વિચાર, શ્રી વીતરાગનું ત્યાગપ્રધાન શાસન તને મલ્યું છે, તેમાં અનશનાદિ તપનું વિધાન છે, એને તું ઓળખ, ત્હારી આ ભયંકર બિમારી કે જેને આજ સુધી અનેક પ્રયત્નો કરવા છતાં તું શાન્ત નથી કરી શક્યો તેનું સાચું અને સફળ ઔષધ તપ છે, એ તને બધાં પાપોનાં મૂળભૂત આ બિમારીમાંથી બચાવી ત્હારી શાશ્વતી તૃપ્તિને-ઇષ્ટ સિદ્ધિઓને સાધી આપશે.

એ પ્રારંભમાં આકરું અને અકારૂં લાગશે, કારણ કે ઔષધ છે, તે રોગીને મીઠું ન લાગે, પણ જેમ જેમ રોગ ઘટે તેમ તેમ ઔષધનો આદર વધે અને આદર વધે તેમ તેમ રોગ ઘટે, તેમ તપ તારી બીમારી આકરી હોવાથી આકરૂં લાગશે, છતાં શ્રદ્ધા રાખીને ચાલુ રાખીશ તો ત્હારી બીમારી ઘટતી જશે અને તપનો આદર વધતો જશે, એમ કરતાં સર્વથા બીમારીને શાન્ત કરી તને અજરામર બનાવશે.

આ ત્હારા ભૂતકાળના અનંતા જન્મ-મરણો અને અકથ્ય અગણિત વ્યાધિઓ, પશુઓના નારકીના અવતારો, તથા ત્યાં ત્યાં ખેલાએલા દુરાચારો, બધાયનું મૂળ આ બીમારી છે, તેને કબજે કર્યા વિના સંસારમાં તને કયાંય સાચી શાન્તિ મળવાની નથી, આ છે તારા સંસારનું-અનંતા દુઃખોનું મૂળ નિદાન. ત્યાગ, તપ, વૈરાગ્ય એ છે એનું સાચું સફળ ઔષધ.

તું એ જોઇ શકીશ કે એક દિવસ એક ટાઈમ પણ ભૂખ્યા નહિ રહેનારા, રાત-દિવસ ભક્ષ્ય-અભક્ષ્યના વિવેક વિના ખાઉં ખાઉંની બીમારીમાં વશ પડેલા પણ કેટલાય મનુષ્યો આજે એ ઔષધનું પ્રેમપૂર્વક સેવન કરે છે, અહિં નાઓ અને વરસો સુધી આયંબીલ કરી નિરસ-વિરસ ખાઇ જીવન ચલાવી રહ્યા છે, તે પણ આદર અને પ્રસન્નતાપૂર્વક. ત્હારામાં પણ એ બધી શક્તિ છે. માત્ર જરૂર છે આંખ ઉઘાડવાની. ભૂતકાળને જોઈ ભાવીને સુધારવાની ચિંતાની. જો એટલું તું કરીશ તો ત્હારી આંતરિક શક્તિઓનો તો તને સાથ છે જ. વિશ્વાસ રાખ, શ્રદ્ધા રાખી પ્રારંભ કર, ઔષધ અને નિદાન બન્ને સાચાં સચોટ છે, કારણ કે એને બતાવનારા અનંત જ્ઞાનના નિધિ શ્રી તીર્થંકર દેવો છે, એ ઔષધથી અનેકાનેક આત્માઓ બીમારીનો નાશ

# ❁ દ્રવ્યાનુયોગની મહત્તા ❁

## પૂ૦ પંન્યાસજી ધુરંધરવિજયજી ગણિવર.

[ ગતાંકથી ચાલુ ]

### ૨. વિશેષ ગુણ વિચાર—

વિશેષ ગુણો ૧૬ છે. ૧, જ્ઞાન, ૨, દર્શન. ૩, સુખ. ૪, વીર્ય. ૫, સ્પર્શ. ૬, રસ. ૭, ગંધ. ૮, વર્ણ. ૯, ગતિહેતુતા. ૧૦, સ્થિતિહેતુતા. ૧૧, અવગાહનાહેતુતા. ૧૨, વર્તનાહેતુતા. ૧૩, ચેતનત્વ. ૧૪, અચેતનત્વ. ૧૫, મૂર્તત્વ. ૧૬, અમૂર્તત્વ.

આ સોળ ગુણોનું સ્વરૂપ પ્રસિદ્ધ છે. સોળ ગુણોમાંથી પ્રથમના જ્ઞાન, દર્શન, સુખ, અને વીર્ય એ ચાર આત્માના વિશેષ ગુણો છે. સ્પર્શ, રસ, ગંધ અને વર્ણ એ ચાર પુદ્ગલના વિશેષ ગુણો છે. ગતિહેતુતા એ ધર્માસ્તિકાયનો. સ્થિતિહેતુતા એ અધર્માસ્તિકાયનો. અવગાહનાહેતુતા એ આકાશાસ્તિકાયનો અને વર્તનાહેતુતા એ કાળનો વિશેષ ગુણ છે. ચેતનત્વાદિ ચારમાંથી બબ્બે ગુણો ભેળવતાં આત્મા અને પુદ્ગલમાં છ–છ વિશેષ ગુણો અને ધર્માસ્તિકાયાદિમાં ત્રણ–ત્રણ વિશેષ ગુણો રહે છે.

**૧. આત્મા**—જ્ઞાન, દર્શન, સુખ, વીર્ય, ચેતનત્વ, અને અમૂર્તત્વ.

**૨. પુદ્ગલ**—સ્પર્શ, રસ, ગંધ, વર્ણ, અચેતનત્વ અને મૂર્તત્વ.

**૩. ધર્માસ્તિકાય**—ગતિહેતુતા, અચેતનત્વ અને અમૂર્તત્વ.

**૪. અધર્માસ્તિકાય**—સ્થિતિહેતુતા, અચેતનત્વ અને અમૂર્તત્વ.

**૫. આકાશાસ્તિકાય**—અવગાહનહેતુતા, અચેતનત્વ અને અમૂર્તત્વ.

**૬. કાળ**—વર્તના હેતુતા, અચેતનત્વ અને અમૂર્તત્વ. એ પ્રમાણે તે તે દ્રવ્યોના વિશેષ ગુણો છે.

**શંકા**—ચેતનત્વ, અચેતનત્વ, મૂર્તત્વ, અને અમૂર્તત્વ એ ચાર ગુણો પ્રથમ સામાન્ય ગુણોમાં કહેલા છે. વળી અહિં એજ ચાર ગુણો વિશેષ ગુણોમાં ગણાવ્યા છે. સામાન્ય ગુણ એ વિશેષ ગુણ ન હોઇ શકે અને વિશેષ ગુણ એ સામાન્ય ગુણ ન થઇ શકે, તો આ ચારને બન્નેમાં ગણાવ્યા છે એ સમુચિત કઇ રીતે છે ?

**સમાધાન**—અપેક્ષાભેદે બંને સંભવે છે. અનુગત વ્યવહાર કરાવે એ સામાન્ય ગુણ કહેવાય છે. અન્યથી ભિન્નતાને સમજાવે એ વિશેષ ગુણ કહેવાય છે. ચેતનત્વ એ ચેતનમાત્રમાં અનુગત હોઇ સ્વજાતિની અપેક્ષાએ સામાન્ય ગુણ છે, અને અચેતન દ્રવ્યોથી ચેતનત્વ ગુણ ચેતનને ભિન્ન કરે છે એટલે એ વિશેષ ગુણ છે. એજ પ્રમાણે અચેનત્વ, મૂર્તત્વ અને અમૂર્તત્વ પણ છે. આમ અપેક્ષાભેદે ગુણો તેના તે હોવા છતાં તેમાં સામાન્ય ગુણપણું કે વિશેષ ગુણપણું માનવામાં કાંઇ વિરોધ નથી. નૈયાયિકાદિ પણ દ્રવ્યત્વ વગેરેને પરાપર સામાન્ય માને છે. પૃથિવીત્વાદિની અપેક્ષાએ દ્રવ્યત્વ એ પર છે અને સત્તાની અપેક્ષાએ અપર છે.

જ્ઞાન, દર્શન, સુખ, વીર્ય એ ચાર આત્માના વિશેષ ગુણ. સ્પર્શ, રસ, ગંધ, વર્ણ

---

કરીને શાશ્વત સુખને પામ્યા છે. આ ઔષધ મનુષ્ય ભવમાં જેટલું સુલભ છે તેટલું બીજે ક્યાંય નથી, માટે જ મનુષ્ય ભવને ઉત્તમ કહ્યો છે, કે જ્યાં અનાદિકાળની આત્માની બીમારીને નાશ કરનારૂં ઔષધ જીવ કરી શકે છે અને શાશ્વતું આરોગ્ય પામી શકે છે. સમજુને માટે વધારે શું ?

એ ચાર પુદ્ગલના વિશેષ ગુણ એમ જે કહ્યું છે તે સ્થૂલ વ્યવહારથી જાણવું. બાકી– " अष्टौ सिद्धगुणाः, एकत्रिंशत् सिद्धादिगुणाः, एकगुणकालकादयः पुद्गला अनन्ताः " "સિદ્ધના આઠ ગુણો છે. સિદ્ધના આદિ ગુણો એકત્રીશ છે. એક ગુણ કાળા વગેરે પુદ્ગલો અનન્ત છે." વગેરે સૂત્ર–અર્થ વિચારીએ તો વિશેષ ગુણો અનન્તા થાય–એ છદ્મસ્થ કેમ ગણી શકે? વસ્તુસ્થિતિ આ પ્રમાણે છે માટે ધર્માસ્તિકાયનો ગતિહેતુતા એ વિશેષગુણ, અધર્માસ્તિકાયનો સ્થિતિહેતુતા વિશેષગુણ, આકાશાસ્તિકાયનો અવગાહન હેતુતા વિશેષગુણ. કાળનો વર્તના હેતુતા વિશેષગુણ. આત્માનો ઉપયોગ વિશેષગુણ અને પુદ્ગલનો ગ્રહણ વિશેષગુણ. એમ છ દ્રવ્યોમાં છ જ વિશેષગુણ છે અને છના લક્ષણ પણ એજ છે. બાકી અસ્તિત્વ વગેરે સામાન્ય ગુણો તે વિવક્ષાધીન અગણિત–અનન્ત છે. એ વાત કોણ ન સ્વીકારે? "જ્ઞાન-દર્શન–ચારિત્ર તથા તપ, વીર્ય અને ઉપયોગ એ જીવનું લક્ષણ છે. શબ્દ, અંધકાર, ઉદ્યોત, પ્રભા તથા છાયા, વર્ણ, રસ, ગન્ધ, અને સ્પર્શ એ પુદ્ગલોનું લક્ષણ છે" એ પ્રમાણે જે કહેવાય છે તે તો સ્વભાવલક્ષણ અને વિભાવલક્ષણ એ બન્ને પરસ્પર એકબીજા સિવાય રહી શકતા નથી એ જણાવવા માટે છે-વગેરે વિબુધોએ વિચારવું.

પૂ. ઉપાધ્યાયજી મ૦ નો આ માટે આ પ્રમાણે વિશદ ઉલ્લેખ છે–

—तस्माद्- 'धर्मास्तिकायादीनां गतिस्थित्यवगाहनावर्तनाहेतुत्वोपयोगग्रहणाख्याः षडेव अस्तित्वादयः सामान्यगुणास्तु विवक्षयाऽपरिमिता ' इत्येव न्याय्यम्; 'षण्णां लक्षणवतां लक्षणान्सि षडेव ' इति हि को न श्रद्दधीत ? ।

'नाणं च दंसणं चेव, चरित्तं च तवो तहा ।।
वीरियं उवओगो य, एयं जीवस्स लक्खणं ।।१।।
सद्दंधकार उज्जोओ, पभाछाया तहेव य ।।
वण्णरसगंधफासा, पुग्गलाणं तु लक्खणं ।।२।।

इत्यादि-तु-स्वभाव-विभाव-लक्षणयोरन्योऽन्यनान्तरीयकत्वप्रतिपादनाय इत्यादि पण्डितैर्विचारणीयम् ।। '

**૩. સ્વભાવ વિચાર**—ગુણ અને સ્વભાવ એ બન્ને તત્ત્વસ્વરૂપે જુદા જુદા નથી–એકજ છે. અનુવૃત્તિ અને વ્યાવૃત્તિ સમ્બન્ધે ધર્મમાત્રની વિવક્ષા કરીને સ્વભાવને ગુણ રૂપે પંડિતો કહે છે. ગુણમાં પોતપોતાના સ્વરૂપની પ્રધાનતા હોય છે. અનુવૃત્તિ સંબંધ માત્ર અનુસરીને સ્વભાવ કહેવાય છે. એજ મુખ્યતાએ વિચારતાં ગુણ ગણાય છે. એટલે ગુણવિભાગની વિચારણાની સાથે સ્વભાવવિભાગની વિચારણા કરવી ઉચિત છે.

સ્વભાવો સામાન્ય રીતે જે દ્રવ્ય માત્રમાં રહે છે–તે ૧૧ છે.

૧, અસ્તિસ્વભાવ. ૨, નાસ્તિસ્વભાવ. ૩ નિત્યસ્વભાવ. ૪, અનિત્યસ્વભાવ. ૫, એકસ્વભાવ ૬, અનેકસ્વભાવ. ૭, ભેદસ્વભાવ. ૮, અભેદસ્વભાવ. ૯, ભવ્યસ્વભાવ. ૧૦, અભવ્યસ્વભાવ ૧૧, પરમભાવસ્વભાવ.

**૧ અસ્તિસ્વભાવ.** દરેક દ્રવ્ય પોતાના દ્રવ્ય-ક્ષેત્ર, કાલ અને ભાવ સ્વરૂપે અસ્તિસ્વરૂપ ભાવરૂપ છે. કોઇપણ દ્રવ્યનો વિચાર 'એ છે કે નહિં? એ પ્રમાણે કરતાં તેનું નિજસ્વરૂપ વિચારવાથી 'છે' એવો ઉત્તર મળશે અને પરસ્વરુપ વિચારવાથી–એ સ્વરૂપે ' નથી ' એવો ઉત્તર મળશે. એટલે પરભાવે નાસ્તિનો અનુભવ થાય છે, એવોજ અનુભવ સ્વભાવે અસ્તિનો થાય છે. માટે અસ્તિસ્વભાવ દ્રવ્યમાં છે. જો દ્રવ્યમાં એવો સ્વભાવ સ્વીકારવામાં ન આવે તો પર-

ભાવે જે પ્રમાણે નાસ્તિ કહેવાય છે. એ પ્રમાણે સ્વભાવે પણ નાસ્તિ કહેવાય-અને જો એને માન્ય કરી લેવામાં આવે તો વિશ્વમાં કોઇ દ્રવ્ય રહે નહિં. નથી-નથી એ અનુભવ વ્યાપક થતાં સકલ શૂન્યતા થાય માટે સ્વદ્રવ્યાદિની અપેક્ષાએ અસ્તિ સ્વભાવ ખરેખર છે એમ માનવું જોઇએ.

**નાસ્તિસ્વભાવ**-પરદ્રવ્ય-ક્ષેત્ર કાળ ને ભાવની અપેક્ષાએ દરેક દ્રવ્ય નાસ્તિ છે. જો દ્રવ્યમાં નાસ્તિસ્વભાવ ન માનવામાં આવે તો પરદ્રવ્યાદિની અપેક્ષાએ પણ અસ્તિ રહે અને એને સ્વીકારી લેવામાં આવે તો પદાર્થમાં સ્વ-પરનો ભેદ ટળી જાય અને સકલ પદાર્થ એક સ્વરૂપ થઇ જાય. એમ માનવું એ તો સકલ શાસ્ત્રવ્યવહાર વિરૂદ્ધ છે; એટલે પર અપેક્ષાએ નાસ્તિ સ્વભાવ છે.

બૌદ્ધો કહે છે કે-વસ્તુની સત્તા સ્વભાવે જણાય છે માટે સત્ય છે અને અસત્તા તો પોતાનું જ્ઞાન કરાવવામાં પરમુખ નિરીક્ષણ કરે છે એટલે કલ્પનાજ્ઞાનનો વિષય હોવાથી અસત્ય છે, પણ બૌદ્ધોનું એ કથન વ્યાજબી નથી. સત્તાની જેમ અસત્તાનું ભાન તત્કાળ નથી થતું એમાં અસત્તા તુચ્છ છે-કાલ્પનિક છે એમ નથી. પણ તેને વ્યંજકનો યોગ નથી થયો. માટે કોઇ વસ્તુ વ્યંજકને યોગે વ્યક્ત થાય તેથી તેનામાં તુચ્છતા છે એમ માની શકાય નહી. કપૂરનો ગંધ એમને એમ પ્રસરે છે. જ્યારે શરાવલાનો ગંધ અંદર પાણી પડે ત્યારે પ્રસરે છે. એટલે કર્પૂરમાં ગંધ વાસ્તવિક છે અને શરાવલામાં ગંધ કાલ્પનિક છે એમ કહી શકાય નહિં. કેટલાક ગુણ સ્વભાવે જણાય છે અને કેટલાક ગુણો નિયત વ્યંજક મળે ત્યારે વ્યક્ત થાય છે, એ પ્રમાણે વિચિત્રતા સ્વાભાવિક પણ છે. આમ વ્યંજકભાવોને તુચ્છ ગણીને અસત્ય ઠરાવવામાં આવે તો ઘણાં વ્યવહારોનો લોપ થઇ જાય.

'ભાષારહસ્ય'માં પૂ. ઉપાધ્યાયજી મ૦ કહ્યું છે કે-

तें हु ति परावेक्खा, वं जयमुद्दंसिणो त्ति णयतुच्छा ॥
दिट्ठमिणं वेचित्तं, सराव कप्पूरगंधाणं ॥ १ ॥

## ચિત્તવૃત્તિનિરોધ

પ્રખ્યાત તત્વજ્ઞાની પ્લુટાર્કલી ગ્રીક **૧૧૩** વર્ષનું આયુષ્ય ભોગવી કાળ કરી ગયા. તંદુરસ્તી અને દીર્ઘાયુષ્ય સંબંધી તેમના પટ્ટશિષ્યે પ્રશ્ન પૂછયો. ત્યારે જવાબમાં તેઓ બોલ્યાઃ-"તારા પગ તું ગરમ રાખ, અને મિજાજને હમેશાં ઠંડો રાખ. દવા પીવા કરતાં તું **ઉપવાસ** કર. તારી આર્થિક ઉન્નતિ પર તું જેટલું ધ્યાન આપે છે તેટલું તું તારી શારીરિક, માનસિક અને **આધ્યાત્મિક** ઉન્નતિ તરફ આપ." [અખંડ આનંદ]

## મહત્વ.

ઘડિયાળમાં ઝીણાં મોટાં અનેક કમાનો, ચળકતાં જવાહિરો, સ્ક્રૂ અને પટ્ટીઓ હોય છે. એ બધી ચીજો ઘડિયાળ જોનારની નજરે ચડતી નથી. એને તો કાંટા અને કલાકના આંકડા જ દેખાય છે. પણ એ કાંટા અને આંકડાઓનું મહત્વ પાછળ રહેલા એક એક સ્ક્રૂ, કમાન અને ચક્ર પર **નિર્ભર** છે. એમાંનો એક નાનકડો સ્ક્રૂ પણ પોતાને સ્થાનેથી ખસી જાય તો એ કાંટા ચાલતા અટકી પડે અને આંકડાઓ અર્થ વગરના બની રહે. તમે એવા એક નાનકડા સ્ક્રૂ જેવા હો તો પણ જરૂર સમજો કે તમારૂં સ્થાન અગત્યનું છે. એ સ્થાને તમે નહિ હો તો એ આખું ઘડિઆળ ચાલતું અટકી જવાનું છે." [અખંડ આનંદ]

# રે ! જરા, સાંભળતા જાવ !

શ્રી હીરાચંદ સરૂપચંદ સુખડીયા—સુરત.

રે સૂર્ય ! તારા ઉદયથી અંધકાર તો નાશ પામે છે, પણ જરા તારૂં સ્વરૂપ તો જો, રે બાપ ! કેટલું ઉગ્ર છે તારૂં સ્વરૂપ !

જ્યારે શ્રી જિનેશ્વર ભગવાનની વાણીરૂપી પ્રકાશથી અજ્ઞાનરૂપી અંધકાર દૂર થાય છે. એટલું જ નહિ પણ તેમનું સ્વરૂપ પણ કેટલું શાંત, સૌમ્ય અને નેત્રને આહ્લાદક છે.

જા જા, અસ્તાચલમાં તારા મુખડાને સમાવી દે.

રે ચંદ્ર ! તારૂં સ્વરૂપ શાંત અને શીતળ તો છે. પણ તું તો કલંકિત છે 'શીલ વગર સૌંદર્ય શોભતું નથી' એમ તારૂં કલંકિત શીતળ સ્વરૂપ પણ શોભતું નથી.

જ્યારે જિનેશ્વર ભગવાનનું સ્વરૂપ જેટલું શાંત અને શીતળ છે તેટલું જ એમનું ચારિત્ર પણ નિષ્કલંક છે.

જા જા, વાદળીઓ પાછળ તારા કલંકિત મુખડાને છુપાવી દે.

રે રત્નાકર, શાને કાજે તું મોજાં ઉછાળે છે ? તારામાં ગંભીરતા તો છે પણ જરા તારૂં પાણી તો ચાખી જો. ઉફ ! કેટલું ખારૂં છે તારૂં પાણી. બકરીના ગળામાં રહેલા આંચળની માફક તારૂં પાણી પણ નકામું છે. 'દાન વગર લક્ષ્મી શોભતી નથી.'

જ્યારે શ્રી જિનેશ્વર દેવ ગંભીરતાની તો ખાણ છે એટલું જ નહિ પણ જ્ઞાનરૂપી લક્ષ્મીના દાનનો ઝરો અવિરતપણે વહેવડાવી રહ્યા છે.

રે રત્નાકર, તારા મોજાંને તારામાં સમાવી દે.

રે પંકજ ! શાને કાજે તું ઉછળી રહ્યું છે ? પવિત્ર તો છે. પણ તારામાં રહેલા પરાગનું પ્રમાણ કેટલું મર્યાદિત છે. વળી સાયંકાળે થતી તારી સ્થિતિનો તો વિચાર કર. અને જરા થોભ, તારી દૃષ્ટિ નીચી ફેંક, જરા નજર તો કર તારૂં જન્મસ્થળ કેવું છે ? છીઃ છીઃ કેટલું ઘૃણાજનક અને જોતાં જ સુગ ચડે એવું તારૂં જન્મસ્થળ છે."

જ્યારે ત્રિલોકનાથ પરમ કરૂણાસિંધુ શ્રી જિનેશ્વર ભગવાનના ગુણરૂપી પદ્મપરાગનું સુર-નર કિન્નર રૂપી ભ્રમરો અહર્નિશ પાન કરે છે છતાં ઘટતું જ નથી, ચોવીશે કલાક પ્રફુલ્લિત રહે છે એટલું જ નહિ પણ શુદ્ધ બીજના ચંદ્રમાની પેઠે દિવ્ય કાંતિમાં વધતું જ છે, અને વળી જન્મ સ્થળ પણ કેટલું પવિત્ર છે !

જા, જા, દૂર દૂર સરોવરમાં તારી જાતને અદૃશ્ય કરી નાંખ.

રે મેઘ ! આ કડાકા અને ભડાકા શાને કાજે ! શું તું રાજા થવાને યોગ્ય છે ? રાજાને તો રંક-રાય બધાં સરખા. જ્યારે તું તો તદ્દન અન્યાયી છે, રક્ષક બની ભક્ષક બને છે.

જરા દૂર દૂર કચ્છના રણની પેલી પાર તારી દૃષ્ટિ ફેંક, બિચારા મુંગા પશુઓ પાણી વગર તરફડી મરે છે છતાં તારૂં નિષ્ઠુર હૃદય હાલતું નથી.

જરા આમ આવ ! આ આસામ અને ચેરાપુંજી, બિચારા હાથ જોડીને કહે છે કે—હવે કરૂણા કર, આ તારી મેઘધારા બંધ કર. પણ તું શાને સાંભળે ? સત્તાનો મદ છે કેફી પીણા જેવો. એટલે તું ભાન ભૂલી ગયો છે.

જ્યારે જિનેશ્વર ભગવાન દેશના-અમૃતની વર્ષા કરી રહ્યા છે, પણ અહો ! શું તેમનો અતિશય અને શું એમનો પ્રભાવ ! નહિ અતિવૃષ્ટિ કે અનાવૃષ્ટિ.

# આપણો સાચો આદર્શ

શ્રી મફતલાલ સંઘવી.

મોક્ષપ્રાપ્તિના ધ્યેયવાળા, ધર્મ-અર્થ-કામ અને મોક્ષરૂપ ચતુઃપુરુષાર્થમૂલક આધ્યાત્મિક બંધારણને સ્થાને, સુખપ્રાપ્તિના ધ્યેયવાળા, અનાત્મવાદી ભૌતિક વિજ્ઞાનમૂલક બંધારણને અપનાવીને, વર્તમાન ભારતના પ્રધાન રાજકીય પુરુષોએ વાવેલા સર્વનાશના બીજનાં ભયાનક પરિણામ, આજુ અને ભાવિ પેઢીઓને અવશ્યમેવ ભોગવવાં પડશે.

હતો ધર્મ જેના પાયામાં અને મોક્ષ શિખરપદે, એ સ્વપર કલ્યાણકર જીવનવ્યવસ્થાને છિન્નભિન્ન કરી,—નૂતન જીવનવ્યવસ્થા, સમાજવ્યવસ્થા, ધર્મવ્યવસ્થા આદિના ભ્રામક વ્યામોહમાં ખેંચાઈ જઈને શિક્ષણ, સાહિત્ય, સીનેમા, વર્તમાન પત્રો, પ્રચાર અને કાયદાની મદદથી વર્તમાન ભારતના રાજ્યકીય આગેવાનો, સમાજસુધારકો, વૈજ્ઞાનિકો, પાશ્ચાત્ય શિક્ષણ અને સંસ્કૃતિના પૂજક-પ્રશંસક વકીલો અને ડાકતરો સર્વ અનર્થમૂલક ભૌતિક હેતુલક્ષી જીવનવ્યવસ્થાના બીબામાં ઢાળવાનાં જે પગલાં ભરી રહ્યા છે તેનાથી નથી તો તેમનો હેતુ બર આવવાનો કે નથી પ્રજાનું રતિમાત્ર કલ્યાણ સધાવાનું.

અનાત્મવાદી ભૌતિકવિજ્ઞાનના આધાર પરનો પ્રગતિનો જગતવ્યાપી કાર્યક્રમ, વ્યક્તિને સુખ કરતાં દુઃખ, શાંતિ કરતાં અશાંતિ, સંતોષ કરતાં અસંતોષ, સ્નેહ કરતાં વેર, દયા કરતાં કઠોરતા અને સત્ય કરતાં અસત્ય તરફ જ વધુ ને વધુ ખેંચી જશે. કારણ કે કાર્યક્રમમાં જીવનની પરમ સાધના, ને સાધનાપંથ પર ટકાવી રાખનારા ઉચ્ચ બંધારણીય નિયમો, તે નિયમોનું ભાન કરાવનારૂં જ્ઞાન, તે જ્ઞાનનું પાન કરનાર ઉજ્જવળ સાધુ સંસ્થા વગેરેને કોઈ સ્થાન નથી.

મોક્ષના પરમ મંગલ હેતુપૂર્વકના ધર્મમય જીવનને જ્યાં સ્થાન પણ નથી, એવા અનર્થકારી કાર્યક્રમને આપણે મન-વચન-કાયાથી ટેકો શી રીતે આપી શકીએ,? અનંત દુઃખના સાગર તરફ લઈ જનારા ભયાનક માર્ગ પર, પરમ જીવનનો આરાધક આત્મા દૃષ્ટિ પણ ન જ કરે.

આજના ભારતમાં પૂજાય છે કોણ? સન્માન કોનાં થાય છે? સમારંભોમાં થેલીઓ કોને અર્પણ થાય છે? માનવોના ટોળાં કોને સાંભળવા ઉમટે છે? સત્તા, લક્ષ્મી અને કીર્તિના કુમકુમ અક્ષત અને પુષ્પો કોના શિર પર વર્ષે છે?

જે જેના અધિકારી નથી, તેને આજ તેના સર્વ અધિકારો મળી રહ્યા છે અને જવાબદારીથી બેસમજ અજ્ઞાનવશ તે આત્માઓ તેનો મનફાવતો ઉપયોગ કરી, અંધેર, અવ્યવસ્થા, અનાચાર, અરાજકતા અને યાતનાઓનું વિષચક્ર પ્રગટાવી રહ્યા છે.

---

જા, જા, જરા શરમા અને કડાકા-ભડાકા બંધ કર.

રે અમૃત, લોકો કહે છે કે તું સાકરથી પણ મીઠું છે. પણ તું તો સ્વર્ગમાં રહે છે, કોણે તને જોયું કે કોણે તને ચાખ્યું છે? તું તો અમ જેવા લેખકો અને કવિની કલ્પનામાં રમે છે; છતાં તને આરોગનાર કોઈ અમર બનતું નથી જ્યારે શ્રી જિનેશ્વરદેવની વાણીસુધાનું પાન કરતાં લાગે છે કે-અમૃત હોય તો તે અહીં છે. અને એનું પાન કરનાર ખરેખર અમર બની જાય છે.

રે અમૃત, જા, જા, સ્વર્ગલોકમાં તારી કાયાને અદૃશ્ય કરી નાખ.

જીવમાત્રના કલ્યાણની સર્વ જવાબદારી અને જોખમદારી સંભાળવામાં સતત સજાગ પૂજ્ય સાધુસંસ્થાને આજનું રાજ્ય કાયદાના બંધનો વડે નાથવાના મનોરથો સેવે એ શું બતાવે છે? પરમ જીવનની આરાધનાના કેન્દ્રી તુલ્ય ધાર્મિકક્ષેત્રોમે અને તેની મીલકતને ટ્રસ્ટએક્ટના નિયંત્રણ તળે આણનારા વર્તમાન રાજ્યના પ્રધાનોને ઓળખવા, શી રીતે?

વધતા જતા અધર્મના નિબિડ અંધકારમય વાતાવરણ વચ્ચે, ધર્મમય જીવનની સલામતી, સ્થિરતા, વ્યાપકતા અને પ્રગતિ કાજે આપણે સહુએ આપણાં અનંત પૂર્વ પુરુષો જેના આલંબન વડે કલ્યાણ સાધી ગયા, તે શાશ્વત શાસનનું આલંબન સ્વીકારવુ પડશે. અને જે આત્મા સર્વ કલ્યાણકર તે શાસનના શરણમાં હશે. તે પોતાનું કલ્યાણ સાધવા સાથે, જગતના અન્ય જીવોના કલ્યાણમાં, તેમની આરાધના વિષયક પ્રતિકુળતાઓ ઓછી કરવામાં પણ મોટો હિસ્સો નોંધાવી શકશે.'

કારણ કે અપ્રતિહત શાસન [अप्पडिहय सासण] ને પામેલો આત્મા, અદમ્ય, આધ્યાત્મિક પ્રતિકાર શક્તિના પ્રતાપે, આ સંસારના ક્ષણિક સુખદાયી પ્રલોભનોને પરાજિત કરી, સંસારના જીવો સમક્ષ જીવનનો સાચો આદર્શ રજુ કરવામાં સર્વાંશે સફળ થાય છે.

નાનામાં નાના જીવની, ઓછામાં ઓછી હિંસાની વ્યવસ્થાવાળા ભારતીય આર્ય જીવનને બદલે, પ્રગતિના નાતાવાળા કહેવાતા અનેક જીવોની પ્રત્યક્ષ અને પરોક્ષ હિંસાથી ખદબદતા આસુરી જીવન વ્યવસ્થાના બીબામાં જીવનને ઢાળતા રાહને અપનાવવામાં ઉત્સુક જણાતા હે ભારતવાસી સ્ત્રી પુરુષો! જેના આદિ, મધ્ય અને અંતમાં પૂર્ણ હિંસાત્મકતા છવાએલી છે, એવા અનાત્મવાદિ ભૌતિકવિજ્ઞાન ચીંધ્યા માર્ગે એક ડગલું ભરતાં પણ તમે ગંભીરપણે ભારતીય જીવનવ્યવસ્થા, તેના નિયમો, તેની સંસ્થાઓ, ગુરુવર્ગ, શાસ્ત્રો અને તે બધાંના અંતિમ લક્ષ્યનો વિચાર કરજો!

'જીવનનો અંતિમ હેતુ, સુખ નહિ પરંતુ પરમ કલ્યાણ છે.'

અશાશ્વત એવું કશું પામવા કાજે, નહી પામ્યા શાશ્વત શાસન આપણે, આપણાં માર્ગમાં વધતા જતા અંતરાયને ટાળવા માટે આપણે સન્નિષ્ઠાપૂર્વક તે શાસનમાં રહીને આરાધનામય જીવન ગાળવું જોઇએ.

રાજ્ય તરફથી આત્મા વિસરાતો જાય છે ત્યારે આપણે તે માટે ધર્મગુરુઓનું અનન્યભાવે સાન્નિધ્ય સેવવું જોઇએ. આત્માને ભૂલાવનારા બળોનું સાચું વારણ–મારણ કારણ તેમની પાસેથી ભક્તિભાવ ભર્યા અંતરે જાણવું જોઈએ.

સંસારસાગરની સફરે નીકળેલું જીવનનું જહાજ, પળે–પળે બદલાતી હવામાં એનો શાશ્વત રાજમાર્ગ ન ભૂલે તેની સતત જાગૃતિપૂર્વકની સંભાળ રાખીશું તો જ પતન અને અધર્મના બળવત્તર બનતાં જતાં નિમિત્તરૂપ વિરાટ મોજાઓની થાપટોને ખાળી શકીશું.

**મોક્ષના હેતુપૂર્વકનું ધર્મમય જીવન છે આપણો સાચો આદર્શ. તે આદર્શ વિહોણી ઇન્દ્ર કે ચક્રવર્તીની સાહ્યબી પણ આપણા માટે પ્રાણ વગરના શબ જેવી મનાય.**

# 'પરીક્ષા'

શ્રી સુંદરલાલ ચુનીલાલ કાપડીઆ એમ. એ.

આજના યુગમાં પરીક્ષા અને તેના પરિણામોનો ગુંજતો નાદ ઘડીભર વિચારોની શ્રેણિ ઉભી કરી દે છે. માસિક–ત્રિમાસિક–છમાસિક નવ માસિકનો વિચાર છોડી દઇએ તો પણ બાર માસિક–વાર્ષિક પરીક્ષાઓ તો ઉચ્ચ ગણાતા શિક્ષણમાં પેપરની દેવડીએ પણ આવે છે અને તેના પરિણામના દિવસોની ગણત્રી થાય છે. એટલું જ નહિ પણ મુકરર દિવસે મધ્યરાતે પણ તેનો પોકાર સંભળાય છે.

આની પાછળ ઉત્સાહ હશે, કંઇકના અરમાન અને આશાઓ હશે, સામાજિક મોભાનો પ્રશ્ન પણ રમતો હશે. છતાં મુખ્યતાએ તો સાધન ગણાય છે અર્થ ઉપાર્જનનું. પછી તે પરિણામથી ડીગ્રી એનાયત થતી હોય કે ન થતી હોય. મતલબ કે કેળવણીનું સારૂએ ધ્યેય પ્રાયઃ પૈસાની પ્રાપ્તિ અને તે દ્વારા શકય હોય તો સામાજિક મોભો કે સત્તાની સ્થાપના બની ગયું છે.

સંસ્કારભૂમિ કેટલી સર્જાય છે એ તો એક પ્રશ્ન માત્ર જ રહ્યો છે. કદાચ માનસિક વિકાસ થતો હશે. પણ સાથે સ્વાર્થમય સંકુચિતતા કેટલી જન્મતી હશે એ પણ વિચારણીય છે. સદ્‌ગુણ અને ડહાપણ સાથે નીતિમય વ્યવહારકુશળતા વધી કે ઘટી? મોજશોખ અને વિલાસ પ્રત્યેની વૃત્તિ અને પ્રવૃત્તિ કેવી વેગમાં છે? આ બધું આંખ સામે આવતા પરીક્ષાના પરિણામોનું પરિણામ શું?

જે હેતુથી અત્યારની પરીક્ષાઓ પ્રાયઃ અપાય છે તે આર્થિક ક્ષેત્રે પણ આબાદી કે બરબાદી? પ્રગતિ કે પિછેહઠ? બેકારી બમણી ત્રણગણી કે અર્ધે આવી? અભ્યાસનો, કેળવણીનો, શિક્ષણનો કે વિકાસનો કોઇ પણ સજ્જન સુજ્ઞાતા જેમ વિરોધી હોઇ શકે નહિ; તેમ તેમાંથી પરીક્ષા દ્વારા તેનો અર્ક જાણવાની પધ્ધતિનો પણ વિરોધી કેમજ હોઈ શકે? પણ વર્ષોના વર્ષો જાય અને કર્ષ નિષ્કર્ષ લાભસ્થાને ન આવતા વ્યયસ્થાને જ વધતો જાય તો પછી તે પધ્ધતિ કાંઈક સુષ્ઠુ વિચારણા માગે કે નહિ?

ધાર્મિક ક્ષેત્રે પણ આ પ્રવૃત્તિ ખૂબ જ વધી છે. વિવિધ સંસ્થાઓ જુદી જુદી રીતે જુદા જુદા સમયે, અવનવા વિષયોની પરીક્ષાઓ લે છે, પરિણામો જાહેર કરે છે. ઇનામો, પારિતોષિકો, ચંદ્રકો, સ્કોલરશીપો આપે છે અને ઉત્સાહનું અને હરિફાઇનું વાતાવરણ સર્જવા પ્રયત્ન કરે છે. અપેક્ષાએ અને અંશે તેનો ફાયદો કે લાભ જરૂર હશે. શાણાઓની શુભ પ્રવૃત્તિ હેતુ વિનાની તો ન જ હોય ને?

પણ સારાએ ધાર્મિક શિક્ષણ પાછળ રહેલો મહદ્‌હેતુ–આત્મસન્મુખતા, આંતર્વિચારણા, સતત આત્મજાગૃતિ અગર થોડી નીચી કક્ષાએ ધર્મપ્રવૃત્તિ, ક્રિયાભિમુખતા, વિનય, વિવેક, આજ્ઞાપાલન અંશે પણ જન્મ્યા, વધ્યા કે ઠેરના ઠેર છે એ કઇ પરીક્ષામાં શોધાતું હશે? અને એ શોધવા તરફ જો આપણું લક્ષ્યજ ન હોય તો તો પાયા વિનાનું ચણતર અગર ધ્યેય વિનાની દોટ જ થાયને?

પરીક્ષાઓની ઉત્સાહજનક શુભ પ્રવૃત્તિમાંથી જો કદાચ પ્રફુલ્લતાને બદલે અહંતા, વિનમ્રતાને ઠેકાણે અકડાઇ, આજ્ઞાપાલનને બદલે જ્ઞાનગર્વ જન્મી જતા હોય તો તો ખૂબજ સાવચેત બનવું પડેને? બધે આમજ બને એમ તો ન જ કહે-

વાય. છતાં સારીએ પ્રવૃત્તિ અને ફળવિશેષને નિહાળતાં વખતોવખત વાંચવામાં આવતી શબ્દ-સૃષ્ટિને ધ્યાનમાં લેતા આવું કંઈક નિપજે છે એમ તો કહેવું જ પડે. અને સુજ્ઞ સજ્જનોનું તે તરફ નમ્ર ભાવે ધ્યાન દોરવુંજ પડે.

સંસ્થા હોય, પાઠશાળા હોય, પરીક્ષક કે વિદ્યાર્થી હોય, પરમપવિત્ર નમસ્કાર–નવકારમંત્રથી શરૂઆત હોય કે કમ્મપયડીના ગહન વિષયમાં હોય યા ન્યાય વ્યાકરણુ કે વિશિષ્ટ સંસ્કૃત પ્રાકૃતના સાહિત્યમાં હોય, પણુ સમ્યગ્ જ્ઞાનપ્રાપ્તિનું સાચું ધ્યેય તો આત્મ–સંસ્કરણુ–ઉત્થાન અને મુક્તિજ હોયને? જેમજેમ વિશિષ્ટ પરીક્ષાઓમાં ઉત્તીર્ણુ થાય તેમતેમ રાગાદિગણુ તરફ વિરાગ, સંસારભાવની ઓછાશ અને આત્મભાવમાં પ્રગતિ એમ અંશે તો આશા રખાયને?

ઉજ્જવળ વ્યવહાર, શકય નીતિનું પાલન, વાતમાં, શબ્દમાં, લખાણુમાં જૈનશાસનની અસ્મિતા અને ઉત્કર્ષ દેખાઈ આવે ને? તરતમતાએ શકય કક્ષાએ પાલન પણુ સંભવિત બને ને?

પરીક્ષાઓનું સાચું પરિણુામ–ફળપ્રાપ્તિ આર્યસંસ્કૃતિની અનોખી છાપ અને જૈનત્વની ઝળહળતી જયોતમાંજ પરિણુમેને?

## કર્મ

૧ કર્મ, પ્રારબ્ધ, ચાન્સ, તકદીર, યોગાયોગ વગેરે સર્વે એકજ અદશ્ય શક્તિના નામ છે.

૨ આત્માને કર્મનો સંબંધ અનાદિ કાળનો છે

૩ જ્યાં સુધી આત્મા સાથે કર્મોનો સંયોગ છે ત્યાં સુધી તે પરતંત્ર અને કર્મોથી રહીત મુક્ત થાય ત્યારે સ્વતંત્ર કહેવાય.

૪ સાંસારિક દરેક પ્રવૃત્તિઓ કર્મબંધન કરાવનારી છે.

૫ કર્મનો નાશ એ જ આ દુર્લભ એવા માનવ જીવનની સાચી સાર્થકતા છે.

૬ કર્મનું વિદારણુ કરવાની સર્વોત્તમ સામગ્રી માનવજીવનમાં જ લભ્ય છે.

૭ પાપાનુંબંધી પુણ્ય એ આત્માને કર્મવિદારણુનુ લક્ષ્ય ભૂલાવી કર્મબંધનમાં આગેકૂચ કરાવે છે.

૮ કર્મોના વિદારણુ માટે આત્માયે સાંસારિક પ્રવૃત્તિઓથી નિવૃત્ત થવાની જરૂર છે.

૯ કર્મવિવશ આત્માઓ જ સંસારમાં અનેક જાતના નૃત્યો કરે છે.

૧૦ આખા વિશ્વમાં સુખ દુઃખના નાટકમાં કર્માધીન આત્માઓ જ પાર્ટ ભજવી રહેલા છે.

૧૧ ક્રોધ, માન માયા, લોભ, મોહ, ઈર્ષ્યા એ કર્મરાજાનાજ સુભટો છે.

૧૨ મિથ્યાત્વ, અવિરતિ, કષાયો અને મન, વચન, કાયાના અશુભ વ્યાપારોથી સંસારની રખડપટ્ટી ચાલૂ રહે છે.

૧૩ આત્માની શક્તિ–સામર્થ્ય અને જ્ઞાનને દબાવવાવાળું જો કોઇ હોય તો તે કર્મ છે.

૧૪ કર્મનું વિદારણુ સાચા તપ અને ત્યાગ વિના થઇ શકતું નથી.

૧૫ કર્મના લીધે જ સંસારમાં, દુઃખ, પરાભવ, તિરસ્કાર આદિ પ્રાપ્ત થાય છે.

૧૬ આજનો શ્રીમંત એ કાલે ગરીબ–ધનહીન. આજનો ધનહીન કાલે શ્રીમંત-વૈભવશાલી આજનો સમર્થ કાલે તિરસ્કારપાત્ર કર્મથી બને છે.

સંગ્રાહક—**શ્રી રેવચંદ તુળજારામ શાહ.**

## વિચારવા જેવાં સુવાક્યો — શ્રી દલીચંદ ભૂદરભાઈ ગાંધી

* **ત્યાગ** એ પરમ પુરુષાર્થનું પરિણામ છે. ત્યાગનું શરણુ બળવાન પુરુષો જ ગ્રહણુ કરી શકે છે. ત્યાગ એ સિંહવૃત્તિવાળા પાત્રમાં જ ટકે છે. સૌ જીવો આત્મપ્રકાશને ભેટવા તત્પર છે. ઘટતો પુરુષાર્થ પણુ કરે છે. અપાર દુઃખ પણુ વેઠે છે. છતાં વાસનાની આંટીમાં ફસાયેલા પ્રાણીનો પુરુષાર્થ ઘાણીના બળદની માફક ત્યાં ને ત્યાં જ રાખી મૂકે છે. આસક્તિનો રોગ ચિત્તની વિશુદ્ધિ થવાથી નાશ પામે છે. શુષ્ક વૈરાગ્યનાં પરિણુમન તેવા જ અંતઃકરણુમાં સહજ સહજ થઈ જાય છે.
* **તપશ્ચર્યાથી** પૂર્વ કર્મોનો ક્ષય થતો હોય છે. પૂર્વ કર્મ ક્ષય થવાથી આત્મા હળવો બને છે, અને તેનો વિકાસ થાય છે. પુણ્યકર્મથી સુંદર સંપત્તિ મળે પરંતુ સંપત્તિથી આત્મા ભારી બનવા સંભવ છે. તેથી જ મહાપુરુષો પુણ્ય ન ઇચ્છતાં માત્ર પાપકર્મનો ક્ષય જ ઇચ્છે છે. પુણ્ય એ જો કે સોનાની સાંકળ છે, છતાં સાંકળ એ પણુ બંધન જ છે. જેણે બંધનરહિત થવું હોય તેણે સોનાની સાંકળ પણુ તજી દેવા પ્રયત્ન કરવો જોઇએ, અને નિરાસક્તપણે કર્મોને ભોગવી લેવાં જોઇએ.
* **સંસાર** આખો જ જ્યાં નાટકરૂપે છે ત્યાં બીજા નાટકો શાં જોવા? જે સ્થળે ક્ષણુ પહેલાં સંગીત અને નૃત્ય થઈ રહ્યાં હોય છે ત્યાં જ થોડી ક્ષણુ બાદ હાહાકારભર્યાં કરૂણુ રૂદનો થાય છે, ત્યાં કોને સંગીત માનવાં? આભૂષણો બાળકની ચિત્તવૃત્તિને પોષવાનાં રમકડાં છે. ત્યાં સમજુને મોહ શા? ભોગો તો આધિ, વ્યાધિ અને ઉપાધિ ત્રણે તાપનાં મૂળ છે. દુઃખના મૂળમાં સુખ શી રીતે સંભવે?"
* **કર્મ** એવી વસ્તુ છે કે તેનું ફળ તેના ભોક્તાને જ મળે તેમાં પોતાના જીવાત્મા સિવાય કોઇ પણુ કાળે ન્યૂનાધિક્ય કોઇ કરી શકે જ નહિં. આથી જ કહ્યું છે કે, તમે જ તમારો બંધ કે મોક્ષ કરી શકો છો.
* **વિશ્વમાં** સૌ કોઇ સ્વાર્થ પૂરતું જ સગપણુ રાખે છે. એક તરફનો સ્વાર્થ ગયો એટલે સૌ કોઈ બીજાને અનુસરવાનાં.
* **ભોગોને** ભોગવ્યા પછી ત્યાગવા એ દુર્લભ અને આસક્તિ હઠાવવી એ અતિદુર્લભ છે. ભોગોની જાળ છૂટવી બહુ બહુ કઠણુ છે, માટે મુમુક્ષુએ ભોગોથી દૂર જ રહેવું.
* **આસક્તિ** એ આત્મમાર્ગથી ભૂલાવી સંસારમાં ભટકાવે છે. આસક્ત મનુષ્ય અસત્ય માર્ગમાં આખું જીવન વેડફી નાંખે છે, અને આખરે તે વાસનાને જ સાથે લઇ મૃત્યુને શરણે જાય છે.
* **મમત્વના** ગંદા વાતાવરણુમાં તો જીવ માત્ર સબડી રહ્યાં છે. પોતાની માનેલ વસ્તુ પર આસક્તિ અને અન્ય પર દ્વેષ એ આખા જગતની મનોવૃત્તિ છે. ત્યાં સમજુ મનુષ્ય જાગૃત રહી શકે છે, અને જે સમય ગયો તે ફરી ફરી મળતો નથી તેમ માની પોતાના (આત્મશોધનના) માર્ગમાં પ્રયાણુ કરે છે.

# આ ઘોર હિંસા બંધ થવી જ ઘટે !

## —: શ્રી પરમાણંદ વીરચંદ - ઘાટકોપર :—

જ્યારથી સ્વરાજ્ય પ્રાપ્ત થયું ત્યારથી બહુમતિના કારણે કોંગ્રેસ કેન્દ્ર સહિત સર્વ પ્રાંતમાં સત્તારૂઢ છે. અન્ય પક્ષો છુટા છુટા હોવાથી કોંગ્રેસને મળેલા ૪૩ ટકા મત પણ તેને સત્તારૂઢ કરી શકયા છે. વાસ્તવિક તો તેની અલ્પમતિ છે. કોંગ્રેસ પોતે અહિંસાથી સ્વરાજ્ય મેળવ્યા બદલ ગૌરવ લે છે અને ધ્યેય પણ અહિંસક જ છે, તેમ ઉચ્ચ કક્ષાના માનનીય નેતાઓ તથા સહુ કોઇ કોંગ્રેસની વફાદારી સ્વીકારનારા અવસરે અવસરે જાહેર કરતા આવ્યા છે. જ્યારે તેમની કાર્યવાહી જુદી જ દિશાએ ચાલી રહી છે. પૂર્વને બદલે પશ્ચિમમાં, એટલે ઘડીભર માનવું જ રહ્યું જે આ મહાઅમાત્યો, બોર્ડના મેમ્બરો, પ્રાંતીય સમિતિઓ વગેરેને હવે કોઈ પૂછનાર જ નથી. તેઓ પોતે જ મહાજન, વાદી, પ્રતિવાદી, ન્યાયાધીશ, સત્યનિષ્ઠાવાળા, ઉપરાંત તેમની વિરૂદ્ધ કાંઇપણ લખવું હોય તો પણ પ્રતિષ્ઠિત વર્તમાનપત્રો કોંગ્રેસની કફા મરજી વહોરવા તૈયાર ન હોવાથી કોઇ પણ સત્ય બીના છાપવા મોકલી હોય તો છાપતા નથી જ. બલ્કે વાણી સ્વાતંત્ર્યના યુગમાં ચોગરદમ નાકાબંધી પ્રત્યક્ષ કે પરોક્ષ કરેલી છે. ભારત આર્યદેશ છે. આ ભારતભૂમિ અનેક પુણ્ય પુરુષોના પાદસ્પર્શથી પાવન થઇ છે. આર્ય ધર્મશાસ્ત્રોનાં વર્ણન મુજબ અનુપમ તીર્થોથી આ ભૂમિ પવિત્ર બની છે. સવા શેર ચકલાની જીભ ખાનાર, ઘોર હિંસા કરનાર, મોગલસમ્રાટ્ અકબર કે જેમણે શોખને ખાતર અગણિત નિર્દોષ જીવોની હિંસા કરી તેનાં અવશેષો ફત્તેપુર સીક્રીથી ઠેઠ અજમેર સુધી માઇલ–માઇલના અંતરે મિનારા ઉભા કરી તેમાં મૂક્યા; તેમજ ૨૪ માઇલના વિસ્તારવાળું ડાબર સરોવર શિકારની સહેલગાહે માટે તેમની પાસે હતું. જ્યાં પશુ–પંખીનો મનસ્વી શિકાર ખેલાતો. આવો ઘોર હિંસક સમ્રાટ્ કે જેમણે આર્યદેશમાં સંતપુરૂષોનો મેળાપ થતાં તેમજ પવિત્ર તીર્થોની છાયાથી આકર્ષાઇ પોતાના સારાએ રાજ્યમાં ૧૨ માસમાં ૬ માસ હિંસા બંધ કરી તેમજ પોતે પણ માંસાહાર છોડ્યો અને શિકાર સહેલગાહના અનેક સાધનો વિખેરી નાંખ્યા.

આ પણ એક કાળ હતો. જ્યારે મનુષ્ય સેવાના ઓઠા નીચે નિર્દોષ જીવોની વ્યાપારી દૃષ્ટિએ વ્યવસ્થિત હિંસા કોંગ્રેસ કરી રહી છે, તે માટે કરોડોના બજેટો પાસ કરે છે. હિંસાનો પ્રચાર કરે છે. ઘોર હિંસાના ઉદ્‌ઘાટનો આપણા માનનીય નેતાઓ વરિષ્ઠ સત્તાના આદેશ અનુસાર (જેમના કુળ સંસ્કાર હિંસાનું નામ સાંભળતા કકળી ઉઠતાં) હર્ષભેર કરી રહ્યા છે, આ પણ વિષમકાળની બલિહારી છે. હિંસાથી થતી આવક એક બાજુ, બીજી બાજુ જળપ્રલય, ધરતીકંપ, હુલ્લડો, આગો, કોમવાદ, પ્રાંતીયવાદ વગેરેથી થતાં નુકશાનો. પુણ્ય–પાપને નહિ માનનારા આપણા નેતાઓને કોઈ અર્થશાસ્ત્રી સમજાવશે તો મહાન ઉપકારનું કારણ લેખાશે.

જેવી રીતે સારોયે દેશ અનાજના રેશનીંગથી ત્રાહિ ત્રાહિ પોકારી રહ્યો હતો. લાખો લોકો આવા હલકા અનાજથી ચામડીના રોગોમાં સબડી રહ્યા હતા. અત્યારે પણ ઢોર ન ખાય તેવું અનાજ ખાવાથી જ કોઢયુક્ત શરીરો નજરે પડે છે. નાનાથી મોટા સહુ અધિકારી

રેશનીંગ નહિં જ નીકળી શકે, આવું સાંભળતા પ્રજા નિરાશ થતી. તેવા સંજોગોમાં આ ખાતુ સ્વર્ગસ્થ કીડવાઇને સોંપાણું. તેમણે વરિષ્ઠ સત્તાની ઉપરવટ થઈ રેશનીંગ ખેંચી લઇ રેશનીંગની નાગચૂડમાંથી દેશને ઉગારી લીધો, અને પોતાની સત્તાનો ઉપયોગ કરી ગયા. અત્યારે સ્વરાજ્ય મળ્યા પછી પહેલાના જેવાં કોઇ ભિષણ દુષ્કાળ પડ્યા નથી. અનાજની ઘટ નથી જ. સરકાર હસ્તકના ભંડારનું અનાજ સડી જતાં અંટો કરી વેચે છે, બાકી ૨૫ ટકા જેટલું અનાજ મહાસાગરની કૃપા મેળવવા માટે ભેટ ધરાય છે. આ કાળ હિંસક પ્રવૃત્તિ અટકાવવા માટે ઘણો કપરો છે. છતાં પણ હિંસક પ્રવૃત્તિ કેમ અટકે તે માટે પોતાની શક્તિ મુજબ સહુ કોઈ સદુપયોગ કરે. અત્યારે કોંગ્રેસ સત્તાધીશો પાસે રાજ્ય-સત્તા છે, ભલે ધર્મસત્તાને અવગણે પણ એક અદૃશ્ય સત્તા કર્મસત્તા છે, જે બદલો લીધા સિવાય રહેશે જ નહિં. (ત્રણ સાંધશે ત્યાં તેર તૂટશે) જો કે અત્યારે કોંગ્રેસ સત્તા સામે લખવું, બોલવું, કે પ્રચારવું તે બહેરા કાનને સંભળાવવા જેવું છે જ. છતાં દરેક પોતાનો પુરૂષાર્થ ફેરવી આ પશુ, પંખી, માછલાં, કુતરા, ઢોર વગેરેની ઘોર હિંસા, કતલખાના, વગેરે કેમ અટકે અને માંસાહારથી દેશને કેમ બચાવવો તે માટે યોગ્ય આંદોલનો દેશ પાસે ધરે, એવી એક જ અભિલાષા.


## પૂ૦ સ્વ૦ આચાર્યદેવ શ્રી વિજયદાનસૂરીશ્વર મેમોરીયલ

# જૈન સાહિત્ય પ્રચારિણી સભાનાં પ્રકાશનો

**સંસ્કારદીપ :** ઐતિહાસિક કથાઓને આલેખતો શબ્દોની મધુર શૈલીપૂર્વકનો રસથાળ, દ્વિરંગી જેકેટ, ક્રાઉન ૧૬ પેજી, ૨૧૦ પેજ. કિં. ૨—૦

**દીપમાલ :** મનનીય સંસ્કાર પ્રેરક શબ્દચિત્રો, દ્વિરંગી જેકેટ. ક્રાઉન ૧૬ પેજી, ૧૪૪ પેજ ચિંતનશીલ મધુર સ્વાધ્યાય. કિં. ૧—૪

**સંપત્તિનો નશો :** યુવાનોને વર્તમાનકાલમાં માર્ગદર્શન આપતા બોધપ્રદ સંવાદોનો સંગ્રહ, ક્રાઉન ૧૬ પેજી, ૯૦ પેજ. કિં. ૦—૧૨

**પવિત્રતાના પથ પર :** બાળાઓને બોધક, સુંદર ભજવી શકાય તેવા સંવાદોનો સંગ્રહ ક્રાઉન ૧૬ પેજી, ૯૪ પેજ. કિં. ૦—૧૨

**પ્રેમવાણીનો પ્રતિકાર :** દેવદ્રવ્ય તથા મૂર્તિપૂજાના પ્રશ્નો પરત્વે વર્તમાનયુગના વાતાવરણમાં ફેલાવાતી ભ્રમણાઓનો પ્રતિકાર, સરળ પ્રતિપાદન શૈલીમાં, દ્વિરંગી ટાઈટલ, ક્રાઉન ૧૬ પેજી ૧૧૨ પેજ. કિં. ૦—૧૨

ઉપરોક્ત પ્રકાશનો પૂજ્યપાદ વિદ્વદ્વર્ય પંન્યાસજી મહારાજ શ્રી કનકવિજયજી ગણિવરશ્રીની શાંત, સુમધુર કલમે લખાયેલાં છે. જે પ્રત્યેક જૈનના ઘરમાં હોવા આવશ્યક છે.

**આજ પછીની આવતી કાલ :** નાના બાળકો ભજવી શકે તેવું સુંદર બાલનાટક કિં. ૦—૨—૦

આ બધા પુસ્તકોનો સેટ સાથે મંગાવનારને પોસ્ટેજ માફ.

૧ **જૈન સાહિત્ય પ્રચારિણી સભા** – ઠે૦ નવાગઢ :: **પાલીતાણા** – (સૌરાષ્ટ્ર)

૨ **સોમચંદ ડી. શાહ** – ઠે૦ જીવનનિવાસ સામે :: **પાલીતાણા** – (સૌરાષ્ટ્ર)

# ❁ જૈનદર્શનની પુદ્ગલપ્રક્રિયા ❁

( કર્મવાદ લેખના પૂર્વ અનુસંધાનમાં )

## શિક્ષક: શ્રી ખુબચંદ કેશવલાલ—શિરોહી.

**જાન્યુઆરી માસના અંકમાં છપાએલ 'કર્મવાદ'ના લેખ પહેલાં આ લેખ છપાવો જોઇએ પણ ભૂલથી આ હપ્તો રહી ગયો છે તે આ અંકમાં પ્રસિદ્ધ થાય છે. જાન્યુઆરીના અંકમાં છપાએલ લેખ આ લેખના અનુસંધાનમાં છે.**

જ્ઞાનદર્શનાદિ આત્મિક ગુણોનો ઘાત કરનાર અને ઘાત નહિ કરનારની અપેક્ષાએ જૈન-દર્શનકારોએ કર્મપ્રકૃતિઓનું ઘાતિ અને અઘાતિ રૂપે બે વિભાગમાં વર્ગીકરણ કર્યું તેમ કર્મનો વિપાકોદય અમુક હેતુને પ્રાપ્ત કરી પ્રાપ્ત થતો હોવાને અંગે તે વિપાકના હેતુ દર્શાવવાની અપેક્ષાએ કર્મપ્રકૃતિઓનું વર્ગીકરણ ચાર વિભાગમાં કરેલું છે. તે ચાર પ્રકારો નીચે મુજબ છે:—

(૧) જીવવિપાકી, (૨) પુદ્ગલવિપાકી (૩) ક્ષેત્ર-વિપાકી અને (૪) ભવવિપાકી.

આ ચાર પ્રકારના વર્ગીકરણમાં અમુક અમુક પ્રકારની મુખ્યતાજ કારણભૂત છે. જો કે કર્મપ્રકૃતિ-ઓનો વિપાક જીવજ અનુભવે છે એ હિસાબે સર્વ પ્રકૃતિઓ જીવવિપાકી જ છે, પરંતુ અમુક કર્મ પ્રકૃ-તિઓ એવી છે કે જે જીવ ઉપર સીધી અસર નહિ કરતાં શરીરને ઉપયોગી એવી કેટલીક જડ સામગ્રીઓ આત્માને પ્રાપ્ત કરાવવા દ્વારા કેટલીક પ્રકૃતિઓ અમુક સ્થાનને જ પામીને અને વળી કેટલીક તો પ્રાણીઓની અમુક પ્રકારની જાતિમાંજ જીવને ફલદાયી થાય છે. આટલી બાબતોને અનુલક્ષીને જ જીવવિપાકી આદિ ચાર પ્રકારો કર્મપ્રકૃતિઓનાં બતાવ્યાં છે. એટલે કઇ કર્મપ્રકૃતિઓ કયા સ્થળને, કયા ભવને, અને કેવા પ્રકારની શરીરની સામગ્રીઓ પામીને, તથા કઇ પ્રકૃ-તિઓ સ્થાન–ભવ, કે પુદ્ગલસામગ્રીની અપેક્ષા રાખ્યા વિના ઉદયમાં આવે છે? તે આ ચાર પ્રકારના વર્ગીકરણથી અતિ સ્પષ્ટપણે સમજી શકાશે. અમુક હેતુને પ્રાપ્ત કરી વિપાકોદયને પ્રાપ્ત થાય તે હેતુને અનુલક્ષીને તે પ્રકૃતિઓ તે તે વિપાક સંજ્ઞાવાળી કહેવાય છે.

**(૧) જીવવિપાકી:**— કર્મમાત્ર આત્માની અનંતજ્ઞાનાદિ શક્તિને ઢાંકી દે છે. પરંતુ કેટલાંક કર્મ એવાં છે કે જે ક્ષેત્રની–ભવની કે બાહ્ય જડ સામગ્રી-ઓની અપેક્ષા રાખ્યા વિના સીધી રીતે આત્માની શક્તિઓ ઢાંકવાનું કામ કરે છે, તે કર્મપ્રકૃતિઓને જીવવિપાકી કહેવાય છે. તે નીચે મુજબ છે.

જ્ઞાનાવરણીય ૫, દર્શનાવરણીય ૯, વેદનીય ૨, મોહનીયની ૨૮, ગોત્રની ૨, અંતરાયની ૫, તથા નામકર્મમાં–ગતિ ૪, જાતિ ૫, વિહાયોગતિ ૨, શ્વાસોચ્છવાસ નામકર્મ–૧, તીર્થંકર નામકર્મ–૧, ત્રસ–૧, બાદર ૧, પર્યાપ્ત ૧, સૌભાગ્ય ૧, સુસ્વર ૧, આદેય ૧, યશ ૧, એ સાત તથા સ્થાવર ૧, સૂક્ષ્મ ૧, અપર્યાપ્ત ૧, દૌર્ભાગ્ય ૧, દુઃસ્વર ૧, અનાદેય ૧ અને અપયશ ૧, એમ કુલ ૭૮ પ્રકૃતિ જીવવિપાકી છે.

**૨ પુદ્ગલવિપાકી:**—પુદ્ગલવિપાકી કર્મ પ્રકૃ-તિઓના વિપાકનો સંબંધ પુદ્ગલ વર્ગણાઓના બનેલા શરીર સાથે મુખ્ય છે. પુદ્ગલવિપાકી કર્મ પ્રકૃતિઓ સંસારી જીવોને શરીર, શ્વાસોચ્છાસ, ભાષા અને મન એ ચારેને યોગ્ય પુદ્ગલો અપાવી વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, શબ્દ, બંધ, સૂક્ષ્મતા, સ્થૂલતા, સંસ્થાન, અંગો-પાંગ, પરાઘાત, ઉપઘાત, અગુરુલઘુ ઉદ્યોત, સંઘાત, વગેરે રૂપે પરિણામ પમાડે છે. આ પુદ્ગલવિપાકી પ્રકૃતિઓ તે નામકર્મની પ્રકૃતિઓ છે.

સંસારી જીવોનું શરીર કેવી રીતે અને શાનું તયાર થાય છે? શરીરના અવયવોની યોગ્ય સ્થળે રચના, શરીરનો બાંધો, શરીરનો આકાર જુદી જુદી જાતિના જીવોને આશ્રયી જુદા જુદા પ્રકારે કેવી રીતે ગોઠવાય છે? તે બધાયનો સાચો ખ્યાલ આ પુદ્ગલ-વિપાકી કર્મપ્રકૃતિઓને સમજવાથી જ થાય છે. પુદ્ગલવિપાકી કર્મપ્રકૃતિનું સ્વરૂપ નહિ સમજના-રાઓ પ્રાણીઓની શરીરરચનાની સમજણમાં ગોથાં ખાય છે. એટલે પુદ્ગલવિપાકી કર્મપ્રકૃતિઓનું સ્વરૂપ સમજવું અતિ આવશ્યક છે,

પુદ્ગલ એ શું ચીજ છે તે સમજાય તો પુદ્ગલવિપાકી

પ્રકૃતિનું સ્વરૂપ પણ સમજાય. પુદ્ગલના સ્વરૂપને નહિ સમજનારાઓ તો એમજ સમજે કે,–' આ જગતમાં આકારવાળી વસ્તુઓ ઈશ્વરે બનાવી છે. પુદ્ગલ અને પુદ્ગલ પરિણમનના પ્રકારોને ન સમજે–ન માને તેને ઇશ્વરને વચમાં લાવવો પડે. જૈનદર્શનમાં તો પુદ્ગલોનું ઝીણવટભર્યું અને તલસ્પર્શી વર્ણન વર્ણવેલું છે, પન્નવણા સૂત્ર, લોકપ્રકાશ અને તત્ત્વાર્થસૂત્રમાં એ અંગે વિશદ વસ્તુદર્શન મળે છે. જૈનદર્શન તો કહે છે કે–જગતની વ્યવસ્થામાં આત્મા અને પુદ્ગલ એ બન્નેનો હિસ્સો છે. અને આખોય સંસાર એ બન્તેના સંયોગથી જ ચાલે છે.

પુદ્ગલ સદાને માટે એકજ રૂપે નહિ રહેતા તેમાં ફેરફારનો–પરિવર્તનનો સ્વભાવ છે. પૂરણ અને ગલન એટલે પૂરાય તથા ખાલી થાય, વધારો–ઘટાડો થાય એ સ્વભાવ જગતના કોઇ દ્રવ્યમાં હોય તો માત્ર પુદ્ગલ દ્રવ્યમાંજ છે. એક રંગનું મટી બીજા રંગનું થાય, સુગંધી મટી દુર્ગંધી થાય, એ રીતે એક સ્વરૂપથી પલટો પામી અન્ય સ્વરૂપે થવું એ તો પુદ્ગલનો સ્વભાવ છે. આવા સ્વરૂપપલ્ટાને પરિણમન કહેવાય છે. જેવા સંયોગો અને જેવાં કારણો મળે તેવા રૂપે પરિણમન થાય છે.

પુદ્ગલ પરિણમન ત્રણ પ્રકારે થાય છે (૧) સ્વભાવથી (૨) જીવના પ્રયોગથી અને (૩) સ્વભાવ તથા પ્રયોગ બન્નેથી.

આ ત્રણે પરિણમનને અનુક્રમે (૧) **વિસ્રસા** (૨) **પ્રયોગ** અને (૩) **મિશ્ર** પરિણમન કહેવાય છે.

આકાશમાં દેખાતા ભિન્ન ભિન્ન રંગો, ઇંદ્રિ ધનુષ્ય વગેરે પુદ્ગલોનું વિસ્રસા પરિણમન છે. નળીયાં ભીંતો વગેરે આપોઆપ જૂનાં થાય છે, પદાર્થો રસકસ વગરના તથા સડવા પડવા જેવા થાય છે આ બધું કોઈ કરતું નથી. આપોઆપ થાય છે. પુદ્ગલોની જે વિવિધ વર્ગણાઓ બને છે તે પણ તે રીતેજ બને છે. પુદ્ગલોમાં અનેક શક્તિઓ છે, તે બધી કોઇપણ જીવના પ્રયત્ન વિના સ્વાભાવિક રીતે પરિણમન થયા કરે છે ત્યારે તે **વિસ્રસા પરિણામ** કહેવાય છે.

જીવો પોતાની શક્તિની મુખ્યતા વડે જે પુદ્ગલોને પોતાનાં શરીરપણે પરિણમાવે છે તે **પ્રયોગ પરિણત** પરિણમન છે. પ્રથમ કહેલ ઇંદ્રધનુષ્યાદિ સિવાય દ્રશ્ય પદાર્થો તમામમાં પુદ્ગલો પ્રયોગપરિણત છે, જે જે પદાર્થો લઇએ છીએ, નજરે દેખીયે છીયે, તે તે જીવે પરિણમાવેલ છે. જગતમાં દેખાતાં "પુદ્ગલ પરિણામો" સંસારી જીવનાં કરેલાં છે. પૃથ્વી, પાણી, અગ્નિ, વનસ્પતિ વગેરેનાં પિંડો તે તે કાયાના જીવોએ પરિણમાવેલા છે. જે જે શરીર દેખાય છે તે તે શરીર માત્ર જીવોના પરિણમાવેલા છે. એ પુદ્ગલોમાં કેટલાંક જીવોએ ગ્રહણ કરેલાં છે અને કેટલાંક જીવોએ છોડી દીધેલાં છે. છોડી દીધેલાં શરીરો પૈકી તે તે રૂપેજ નહિ દેખાતા અને અન્ય રૂપે દેખાતા પદાર્થો તે પણ અન્યોન્ય પરિણમન યા તો જીવોના શરીરોનું રૂપાન્તર છે.

પુદ્ગલ વિના વ્યવહાર નથી, પુદ્ગલ વિના દેહધારી જીવને ચાલતું જ નથી. એટલે જીવના નિમિત્તને લઇને પુદ્ગલોનું જે પરિણમન થાય છે તે બધા પ્રયોગ પરિણામો છે. શરીર, ભાષા, મન, અને શ્વાસોશ્વાસપણે જે પુદ્ગલો જીવે પરિણમાવ્યાં તે પ્રયોગ પરિણત કહેવાય છે.

પ્રયોગ પરિણામને અંગે જીવ જે પુદ્ગલો પરિણમાવે છે તે પ્રયોગ પરિણમન પાંચ પ્રકારે છે. (૧) એકેન્દ્રિય–પ્રયોગ–પરિણત (૨) બેઈન્દ્રિય–પ્રયોગ–પરિણત (૩) તેઇન્દ્રિય–પ્રયોગ–પરિણત (૪) ચઉરિન્દ્રિય–પ્રયોગ–પરિણત (૫) પંચેન્દ્રિય–પ્રયોગ–પરિણત–એ રીતે પ્રયોગ પરિણતના સ્થૂલ પાંચ પ્રકાર છે.

જો કે જીવ જે પુદ્ગલને પ્રયોગપરિણમન વડે શરીરરૂપે પરિણમાવે છે, તે પરિણમનમાં ઉપયોગમાં લેવાતાં પુદ્ગલો તે વિસ્રસા પરિણમનથી પરિણત વર્ગણાઓનાં જ પુદ્ગલો છે. એટલે શરીર પરિણમનમાં પ્રયોગની સાથે વિસ્રસા પરિણમન પણ હોવાથી શરીરરૂપે થતું પરિણમન મિશ્ર પરિણમનરૂપે પણ ઘટી શકે. અને તે પ્રમાણે ભગવતી સૂત્રના આઠમા શતકમાં પહેલા ઉદ્દેશામાં મિશ્ર પરિણમનના પાંચ ભેદ પણ શરીર રૂપે જણાવ્યા છે. છતાં ચાલુ પ્રસંગમાં પ્રયોગ પરિણમનમાં જીવની પોતાની શક્તિની મુખ્યતા વડે પરિણત થયેલ પુદ્ગલોની વ્યાખ્યા વિવક્ષિત છે. અને તે મુજબ ભગવતી સૂત્ર (૮ શ–૧ ઉ.) માં પ્રયોગ પરિ-

ણતપુદ્ગલોના શરીર રૂપે પાંચ ભેદ જોવા મળે છે. અને ટીકાકાર પૂ. શ્રી અભયદેવસૂરિજી મહારાજે આમ હોવામાં પ્રયોગપરિણમનમાં વિસ્રસાને ગૌણ હોવાનું કારણ બતાવી તેને મિશ્ર પરિણમન ન કહેતાં પ્રયોગ પરિણત કહેલ છે. હવે મિશ્ર પરિણામી પુદ્ગલો તે કયા? તે વિચારીએ.

પ્રયોગ પરિણામને છોડયા સિવાય વિસ્રસાથી (સ્વયં) સ્વભાવાન્તરને પામેલા પુદ્ગલો મિશ્ર પરિણત કહેવાય. જેમકે જીવમુક્ત કલેવરાદિ.

જીવે પ્રયત્નથી કરેલી અવસ્થા ખસે નહિ, પણ બીજા સ્વભાવને પામે તે મિશ્ર પરિણામવાળા ગણાય. પ્રયોગથી જે પરિણમેલા છે તેને સ્વભાવ પલટો આપે અથવા તો એક વખત જીવે જે પુદ્ગલોને પ્રયોગ પરિણત કરેલાં છે તે પુદ્ગલો બીજી વખત બીજા જીવો પરિણમાવે ત્યારે તે પુદ્ગલો મિશ્ર પરિણત કહેવાય છે. આપણે અનાજ ખાઇએ છીએ તે અનાજ શું છે? વનસ્પતિકાયના જીવોએ જે પુદ્ગલો પોતાના શરીરપણે પરિણમાવ્યાં હતા તે પ્રયોગ પરિણત પુદ્ગલો છે. અનાજરૂપ તે પ્રયોગ પરિણત પુદ્ગલોને આપણે ખોરાક રૂપે ઉપયોગ કરીએ છીયે, અને તે ખોરાક શરીર, હાડકા, માંસાદિ-રૂપે પરિણમે છે તે **મિશ્ર** પરિણામ કહેવાય છે.

જનાવર મરી ગયું, તેનું કલેવર પડયું છે. તેમાં કીડા થયા તે કલેવરના પુદ્ગલોથીજ થાય છે. પ્રથમના જીવોએ જે પુદ્ગલો પોતાના શરીરપણે પરિણમાવ્યા હતા, તેજ પુદ્ગલોને બીજા જીવોએ પોતાનું શરીર રચવામાં લીધા. આ મિશ્ર પરિણમન છે. વળી જીવે પરિણમાવ્યા તેના ઉપર પ્રયોગ થાય ત્યાં મિશ્ર પરિણમન કહેવાય છે. જગતમાં મિશ્ર પરિણામવાળા પુદ્ગલો ઘણાં છે.

આજના વિજ્ઞાનીઓના વિજ્ઞાનની યોજના એ પણ પુદ્ગલના મિશ્ર પરિણમનનેજ આભારી છે. મિશ્ર પરિણમનથી થતી વસ્તુને કોઈ સમજદાર માનવી ઇશ્વરકૃત ન સમજે એ રીતે સ્વયં પરિણમન અને પ્રયોગ પરિણમનનું સ્વરૂપ પણ માનવીને સમજાઈ જાય તો તે પરિણમનોથી તૈયાર થતી વસ્તુને પણ ઈશ્વરકૃત માનવાની ગેરસમજ ટકે નહી. આજનાં વિજ્ઞાનિઓની વિજ્ઞાનશક્તિ માત્ર જૈનદર્શનમાં કહેલ "મિશ્ર પરિણમન" પૂરતીજ છે. અને તે પણ જ્ઞાનીઓની દૃષ્ટિએ અતિ અલ્પ છે. પુદ્ગલના મિશ્ર પરિણમનથી પણ કેવા કેવા પ્રકારના પરિણામાન્તર પ્રાપ્ત કરી શકાય છે તે તમામ પ્રકારનું જ્ઞાન સર્વજ્ઞ દેવોને જે હતું તે જ્ઞાનની આગળ આજનું વિજ્ઞાન સૂર્ય આગળ આગીયા જેવું પણ નથી. પુદ્ગલના મિશ્ર પરિણમન કરવામાં આજના વૈજ્ઞાનિક પ્રયોગમાં માત્ર ૯૮ તત્ત્વોનોજ ઉપયોગ અને ખ્યાલ છે. જ્યારે જ્ઞાનીઓની દૃષ્ટિએ અનંતાં તત્ત્વો અને અનંતાં પરિણામાન્તરો છે. [ચાલુ]




## શુભ સૂચના

દરેક પ્રકારની ઉની તથા રેશમી અથવા તો તો મીકસ કામ્બલી જોટા ઉમદા માલ મંગાવો

**ઓઘાને માટે ઉંચા પ્રકારની ઉન મંગાવો**

માલ તૈયાર છે. સફેદ તથા રંગીન દરેક પ્રકારનો માલ મળશે.

**સૂચિપત્ર મંગાવો!**

**બિસેસરદાસ રતનચંદ જૈન લુધીયાના**

( પંજાબ )

## જરૂર છે

શ્રી બાલમંદિર, જૈનશાળા અને જ્ઞાતિના અન્ય કામકાજ માટે હુશીઆર માણસની જરૂર છે, તો પોતાની લાયકાત, ઉંમર, અભ્યાસ, પ્રમાણપત્રો વગેરેની માહિતિ નીચેના શીરનામે આપો. પગાર લાયકાત મુજબ અપાશે. રહેવાને મકાન અને પરમીટ મેળવી આપવા માટે કોશીષ થશે.

લખોઃ

**ધી વીશા ઓશવાલ જૈન જ્ઞાતિ**

પોસ્ટ બો. નં. ૭ **ન્યેરી** ( કેન્યા કોલોની)

'કલ્યાણ'ની ચાલુ ઐતિહાસિક વાર્તા.........

# રાજહૃદયોર્મિ

લેખક: વૈદરાજ શ્રી. મોહનલાલ ચૂનીલાલ ધામી



## વહી ગયેલી વાર્તા:

**દેવશાલ નગરના રાજા વિજયસેન અને મહારાણી શ્રીમતીને જયસેનકુમાર અને કલાવતી પુત્રી રૂપ, કલા, જ્ઞાન અને વિજ્ઞાનના ભંડાર હતા. દેવશાલનગર અનેક રીતે સુપ્રસિદ્ધ હતું. રાજકુમારી કલાવતી નૃત્યકલામાં પ્રવીણ છે. નૃત્યાચાર્ય આર્ય મનોજ શાસ્ત્રીનાં સાન્નિધ્યમાં નૃત્યમહોત્સવ ઉજવવાની તૈયારી ચાલી રહી છે. કલાવતીને અંગે મહારાજા અને મહારાણી વચ્ચે તેની આવતીકાલ માટેની મધુર ચર્ચા ચાલી રહી છે. કુમાર જયસેન પણ એનો મર્મ સમજી જાય છે. હવે વાંચો આગળ—**

### પ્રકરણ ૨ જું:

### તા મ્ર ચૂ ડ

મહારાજા વિજયસેને પત્ની સાથે થયેલી વાતના અનુસંધાનમાં વળતેજ દિવસે મુખ્ય મંત્રીને બોલાવી, તેની સાથે વિચારણા કરી, પોતાની કન્યા માટે સુયોગ્ય અને સંસ્કારી રાજકુમારની તપાસ માટે લગભગ દસ પંડિતોને જૂદા જૂદા સ્થળે રવાના કરવાની આજ્ઞા આપી દીધી.

રાજાએ દસેય ગણમાન્ય અને વિદ્વાન પંડિતોને બોલાવીને એ પણ ભલામણ કરી કે આપને જે રાજકુમાર પસંદ પડે તેનું ચિત્ર સાથે લેતા આવજો. રાજ નાનું હોય તો ચિંતા કરશો નહિ. પાત્ર અને ખાનદાનીનો સવાલ મુખ્ય રાખજો; અને પાત્રની વરણીમાં પણ ગુણ, ચારિત્ર્ય, આરોગ્ય અને સ્વભાવની પરીક્ષા પહેલી કરજો.

રાજાની આ ભલામણ ખૂબ જ વ્યવહારૂ અને હિતકારી હતી. કેવળ ધન-સંપત્તિ અને સમૃદ્ધિ વડે અંજાઇ જનારા મા-બાપો ઘણીવાર છેતરાતા રહે છે અને પોતાની પ્રિય કન્યાને સુખનું સ્વપ્ન આપવા જતાં દુઃખનો દાવાનળ આપી દેતા હોય છે.

મા-બાપો એમ માનતા હોય છે કે-સંપત્તિ અને સમૃદ્ધિ એ જ સાચું સુખ છે. પરંતુ તેઓ એ સાવ નથી વિચારતા કે બધા દુઃખોનું મૂળ ધનના ઢગલામાં જ છૂપાયું હોય છે.

રાજાએ એ પણ સૂચના કરી કે-આ તપાસ ખાનગી રાખજો. કોઇ પણ સંયોગોમાં કયાંઇ પણ પ્રગટ થવા દેશો નહિં.

પંડિતો ખાત્રી આપીને વિદાય થયા અને તેઓએ પોતાના પરિવારને પણ ન જણાવ્યું કે-પોતે કયા કાર્ય ખાતર પ્રવાસે જઇ રહ્યા છે.

પંડિતોને મોકલવાનું કામ પુરૂં થયું કે તરત પૂર્ણિમા આવી ગઇ.

રાજભવનમાં આવેલા ભવ્ય રંગમંડપમાં નૃત્યપરીક્ષા અંગેની તમામ પૂર્વતૈયારી થઇ ગઇ હતી.

આચાર્ય મનોજ શાસ્ત્રી અને બીજા ગણમાન્ય નૃત્યાચાર્યો પરીક્ષક તરીકે પોતાના સ્થાને બેસી ગયા.

રાજા વિજયસેન, રાણી, કુમાર, મંત્રીઓ, પ્રતિષ્ઠિત નગરજનો વગેરેથી રંગમંડપનું પ્રેક્ષક સ્થળ ભરાઇ ગયું.

લગભગ સોએક કન્યાઓ નૃત્યની પરીક્ષા આપવા વસ્ત્રાભૂષણથી સજ્જ થઇને તૈયાર થઇ ગઈ હતી. રાજકન્યા કલાવતી પણ એમાં હતી.

નૃત્યમંચના બંને ખૂણામાં વિધવિધ પ્રકારનાં વાદ્યો લઇને વાદ્યકારો ગોઠવાઇ ગયા હતા.

વયોવૃદ્ધ આચાર્ય મનોજ શાસ્ત્રીએ ઉભા થઇ કલા, સંસ્કાર અને સાહિત્યની અધિષ્ઠાત્રી દેવી સરસ્વતીની પ્રાર્થના કરી અને આજની નૃત્યપરીક્ષા અંગે સર્વ શ્રોતાજનોને પરિચય આપ્યો.

ત્યારપછી નૃત્યવિદ્યાર્થિનીઓની નૃત્ય પરીક્ષાશરૂ થઇ.

લય, તાલ, ભાવ, મુદ્રા વગેરે નૃત્યના આઠેય અંગો સહિત કુમારિકાઓએ ક્રમવાર નૃત્ય પરીક્ષા આપવા માંડી.

છેક રાત્રિના ત્રીજા પ્રહર પર્યંત આ કાર્યવાહી ચાલી. ભાવનૃત્યનો અભિનય બધા પ્રેક્ષકોનાં દિલને ડોલાવી ગયેલ હતો.

નૃત્યપરીક્ષા પૂર્ણ થયા પછી બે કુમારિકાઓ સર્વશ્રેષ્ઠ તરીકે જાહેર થઇ – એક રાજકન્યા કલાવતી અને એક દ્વીજ કન્યા સુહાસિની.

એ સિવાયની બધી કન્યાઓ પરીક્ષામાં ઉત્તિર્ણ થયેલી જાહેર થઇ પરંતુ સર્વશ્રેષ્ઠ તરીકે નૃત્ય–મંગલ તરીકેનું પદગૌરવ એમાંથી કોને આપવું એ એક પ્રશ્ન ઉભો થયો.

પરીક્ષકોની સર્વ સમ્મતીથી બંને બાળાઓને ફરીવાર નૃત્યમંચ પર લાવવામાં આવી અને પૂજારિણી નૃત્યમાં જે શ્રેષ્ઠ આવે તેને નૃત્યમંગલાનું પદગૌરવ આપવું તેવો નિર્ણય લેવાયો.

રાજકન્યા કલાવતી અને દ્વીજકન્યા સુહાસિની વચ્ચે હરિફાઇ શરૂ થઇ.

આ હરિફાઇમાં ચતુર્થ પ્રહર ચાલ્યો ગયો...

પ્રભાતની સ્વર્ણરંગી રેખાઓ પૂર્વાકાશમાં અંકિત થવા માંડી.

અને સર્વ પ્રેક્ષકોના હર્ષધ્વની વચ્ચે રાજકુમારી કલાવતીને નૃત્ય પરીક્ષકોએ નૃત્યમંગલાનો ઇલકાબ આપ્યો,

વિજયી થયેલી રાજકન્યાને સુહાસિની ભેટી પડી અને તેણે બતાવેલી કલાને બિરદાવવા માંડી.

નૃત્યપરીક્ષાનો ઉત્સવ પૂર્ણ થયો. મહારાજા વિજયસેને સર્વ વિદ્યાર્થિનીઓને વિધવિધ અલંકારોની ભેટ આપી.

વિજયી બનેલી કન્યાને મહારાણીએ હૈયા સરસી લઇ નામ એવા ગુણ ધરાવતી કલાવતીને ભાવથી ઉભરાતા આશીર્વાદ આપ્યા.

રાજકુમાર જયસેને તો બહેનને ખૂબ ખૂબ બિરદાવી અને પોતાની માળા બહેનના હાથમાં મૂકી દીધી.

મહારાજાએ પુત્રીના મસ્તક પર ચુંબન લીધું.

સભા નૃત્યમંગલા રાજકન્યાનો જયનાદ બોલાવીને વિસર્જન થઇ.

રાજકન્યાએ પોતાના નૃત્યગુરુ આચાર્ય મનોજ શાસ્ત્રીના ચરણમાં મસ્તક નમાવી આશીર્વાદ માગ્યા.

ગુરુએ અંતરના ઉમળકાથી શિષ્યાના ખભા પર હાથ મૂકી આશીર્વાદ આપતાં કહ્યું: "મા, તું કલ્યાણમયી છે. જીંદગી એ પણ વિધિની નૃત્ય લીલા છે... એમાં તું સદાય વિજયિની રહેજે. સર્વવાતે તારૂં મંગલ થજો."

મહારાજા વિજયસેને આચાર્ય મનોજ શાસ્ત્રીને તથા અન્ય પરીક્ષકોને રત્નાલંકારો યુક્ત પોષાક અર્પણ કર્યા.

સહુ વિદાય થયા.

રાજા વિજયસેન પણ પોતાના પરિવાર સાથે રાજભવન તરફ વિદાય થયા.

આ સમયે અંશુમાલિના કિરણો પૃથ્વીને ભીંજવી રહ્યાં હતાં.

નૃત્ય પરીક્ષામાં રાજકન્યાને નૃત્યમંગલાનું પદગૌરવ પ્રાપ્ત થયું છે, એ સમાચાર સારી યે નગરીમાં ઉગતા સૂર્યના કિરણોના પ્રસાર માફક પ્રસારિત થઈ ગયા.

અને એકાદ પ્રહર પછી તો લોકોનાં ટોળે ટોળાં રાજકુમારીને અભિનંદવા આવવા માંડયા.

પુરુષ જેમ બત્રીસ લક્ષણવાળો હોવો જોઇએ તેમ ૭૨ કળામાં પારંગત પણ હોવો જોઇએ. એજ રીતે સ્ત્રીઓ પણ ૬૪ કળામાં નિષ્ણાત હોવી જોઇએ. કેવળ ઘરકામની કુશળતા એ જ સ્ત્રીઓનું એક માત્ર કર્તવ્ય છે એવી સંકુચિત મનોભાવના ભારતમાં હતી જ નહિં. સ્ત્રી પણ દરેક કલામાં પરિપૂર્ણ હોવી જોઇએ અને જે નારી સર્વકલામાં પારંગત હોય તેને નારી જગતમાં શ્રેષ્ઠ સ્થાન પણ પ્રાપ્ત થતું હતું.

કલા, સંગીત, હાસ્ય, નીતિ, ચાતુરી, ગૃહજીવન વગેરે નાની મોટી દરેક કલાઓ જો ધર્મભાવનાથી રંગાયેલી ન હોય અથવા એમાં નીતિ અને સંસ્કારનાં કિરણો ન હોય તો જે કલા જીવન માટે પ્રેરક બને

છે તેજ કલા જીવનની શત્રુ પણ બને છે.

જીવન એ કેવળ વૈભવવિલાસ માટે ઘડાયેલું છે એવી માન્યતા આર્યસંસ્કૃતિએ કદી પણ માન્ય રાખી નથી. દરેક કલા પર જીવનનું પ્રભુત્વ હોય... દરેક કલા જીવનની પરિચારિકાઓ હોય અને દરેક કલા જીવનને ઉચ્ચ ભૂમિકા પર લઈ જવામાં સહાયક હોય એ એક જ આદર્શને આર્યસંસ્કૃતિએ સાચવ્યો છે.

રાજકન્યા કલાવતીને આ દૃષ્ટિએ જ લોકો અભિનંદવા આવતા હતા. કલાવતી પોતાના રાજાની કન્યા છે માટે નહિ, પોતાના નગરની પુત્રી છે માટે આવતા હતા... કલાની સ્વામિની બની છે તેથી આવતા હતા.

આ રીતે રાજકન્યાનો અભ્યાસકાળ વિજયના ગૌરવથી સમાપ્ત થયો હતો.

હવે તેના જીવન પર યૌવનની નવવસંતનો પ્રાદુર્ભાવ થઇ રહ્યો હતો.

નૃત્યપરીક્ષાની પૂર્ણાહૂતિ પછી રાજા-રાણી પંડિતોના આગમનની પ્રતીક્ષા કરવા લાગ્યા.

ચાર મહિના વીતી ગયા.

અયન ફરી ગયું.

ઋતુઓ પોતાના શૃંગાર વેરીને વિદાય લેવા માંડી.

નગરીના લોકો નિત્યના ઉત્સાહ માફક પોતાના કાર્યમાં નિમગ્ન રહેતા હતા.

રાજકન્યાના ગુણની અને રૂપની સૌરભ બકુલપુષ્પની સુગંધ માફક ચારે દિશામાં પથરાઈ રહી હતી.

અને એ સૌરભ દેવશાલ નગરીથી વીસ કોશ દૂર આવેલા એક પહાડના ગાઢ વનમાં મેલી વિદ્યાના સાધકના હૈયા પર અથડાઇ.

મેલી વિદ્યા એ કાંઈ નવી વાત નથી. જ્યાં વિદ્યા વસે છે ત્યાં તેના બંને પાસાંઓ પણ વસતાં જ હોય છે. જ્યાં પુણ્ય હોય છે ત્યાં પાપનો અંધકાર પણ પડયો હોય છે. જ્યાં જ્ઞાનદૃષ્ટિ વડે આત્મકલ્યાણની સાધના થતી હોય છે ત્યાં જ્ઞાનના બીજા પાસા સમી ભૌતિક સુખની આરાધના પણ થતી હોય છે.

જીવનને અતિ ઉંચે લઈ જનારી વિદ્યાનો દુરુપયોગ કરનાર અને જીવનને નીચે પછાડનારા પણ જગતમાં દરેક કાળે જીવતા જ હોય છે.

અઘોર જીવનનો આરાધક અને મેલી વિદ્યાની સાધના વડે સમગ્ર પૃથ્વી પર પ્રભુત્વ પ્રાપ્ત કરવાની આશા સેવી રહેલો મહાતાંત્રિક તામ્રચૂડ દેવશાલ નગરીની ઉત્તરે વીસ કોશ દૂર આવેલા એક વિરાટકાય પર્વતના ઘોર વનપ્રદેશમાં એક વિશાળ ગુફામાં પોતાના માત્ર બે જ શિષ્યો સાથે રહેતો હતો.

મેલી વિદ્યાની સાધના અર્થે તે પશુઓનાં બલિદાન અવારનવાર દેતો અને કોઈ વાર માનવબલિ પણ આપતો.

આસપાસના વિસ્તારમાં તામ્રચૂડની હાક વાગતી હતી. એની ગુફા તરફ કોઇ પણ માનવી જતો નહિ; તેમ તામ્રચૂડ વરસમાં બેએક વાર ગુફામાંથી બહાર નીકળતો. આસપાસના ગામડાંઓ તેમજ નગરોમાં એકાદ ચક્કર મારી આવતો.

એ વખતે મહાતાંત્રિક તામ્રચૂડને ઘણા લોકો વંદના કરતાં અને નૈવેદ્ય રૂપે ઉત્તમ વસ્તુઓ અર્પણ કરી આશીર્વાદ મેળવતા.

જગતમાં એવા માણસો પણ હોય જ છે કે—જેઓ ભયથી, કંઇક પ્રાપ્ત કરવાની લાલસાથી, કોઇનું અહિત કરવા ખાતરના સ્વાર્થથી આવા મહાતાંત્રિકોને નમતા હોય છે.

પરંતુ જે લોકો પોતાના ધર્મમાં અટલ નિષ્ઠાવાળા હોય છે, શ્રદ્ધાવાળા હોય છે અને તત્વદૃષ્ટિવાળા હોય છે તે લોકો કોઇ પણ સંયોગોમાં આવા અધર્મના ઉપાસકોને નમતા નથી અથવા તો એવાઓ દ્વારા સ્વર્ગ મળતું હોય તો પણ લેશમાત્ર પરવા કરતા નથી.

તામ્રચૂડને દેવશાલ નગરીમાં જઈને આવેલા પોતાના એક શિષ્ય તરફથી ખબર મલ્યા કે—મહારાજા વિજયસેનની રાજકન્યા કલાવતી સર્વગુણસંપન્ન, પ્રથમયૌવનમાં પ્રવેશ કરતી દેવકન્યા સમી રૂપવતી અને સર્વકલા પારંગત છે. નૃત્યમંગલાના પદગૌરવ વડે વિભૂષિત બની છે.

આ સમાચાર સાંભળીને તામ્રચૂડ હર્ષમાં આવી ગયો. તે બોલ્યો "વત્સ, તેં ઘણા શુભ સમાચાર આપ્યા, હું છેલ્લા દસ વર્ષથી આવી જ એક રૂપવંતી કન્યાને ઝંખી રહ્યો છું, મારી વૃદ્ધાવસ્થા નષ્ટ કરીને

નવયૌવન પ્રાપ્ત કરવાની મારી તમન્ના હવે પુરી થશે. રાજા વિજયસેનની રાજકન્યાનું ઉગતું યૌવન મારી કાયામાં દાખલ કરી શકાશે અને એના બલિદાનથી કાળભૈરવને પણ સાધી શકાશે. આજ રાતે જ હું દૈવીદર્પણમાં તેને જોઇ લઇશ. ''

એમ જ થયું.

રાતનો પ્રથમ પ્રહર પુરો થયા પછી તામ્રચૂડે કળાભૈરવીની ભયંકર અને વિકરાળ મૂર્તિ સામે બેસીને દૈવી દર્પણ એક પેટિકામાંથી બહાર કાઢ્યું.

આ દૈવી દર્પણ ચળકતા અરીસા જેવું નહોતું પણ કાળા સુંવાળા અને ચમકદાર પત્થરનું ચોરસ સ્વરૂપ હતું. પત્થરના એ માયાવી ટૂકડા ફરતી સોનાની જડતરવાળી કિનારી બાંધવામાં આવી હતી.

તામ્રચૂડે પોતાની સામે પડેલી એક પત્થરની ત્રિપદિ પર આ દર્પણ ગોઠવ્યું ત્યારપછી ધૂપ દીપ વડે દર્પણની પૂજા કરી અને કંઇક મંત્રોચ્ચાર કરીને કહ્યું: ' હે દૈવી દર્પણ, મારા શિષ્ય શ્રીપદે દેવશાલ નગરીના રાજા વિજયસેનની કન્યા અંગે જે માહિતી આપી છે તે જાણવા ખાતર હું રાજકન્યાને જોવા ઇચ્છું છું. જરાયે વિલંબ કર્યા વગર મારી ઇચ્છા પૂર્ણ કર. ''

તામ્રચૂડના બંને શિષ્યો શ્રીપદ અને નંદક બાજુમાં જ બેઠા હતા. બંને ગુરુદેવના વદન સામે જોઈ રહ્યા હતા. તામ્રચૂડની નજર દૈવી દર્પણ સામે સ્થિર બની ગઇ... અને...

અને વળતી જ પળે એ કાળા દર્પણમાં આછા પ્રકાશથી ઉભરાતો એક ખંડ દેખાયો, ખંડની એક દિશામાં પલંગ પડયો હતો. એક તરફનું વાતાયન ખુલ્લું હતું. એ વાતાયનમાંથી પણ ચંદ્રનો સ્નિગ્ધ પ્રકાશ પલંગની શય્યા પર પડતો હતો...

એ પલંગ પર કોમળ પુષ્પો સમી રાજકન્યા કલાવતી સૂતી હતી. શ્વેત રંગની કૌશેય ચાદર વડે તેનો ગળા સુધીનો ભાગ ઢંકાયેલો હતો. પરંતુ ચંદ્રના સત્વ સમું તેનું વદન સ્વચ્છ દેખાતું હતું.

દર્પણમાં દેખાતી રાજકન્યાનું વદન જોતાં જ તામ્રચૂડના ભયાનક ચહેરા પર હાસ્ય અને આનંદની રેખાઓ દોરાણી. તે બોલી ઉઠયો: " વાહ વાહ ! કાળભૈરવીને પ્રસન્ન કરી શકાય એવી તમામ સામગ્રી આ રાજકન્યાના રૂપમાં ભરી પડી છે. બસ... બસ..."

શિષ્યો પણ પ્રસન્ન નજરે દર્પણ સામે અને ગુરુદેવના વદન સામે જોતા હતા.

તામ્રચૂડે મંત્રોચ્ચાર કરીને પોતાનું કાર્ય સમાપ્ત કર્યું અને દૈવીદર્પણને સંભાળપૂર્વક બંને હાથ વડે લઇ, મસ્તકે અડાડી, પૂર્વવત્ પેટિકામાં ગોઠવી દીધું. ત્યારપછી શ્રીપદ સામે જોઇને કહ્યું: " શ્રીપદ, તું અને નંદક આવતી કાલે નગરીમાં જજો. કેટલીક સામગ્રીઓ એકત્ર કરવી પડશે. હું તમને સઘળી યાદી આપીશ, હવે સૂઈ જાઓ...એક સપ્તાહ પછી મારે દેવશાલ નગરીમાં જવું પડશે. "

નંદકે કહ્યું; " ગુરુદેવ. દેવશાલ નગરીમાં આપ એકલા જશો ? "

' ના...તારે અહીં મારી સૂચના મુજબ બધી તૈયારી કરવાની છે...શ્રીપદને હું સાથે લઇ જઈશ. પણ દેવશાલ જતાં પહેલાં કાળભૈરવની સાધના અંગેની સઘળી તૈયારી પૂર્ણ કરવાની રહેશે. "

શ્રીપદે કહ્યું; " ગુરુદેવ, આ રાજકન્યાને આપણા આશ્રમમાં કેટલા દિવસ રાખવી પડશે. ''

" ચાલીશ દિવસ... ચાલીશ દિવસના પ્રયોગથી હું નવજવાન બની જઇશ અને એકતાલીશમા દિવસે કાળભૈરવીનું ખપ્પર રાજકન્યાના રક્ત માંસથી છલકાઈ જશે... એજ સમયે કાળભૈરવી મારી સામે આવશે અને મારે જે જોઇએ તે વરદાન આપશે. "

" આપની શક્તિને ધન્ય છે. કૃપાળુ...પરંતુ રાજકન્યાને આપ લાવશો કેવી રીતે ? " નંદકે પ્રશ્ન કર્યો.

તામ્રચૂડે હસતાં હસતાં કહ્યું; " વત્સ, એને લાવવા માટે જ હું દેવશાલ જવાનો છું. કોઇપણ ઉપાયે એને લાવવી પડશે...અથવા તો સમ્મોહન વિદ્યાના પ્રભાવે તેણીને મારી પાછળ પાછળ ખેંચવી પડશે. "

ત્યારપછી આ અંગેની કેટલીક વાતો કરીને તામ્રચૂડ અને તેના શિષ્યો શય્યા પર પડયા.

રાજકન્યા કલાવતીને આ રીતે પકડી લાવવાની જે રાત્રિએ તામ્રચૂડ યોજના કરી રહ્યો હતો, તે રાત્રિએ

નવકારમંત્રનું સ્મરણ કરીને પોઢી ગયેલી કલાવતી એક અતિ પાવનકારી સ્વપ્ન નિહાળી રહી હતી. શ્રી જિનેશ્વર ભગવંતના મંદિરમાં પોતે ચૈત્યવંદન કરી રહી હતી અને ભગવંતની પ્રતિમા સામે ભાવભરી નજરે જોતી જોતી મધુર સ્વરે સ્તવન ગાઈ રહી હતી.

તામ્રચૂડના પ્રાણમાં નવયૌવનની અને કાળભૈરવીને પ્રસન્ન કરી ધાર્યું કાર્ય કરવાની શક્તિ મેળવવાની લાલસા જાગી હતી.

નૃત્યમંગલા રાજયકન્યા શ્રી જિનેશ્વર ભગવંતની સૌમ્ય પ્રતિમા સામે બેસીને સ્વપ્નામાં પણ સ્તવન ગાઇ રહી હતી.

બંને બળ હતાં... બંને શક્તિ હતી... એકની શક્તિ દાનવી હતી... બીજાની શક્તિ માનવી હતી.

પણ દાનવી શક્તિવાળાને એ ખબર પણ ન હોતી કે કોઇના લોહીથી, કોઇના વિનાશથી કે કોઇના અમંગળથી કદી પણ નવયૌવન પ્રાપ્ત થતું જ નથી.

એ મેલી વિદ્યામાં રાચતો હતો...એને એટલીયે ખબર ન હોતી કે-જગતમાં કોઇપણ પ્રાણી કાયાની અવસ્થાને નિવારી શક્યો નથી!

એક વાર કાયા પર બેસી ગયેલી જરા લાખ લાખ ઉપાયે, પ્રયોગે અને પુરૂષાર્થે કદી વિદાય લેતી નથી.

પરંતુ આ સત્ય હોવા છતાં તામ્રચૂડ માનતો હતો કે જરાને નવયૌવનમાં પલટી શકાય છે...રૂપવતીના યૌવનથી, લોહીથી...બલિદાનથી!

જ્ઞાન અને અજ્ઞાનનો આ સનાતન સંઘર્ષ શું કદી નહિં પુરો થાય?

ક્યાંથી પુરો થાય? બંનેની દિશા જૂદી છે... બંનેના લક્ષ્ય જૂદાં છે, બંનેના પરિણામ પણ જૂદાં છે!

અને જ્યાં વિરોધાભાસ છે ત્યાં જ સનાતન સંઘર્ષ રહેતો હોય છે. [ચાલુ]

# 'કલ્યાણ' દ્વારા યોજાતી ઈનામી હરીફાઈ.

## નામસ્તવસૂત્ર લેખન પારિતોષિક યોજના.

'કલ્યાણ'ની લોકપ્રિયતા તથા નિસ્વાર્થ-ભાવે સાહિત્ય પ્રચાર કાજે થતા સંચાલનથી તેના પ્રત્યે સમાજના ધર્માનુરાગી ઉદારદિલ આત્માઓનું અનન્ય આકર્ષણ થયું છે, આ કારણે 'કલ્યાણ' દ્વારા અવાર નવાર સમાજમાં શ્રદ્ધા, શિક્ષણ, તથા સંસ્કારનો પ્રચાર કરવા કાજે અનેક ઉદારદિલ ધર્મશીલ સદ્‌ગૃહસ્થોના સહકારથી ઇનામી યોજનાઓ પ્રસિધ્ધ થતી રહે છે.

તેવી જ એક ઇનામી હરિફાઇ અહિં પ્રસિદ્ધ થાય છે, જે પ્રત્યે અમે સર્વ કોઇ ધર્મ-શીલ ભાઇ-બ્હેનોનું ધ્યાન ખીંચીએ છીએ. આવી હરીફાઇ યોજવામાં યોજકોનો એ શુભ આશય છે કે, જેમ બને તેમ સમાજમાં ધર્મ-શ્રધ્ધા, શિક્ષણ, સંસ્કાર, જપ, ધ્યાન, ચિત્તની એકાગ્રતા, નિર્મલતા ઇત્યાદિ સુંદર તત્ત્વોનો પ્રચાર વિશેષપણે વૃધ્ધિને પામતો રહે!

આવા જ ઉદાત્ત આશયથી **નિપાણી** (જી. બેલગામ) **નિવાસી** ધર્માનુરાગી ઉદારદિલ ભાઇ શ્રીયુત **રેવચંદ તુલજારામ શાહ** તરફથી રૂા. ૨૦૧ સુધી વ્હેંચવામાં આવશે.

### ઉદ્દેશ વ્યવસ્થા અને નિયમો:

આ હરિફાઇનું નામ '**કલ્યાણ-લોગસ્સ** (નામસ્તવ) **લેખન પારિતોષિક યોજના,**' એ રહેશે. તેના ઉદ્દેશ અને વ્યવસ્થાના નિયમો નીચે મુજબ છે.

(૧) નામસ્તવ-લોગસ્સ સૂત્ર કે જે શ્રી ગણધર ભગવંત પ્રણીત છે. તેનું વારંવાર રટણ

અને મનન રહે તે માટે, તથા ચિત્તની તેમાં એકાગ્રતા જળવાઈ રહે તે એક શુભ આશયથી આ યોજના રાખી છે.

(૨) સારા કાગળોમાં [એકસરસાઇઝ નોટ બુકમાં] સુંદર અક્ષરોથી સ્વચ્છ શલીમાં શબ્દ-શુધ્ધિ તથા અર્થશુધ્ધિ જળવાઇ રહે તે રીતે જેમ બને તેમ વધુ સંખ્યામાં લોગસ્સ સૂત્ર લખવા.

(૩) કાગળની એક જ બાજુયે, પણ ચોકૂખા અક્ષરોમાં, છુટા-છવાયા અક્ષરોથી લોગસ્સ સૂત્ર સંપૂર્ણ લખવાનું, અને જેમ બને તેમ વધારે સંખ્યામાં લખવાનું.

(૪) સંધિ, પદ, ગાથા ઇત્યાદિ બરાબર જાળવીને પધ્ધતિપૂર્વક લખી મોકલાવવું.

(૫) આ હરિફાઇમાં ભાગ લેનારની વય વધારેમાં વધારે ૧૮ વર્ષથી ઉપર ન જોઇએ.

(૬) આ હરિફાઈ પ્રસિધ્ધ થયા પછી બે મહિનાની અંદર છેવટે તા. ૧૫-૪-૫૭ના હરિફાઇનું લખાણ પોસ્ટમાં નાખવાનું રહેશે.

(૭) લેખન હરિફાઇમાં ભાગ લેનારે જ્યારે લોગસ્સ સૂત્ર લખવાનો હોય ત્યારે તે સૂત્ર જેમાં હોય તેવું કોઈ પણ પુસ્તક લખતી વખતે નજર સામે નહિં રાખવાનું, એટલે પુસ્તકમાં જોઇને લોગસ્સ સૂત્ર નહિ લખવા.

(૮) આમાં દર્શાવેલા નિયમોમાંથી નિયમ ૫ તથા ૭ ને। અમલ પ્રામાણિકપણે કર્યો છે તેની ખાત્રી માટે વડિલની સહી સાથે લખાણ મોકલવું.

(૯) એટલે કે, નામસ્તવસૂત્રની લેખન-હરિફાઇનું લખાણ અમારા ઉપર મોકલતા પહેલાં નિયમ નં. ૫ તથા નિયમ નં ૭ નું પાલન બરાબર કર્યું છે. તે પ્રમાણેની સાક્ષી જોઇએ, તે માટે સહી જોઇશે

(૧૦) આવેલા સઘળાયે નિબંધનો હક્ક 'કલ્યાણ' કાર્યાલયને। રહેશે.

(૧૧) ઇનામોની વહેંચણી, જેઓના તરફથી ઈનામો અપાય છે, તેમની તથા પરીક્ષક સમિતિની ઇચ્છા પ્રમાણે રહેશે.

(૧૨) લોગસ્સસૂત્ર વધારેમાં વધારે સંખ્યામાં શુધ્ધિ ઉપર લક્ષ્ય દઇને, સ્વચ્છ અક્ષરોમાં, સુંદર અને આકર્ષક ઢબે, કલાત્મક શૈલિમાં લખાયેલ હોય તો, માર્ક આપતી વખતે આ હકીકતને અનુલક્ષીને માર્ક વધુ અપાશે.

(૧૩) પ્રથમ ઇનામમાં વધારેમાં વધારે રૂા. ૬૧, અપાશે. બીજું ઇનામ વધારેમાં વધારે રૂા. ૫૧ નું રહેશે. ત્રીજું ઈનામ વધારેમાં વધારે ૩૫ નું રહેશે. ચોથું ઈનામ વધારેમાં વધારે રૂા. ૨૧ નું, અને પાંચમું ઈનામ રૂા. ૧૫ નું તેમજ છઠ્ઠું રૂા. ૧૧, અને સાતમું ઈનામ રૂા. ૭ નું રહેશે. એકંદરે કુલ ઇનામ રૂા. ૨૦૧ નું રહેશે.

(૧૪) ઈનામના રૂા. ની વહેંચણીમાં ફેરફાર કરવાનો હક્ક પરીક્ષક-સમિતિને। રહેશે, તેમજ ઉત્તેજનપાત્ર લેખકોને પણ યોગ્ય પારિતોષિકો અપાય તે દૃષ્ટિ ઈનામોની વહેંચણીમાં રહેશે.

(૧૫) તા. ૧૫-૪-૫૭ ને। દિવસ આ હરિફાઇને। છેલ્લો દિવસ ગણાશે. ત્યારબાદ એક મહિનામાં એટલે તા. ૧૫-૫-૫૭ ના અંકમાં તેનું પરિણામ પ્રસિધ્ધ થશે.

લેખન-નિબંધ મોકલવાનું સ્થળ-

**કલ્યાણ પ્રકાશન મંદિર પાલીતાણા.**

**તા. ક:**- હરિફાઈમાં ભાગ લેનારે પોતાનું નામ, વય, પૂરૂં ઠેકાણું ઇત્યાદિ બરાબર લખીને મોકલવું.

# તમે તમારી જાતને સહાય કરો !

## —: શ્રી એન. એમ. શાહ :—

દરેક વ્યક્તિ, દરેક આત્મા પોતાનો ગુપ્ત મદદગાર બની શકે છે, એ નિઃસંદેહ છે. god helps him who helps himself 'ઈશ્વર જે પોતાને મદદ કરે, તેને મદદ કરે છે.' એ વાક્યને વધુ સારી રીતે કહેવું હોય તો દરેક વ્યક્તિમાં પોતામાં ગુપ્ત શક્તિ છુપાએલી છે, તેને વ્યક્ત કરવામાં, તે પુરુષાર્થમાં જ એ મદદનું રહસ્ય છુપાએલું છે.

રાગ–દ્વેષરહિત ઈશ્વર અકર્તા છે, એટલે એ મદદ કરે નહિ, એમ સમજી શકાય છે. પણ જેને રાગ–દ્વેષ ક્ષય કરવાના છે, જે શુભ કર્મોથી આકર્ષાય છે, તે સમ્યગ્દૃષ્ટિ દેવ લાયક વ્યક્તિને મદદ કરે છે.. લાયક એટલે જેનામાં સદ્‌ગુણો છે, સદ્‌ભાવનાઓ છે તે.

મનુષ્ય માત્ર કર્મના નિયમને આધીન છે. એટલે તે જેવાં કર્મ કરે તેવું ફળ પામે છે. પ્રાર્થનાની આંતરિક શક્તિઓને વેગ મળે છે, અને કર્મો તોડી શકાય છે, એવું એનું બળ છે.

પરંતુ 'ગુપ્ત મદદ' એમ સહજમાં મળતી નથી. એ માટે હૃદયને અમુક ચોક્કસ પદ્ધતિએ કેળવવું પણ જરૂરી છે. ગુપ્ત મદદ મેળવવા માટે હૃદયને શુદ્ધ અને પવિત્ર બનાવવું જરૂરી છે, કારણ કે દેવ શુધ્ધ અંતઃકરણમાં જ વાસ કરે છે.

સૂક્ષ્મ ગુપ્ત શક્તિઓ આપણને મળે તે સારૂં આપણે આપણું ધ્યેય ઊંચું રાખવું જોઈએ. આ સંસારમાં મોટા ભાગના માનવીઓ ધ્યેય વિના જ દુઃખ–આપત્તિ પામે છે. એટલે જે ઉચ્ચ ધ્યેય રાખ્યું હોય તેને પાર પાડવા માટે પ્રબળમાં પ્રબળ પુરુષાર્થ કરતા રહેવું.

એ માટે ઇંદ્રિયજય અથવા વાસનાક્ષયની આવશ્યકતા છે. આપણો સ્વભાવ અથવા લાગણી ઉપર કાબૂ હોવો જરૂરી છે. વિચારબળ એ સઘળાં બળ કરતાં મોટું બળ છે. જ્ઞાનતંતુઓ ઉપર પૂરતો કાબૂ હોવો જોઇએ. દુષ્ટ ઇચ્છાઓને વશ રાખવી જોઇએ.

આ માર્ગે જવું છે તેનામાં ચિંતા, ઉદાસીનતા, ઉદ્વેગ, શોક, વગેરે બિલકુલ અસર ન કરી શકે. તેવી મનની શાંતિ જાળવવાની ઘણી જરૂર છે. ગુપ્ત મદદગાર થવા ઇચ્છનારે જે કામ કરવાનું છે, તે લોકોને શાંતિ આપવાનું, લોકોની દિલગીરી અને ઉદાસી દૂર કરવાનું છે. પણ મદદ કરનાર પોતે રાગ–દ્વેષમાં બંધાએલો હોય તો બીજાને મદદ કરી શકે નહિ. એટલે જેઓ આત્મશક્તિમાં માનનારા છે, તેઓએ તો મૂર્ખાઇભરેલો સંક્ષોભ અને વગર કારણની નકામી ચિંતા અથવા ઉદાસીનતાને પોતાના દિલમાંથી દૂર કરવી જોઈએ.

જેને 'ગુપ્ત મદદ' મેળવવાની ઇચ્છા છે તેણે પ્રત્યેક માનવીમાંથી જે કાંઇ સારૂં અને સ્થાયી તત્ત્વ હોય તે ગ્રહણ કરવું જોઇએ. જે કાંઇ અશુભ હોય તે છોડવું જોઇએ.

એ માટે જ્ઞાન સંપાદન કરવું પણ જરૂરી છે. જ્ઞાન એમ તો પ્રત્યેક આત્મામાં છે, પણ મોહ, મિથ્યાજ્ઞાન, તથા અજ્ઞાનના કારણે તે ઢંકાઈ ગએલું છે. એટલે જ્ઞાનના પુસ્તકો સંભાળપૂર્વક વાંચી, મનન, ચિંતન, કરવાં જોઇએ. જે સારાં અભ્યાસ કરવા લાયક પુસ્તકો વાંચી ચિંતન કરતો નથી, તે કશું ઉપયોગી કામ કરી શકતો નથી. સત્પુરૂષોનો સમાગમ પણ

કરવો જોઈએ. સત્સંગ લોખંડને પણ પારસ કરી શકે છે.

પરંતુ સૌથી છેલ્લો ગુણ વિશ્વવાત્સલ્યનો છે. આ વાત્સલ્ય કે સ્નેહ એટલે ફક્ત શબ્દોમાં દર્શાવાતો, અથવા સંજોગો બદલાતા બદલાતો કાંઈક ક્ષણિક જુસ્સો નથી. જેનામાં સત્યને ખાતર હિંમતથી ઊભા રહેવાની તાકાત નથી, તેમજ જે લાગણી લાગણીરૂપે જ રહે છે પણ કદાપિ કાર્યના રૂપમાં બદલાતી નથી, તે પણ પ્રેમના નામને યોગ્ય નથી. વાત્સલ્ય તો હૃદયનો પવિત્ર ગુણ છે. અન્યનું શ્રેય કરવાની ભાવનાયુક્ત છે, સંત-મહાત્માઓની આજ્ઞા ઉઠાવવાને તૈયાર છે.

ગુપ્ત મદદગાર થવા ઇચ્છનારમાં ઇંદ્રિયજય, ક્ષમા, સમ્યગ્જ્ઞાન, અને કરૂણા હોવાં જરૂરી છે. આ સ્થિતિ પ્રાપ્ત થવી મુશ્કેલ છે, છતાં નિરાશ થવાની જરૂર નથી. સંપૂર્ણ ભાન સાથે સતત પ્રયત્ન કરવો જ જોઈએ.

મનુષ્ય જો ઇચ્છા કરે તો ઉંઘમાં પણ પરોપકારનું કામ કરી શકે છે. ઉંઘમાં આપણે ઘણા ભાગે વિચારોમાં તલ્લીન હોઇએ છીએ. આપણા દિવસની જાગૃતિમાં મુખ્ય જે વિચાર હોય, તે વિચારમાં ઘણા ભાગે આપણે ઉંઘમાં રોકાઇએ છીએ. એટલે સૂતી વખતે જે વિચાર મુખ્ય કર્યો હોય, એ ઉંઘમાં પોષાય છે, કોઈનું પણ અહિત નહિ કરવાની અને બની શકે તો સર્વ કોઈનું નિઃસ્વાર્થભાવે હિત કરવાની ઇચ્છા કરતાં આપણે નિદ્રાધીન બનવું, જેને તમે મદદ કરવા માંગતા હશો, તે ઘણા દૂર હોવા છતાં પણ મદદ જરૂર મળશે. આવા ઘણા દૃષ્ટાંતો નોંધાએલા છે.

જે મનુષ્ય સદ્‌વિચાર કરી શકે છે તે બીજાને મદદ પણ કરી શકે. શુભ સંકલ્પ એ ખાલી હવાઇ કલ્પના નથી, પણ એ નક્કર વસ્તુ છે, અને જેની અંતરદૃષ્ટિ ખૂલેલી છે, તે સદ્‌વિચારને જોઈ પણ શકે છે. દરેક મનુષ્ય શુભ વિચારો કરીને પરમાર્થી બની શકે છે, એ નિઃસંદેહ છે.


# મીનાકારી સિદ્ધચક્રજી વગેરે

અમોને જણાવતાં હર્ષ થાય છે કે, અમોએ હાલમાં મીનાકારી **શ્રી સિદ્ધચક્રજી**, પ્રગટ પ્રભાવી **પાર્શ્વનાથ, વીર ઘંટાકર્ણ માણિભદ્ર, ચક્રેશ્વરી** માતા વગેરે બનાવી પ્લાસ્ટીકની ડબીમાં ફીટ કર્યા છે.

પૂ. સાધુ-સાધ્વી, શ્રાવક, શ્રાવિકા દરેકને ઉપયોગી વસ્તુ છે. દરેક નંગ ૧ ની કિંમત રૂા. ત્રણ રાખી છે.

તે સિવાય ઉપરની દરેક વસ્તુ ચાંદીમાં તથા સોનેરી ગીલેટમાં મળશે, ડઝન એકના રૂા. ૧૮ સોનેરીના ડઝનનો ભાવ રૂા. ૨૪) પોસ્ટ-પેકીંગ ખર્ચ અલગ છે.

**તા. ક** તે સિવાય આંગી, મુગટ, પાખર, ચૌદ સ્વપ્નાં વગેરે, પંચધાતુની પ્રતિમાઓ, વીશસ્થાનકના નવપદ ઇંચ ૧૧ ના રૂા. ૧૫૧.

મળો યા લખો : **લુહાર રામજી પ્રેમજી - પાલીતાણા** (સૌરાષ્ટ્ર)

# બૌદ્ધધર્મના પ્રચારના નામે ફેલાવાતી ભ્રમણા.

**—: શ્રી 'સુયશ' :—**

**અમદાવાદથી પ્રસિદ્ધ થતા માસિક 'શ્રીરંગ'માં આજથી ચાર માસ અગાઉ તેના એક અંકમાં જૈનધર્મને અંગે કેટલીક ભ્રામક વાતો પ્રસિદ્ધ થઇ હતી. જેમાં મુખ્યત્ત્વે બૌદ્ધધર્મની મહત્તા સિદ્ધ કરવા જૈનધર્મને વિષે અયોગ્ય હકીકતોનો ઉલ્લેખ થયો હતો. આજકાલ હિંદમાં તેના રાજકીય આગેવાનોનો ઝોક રાજકારણના અંગે બૌદ્ધધર્મ તરફ વળ્યો છે. એટલે તેમને રાજી રાખવા ખાતર ઘણા લેખકો બૌદ્ધધર્મ વિષે ઉંડાણુને ભણ્યા-સમજ્યા વિના જે કાંઇ લખાણો પ્રસિદ્ધ કરે છે, તેમાં મુખ્યત્ત્વે જૈનધર્મ વિષેના તેઓનાં અજ્ઞાનથી 'મોર નાચે છે, પણ પૂંઠ ઉઘાડી પડે છે.' જેવી ઉપહસનીય દશા તેમની થાય છે. ખરેખર એ કેવલ દયાપાત્ર હકીકત છે કે, પોતે જે દેશમાં આજે વસે છે, તે દેશની લાખોની વસતિ જે જૈનધર્મને માને છે, તે ધર્મ વિષેની સાચી હકીકત જાણવાની જેઓને ફુરસદ નથી, તે લોકો આજે પોતાની જાતને લેખક કહેવડાવે છે, અને પરદેશમાં ફેલાયેલા બૌદ્ધધર્મના પ્રચારનો વાવટો લઇને ફરે છે,**

**'શ્રીરંગ'માં આવેલા તે લેખનો ટુંકો જવાબ લેખકશ્રીએ તૈયાર કરી, પ્રસિદ્ધિ માટે તેના સંચાલકોને મોકલાવેલો, તે લેખ બે મહિના સુધી પોતાની પાસે રાખ્યા બાદ 'પ્રસિદ્ધ નહિ થઇ શકે' એમ કહીને માસિકના સંપાદકે પાછો મોકલ્યો, તે લેખ અહિં 'શ્રીરંગ'ના લેખના જવાબરૂપે મુદ્દાસર ટુંકમાં રજુ થાય છે. —સં૦**

ગુજરાતમાં લાખો જૈનો છતાં ગુજરાતના લેખકો ભગવાન શ્રી મહાવીરદેવને જૈનધર્મના સ્થાપક તરીકે ઓળખાવે ત્યારે ભારે આશ્ચર્ય સાથે ખેદ થાય. ભગવાન મહાવીર એ જૈનધર્મના સ્થાપક નથી, પણ તે પહેલાં જૈનધર્મના પ્રચારક ૨૩ તીર્થંકર ભગવાનો થઇ ગયા છે. ભગવાન મહાવીર તો છેલ્લા ૨૪ મા અને આ યુગના વર્તમાન અવસર્પિણી કાલના અંતિમ તીર્થંકર છે. જો સ્થાપક કહેશો તો જૈનધર્મ ત્યારથી જ શરૂ થયો એવું ખોટું વિધાન થઇ જશે. આ યુગની અપેક્ષાએ પ્રથમ તીર્થંકર ભગવાન શ્રી ઋષભદેવસ્વામી થયા, અને એમને આ યુગની અપેક્ષાએ આદિ જૈનધર્મના પ્રસ્થાપક કહી શકાય. આમને જ વૈદિકોએ ઋષભ-અવતાર તરીકે સ્વીકારી લીધા છે. ભગવાન શ્રી પાર્શ્વનાથસ્વામી ૨૩ મા તીર્થંકર તરીકે ઓળખાય છે.

વૈદિકો ને બૌદ્ધો પોતાના ૨૪ અવતારો, બુદ્ધો જેમ માને છે તેમ જૈનો પણ ૨૪ તીર્થંકરો દરેક યુગમાં થાય છે તેમ માને છે. વૈદિકો એક જ વ્યક્તિ ભિન્ન ભિન્ન અવતારરૂપે જન્મ લે છે એમ કહે છે, જ્યારે જૈનો ભિન્ન ભિન્ન વ્યક્તિઓ જ ઇશ્વરી સ્વરૂપ બનીને વિશ્વને કલ્યાણનો માર્ગ બતાવે છે, એમ કહે છે.

શ્રીરંગના આઠમા અંકના ૧૮ મા પાનામાં 'પંચશીલ'ના મથાળા નીચે વીણાઃ દિક્ષિતે ભગવાન મહાવીરના પાંચ નિયમો જણાવ્યા છે. તે મુખ્ય પંચશીલ નથી. એ તો 'નિયમો' છે, પણ 'યમો' નથી. 'યમો' એ મુખ્ય સિદ્ધાંતરૂપે હોય છે ને 'નિયમો' પ્રસ્તુત 'યમો'ના પોષક હોય છે. ત્યારે ભગવાન મહાવીરે 'પંચશીલ' કયા બતાવ્યા ? તો તેમણે નીચે મુજબના પંચશીલ પ્રબોધ્યા છે.

૧. સૂક્ષ્મ કે સ્થૂલ, ચલ કે અચલ પ્રકારના ભૂતો, સત્ત્વો કે પ્રાણીઓની, રાગ-દ્વેષને વશ બનીને મન, વચન, કાયાથી હિંસા કરવી નહિં, બીજા પાસે કરાવવી નહિ,

અને કરતાં હોય તેને અનુમોદન (ટેકો) આપવો નહિં.

૨. ક્રોધ, લોભ, ભય, હાંસી, ઠઠ્ઠા–મશ્કરીનાં નિમિત્તોને આધીન બની કદી અસત્ય બોલવું નહિ, બીજાં પાસે બોલાવરાવવું નહિ, અને અસત્ય બોલતા હોય તેને અનુમોદન આપવું નહિ.

૩. પ્રગટ કે અપ્રગટ રીતે નાની કે મોટી, સજીવ કે નિર્જીવ વસ્તુની ચોરી કદી પણ કરવી નહિં, બીજા પાસે કરાવવી નહિં, અને કરતો હોય તેને ટેકો આપવો નહિં.

૪. મનુષ્ય તિર્યંચાદિ જાતિની સ્ત્રી સાથે મન, વચન, કાયાથી સંગ કરવો નહિં, અન્ય પાસે કરાવવો નહિં, અને જેઓ કરતા હોય તેને અનુમોદન આપવું નહિ.

૫. અલ્પ મૂલ્યની કે બહુ મૂલ્યની હોય, નાની હોય કે મોટી હોય, સજીવ હોય કે નિર્જીવ હોય, પણ તેનો પરિગ્રહ–સંગ્રહ કરવો નહિં, બીજા પાસે કરાવરાવવો નહિં, અને કરતો હોય તેને ટેકો આપવો નહિં.

આ પ્રમાણે 'પંચશીલ' કહ્યા છે, જેને બુધ્ધશાસન 'શીલ' શબ્દથી બોલે છે, જ્યારે જૈનશાસન 'મહાવ્રત' શબ્દથી ( એટલે પંચ-મહાવ્રતો ) બોલે છે.

શ્રમણ ભગવાન મહાવીરે કહ્યું છે કે, જે પ્રાણી આ વ્રતો–શીલોને આચરણમાં મૂકશે તે આ સંસારનાં સમગ્ર દુઃખોથી મુક્ત થશે.

અત્યારે આ મહાવ્રતો ભગવાન શ્રી મહાવીર-દેવના સંઘના સાધુ–સાધ્વી, શ્રાવક–શ્રાવિકા આ આ ચાર અંગો પૈકી પ્રથમના બે અંગો સંપૂર્ણ રીતે અઢી હજાર વર્ષથી પાલન કરે છે. કારણ એ વર્ગે સંપૂર્ણ ત્યાગમાર્ગ સ્વીકારેલો છે, જ્યારે બીજા બે અંગો ( શ્રાવક–શ્રાવિકા ) ગૃહસ્થના છે, તેથી તે મહાવ્રતોનું પાલન તેમનાથી શક્ય જ નથી. ત્યારે તેમને માટે ભગવાને શક્તિ અનુસાર આચરણમાં મૂકવાનો આદેશ આપ્યો છે, અને આજે હજારો અનુ-યાયીઓ યથાશક્ય બાર વ્રતોનું પાલન કરે છે.

જૈન પરિભાષામાં સંપૂર્ણ ત્યાગને 'સર્વ-વિરતિ' અને આંશિક ત્યાગને 'દેશવિરતિ' કહેવાય છે.

પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવ ભગવાન જેને થયે અસંખ્યાતા વર્ષો થયા. એમણે પણ આ જ 'પાંચ મહાવ્રતો' જ સંપૂર્ણ પાપથી વિરમવા માટે પ્રબોધ્યા હતા.

તથાગત શ્રી બુધ્ધે જૈનઇતિહાસની માન્ય-તાનુસાર તથાગત શ્રી બુધ્ધને શ્રી પાર્શ્વનાથની પરંપરામાંથી નીકળ્યા છે, તેથી જૈન અને બૌદ્ધ ધર્મમાં સેંકડો બાબતોમાં આચાર, પ્રવ્રજ્યા, શિલ્પ, સ્થાપત્યકલા, મૂર્તિવિધાન, સંઘવ્યવસ્થા, પ્રાર્થનાસૂત્રો, ભાષા, ઉપદેશ, શાબ્દિક ઉપનામો વગેરેમાં અલ્પાધિકપણે સામ્ય જોવા મળે છે.

બાકી વાસ્તવિક રીતે જૈનધર્મમાં બધી વ્ય-વસ્થા, તત્ત્વજ્ઞાન, આચાર આદિ તદ્દન ભિન્ન ભિન્ન અને લોકોત્તર છે.

# શંકા અને સમાધાન

: સમાધાનકાર :

## પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજ

[ પ્રશ્નકાર:—સેવંતીલાલ રવચંદ શાહ પીંપળગામ (બસવંત) ]

**શં૦** શત્રુંજય ગિરિરાજ ઉપર પાંચ ક્રોડ મુનિવરોને એકી સાથે કેવલજ્ઞાન થયું કે દેહ છોડયો !

**સ૦** એક સમયમાં મધ્યમ અવગાહનાવાલા ૧૦૮ થી વધારે મોક્ષે જાય નહિ એટલે સમયાન્તર મોક્ષગમન સમજવું, પણ દિવસાન્તર સમજવું નહિ; કારણ કે સાથે મોક્ષગમન એક જ દિવસની અપેક્ષાએ ગણાય.

**શં** કાઉસ્સગ્ગ કરતી વખતે બીજો આદેશ માગીને સ્તુતિ અગર શાન્તિ બોલતો હોય અને તેની ભૂલ કાઢવા માટે આપણે કાઉસ્સગ્ગ પારીને ભૂલ કાઢી શકાય કે કેમ ?

**સ૦** કાઉસ્સગ્ગ પારીને ભૂલમાં સુધારો કરાવવામાં વાંધો લાગતો નથી.

**શં૦** ભગવાનને આપણે જે આંગળીથી પૂજા કરીએ છીએ એ જ આંગળીથી દેવ-દેવીની અષ્ટ મંગલની પૂજા થાય કે નહિ ?

**સ૦** સમકિત દૃષ્ટિ દેવ-દેવીને અંગુઠાથી તેમના કપાળે ફકત તિલક કરવાનું હોય છે પૂજા કરવાની હોતી નથી. અષ્ટમંગલને જે આંગલીથી પૂજા કરીએ છીએ તે આંગળીથી આલેખવારૂપ કરવાનું હોય છે.

**શં૦** ભગવાનને ત્રણ ભમતી આપીને પછી સ્તુતિ કરવી કે પહેલાં ?

**સ૦** પ્રથમ શ્રી વીતરાગભગવંતના દર્શન કરી પછી ભમતી ફરી જિનસ્તુતિ કરવી જોઈએ.

**શં૦** ત્રીજી નિસીહિ કહીને આપણે ભાવપૂજામાં જોડાણા પછી કોઇ ભગવાનની પૂજા બરોબર ન કરતું હોય અથવા તેને માલમ ન હોય તો તેને સમજાવી શકાય કે કેમ ?

**સ૦** જિનપૂજનના વિષયમાં સમજાવવામાં વાંધો નથી.

**શં૦** દૂધના વિગયમાં ગાડરીનું દૂધ ગણાવ્યું છે તો તે કેવી જાતનું પ્રાણી હશે ? એજ પ્રમાણે કુંતિઆનું પણ.

**સ૦** ગાડરી એટલે ઘેટી સમજવી. કુંતીઆનું મધ હોય છે તે એક જાતની ઝીણી ઉડતી માખી જેવી જીવાત હોય છે અને તેના પુડામાંથી મધ નીકળે છે.

**શં૦** હાથમાંથી ફળ અથવા નૈવેદ્ય નીચે પડી ગયા પછી તે સાથીયા ઉપર ચઢાવી શકાય કે કેમ ?

**સ૦** ચઢાવી શકાય.

**શં૦** સ્નાત્રમાં આવે છે કે- 'માય જિનનેજી વાંદી પ્રભુને વધાવીયા' તો આ વખતે ભગવાનને ખમાસમણ આપીને વધાવવા કે આપ્યા વગર !

**સ૦** પહેલા ખમાસમણ દઇ પછી વધાવવા જોઇએ.

**શં૦** સ્નાત્ર ભણાવી રહ્યા પછી આરતી

ઉતાર્યા પહેલાં તેની પૂજા કરીએ છીએ તે આરતી વખતે પૂજા કરવાની કે મંગલદીવા વખતે પૂજા કરવાની ?

**સ૦** આરતી ઉતાર્યા પહેલાં કેટલાક આરતિને છાંટણા છાંટે છે, કેટલાક આરતીને એક તિલક કરે છે. જ્યારે મંગલદીવો ઉતાર્યા પહેલાં તેને એક તિલક કરે છે આ મુજબનો વહેવાર છે.

[ પ્રશ્નકારઃ-**નગીન. શાહ. મોટીવાવડીકર** ]

**શં૦** પ્રતિક્રમણ કે સામાયિક કરતાં સ્થાપનાજી આડા કોઇ ઉતરે તો વિઘ્ન નડે ખરૂં ? જો કોઇ આડા ઉતર્યા હોય તો ફરીથી કરવું પડે ?

**સ૦** પ્રતિક્રમણ કે સામાયિકની વિધિ ચાલતી હોય અને કોઇ આડા ઉતરે તો વિઘ્ન આવે એવું કંઇ નથી. પણ ઈરિયાવહિઅ કરી આગલની વિધિ કરવી.

**શં૦** ચૌદશના દિવસે પક્ખિપ્રતિક્રમણને બદલે દેવસીયપ્રતિક્રમણ થઈ શકે ? જો દેવસીય પ્રતિક્રમણ કરીએ તો થોય, સ્તવન, સજ્ઝાય અને શાંન્તિમાં ફેરફાર થઇ શકે કે દેવસીય-પ્રતિક્રમણ પ્રમાણે કરી શકાય ?

**સ૦** પક્ખિપ્રતિક્રમણનો વિધિ આવડતો ન હોય તો ખુશીથી દેવસીયપ્રતિક્રમણ કરી શકાય, અને સ્તુતિ આદિ દૈવસિયપ્રતિક્રમણની જેમ બોલવાં.

**શં૦** શ્રીશત્રુંજય દર વરસે થોડો થોડો ઘટતો જાય છે. પહેલાં શત્રુંજય વલ્લભીપુર સુધી હતો તો આ કથન સત્ય કેવી રીતે માનવું ?

**સ૦** શ્રી શત્રુંજય ગિરિરાજ રોજ ને રોજ ઘટતો જાય છે તે વાત સત્ય છે. પહેલાં તે ગિરિરાજની તળેટી વડનગર હતી. રોજ ઘટતો જાય છે તેની પ્રતીતી આ છે, અને શ્રી જિનભાષિત વચન ઉપર શ્રધ્ધા રાખવી જોઇએ. વસ્તુ એક સરખી રહેતી નથી વધારો-ઘટાડો રહે છે. ઘણાય પહાડો નાના-મોટા થયા છે અને મોટા-નાના પણ થઈ ગયા છે, એમાં આશ્ચર્ય શું !

[ પ્રશ્નકારઃ-**એક જિજ્ઞાસુ.** ]

**શં૦** વીસ વિહરમાન જિનનાંનામ, વિજય, નગરી, પિતા, માતા, પત્નિ. અને લાંછન જણાવશોજી.

| સંખ્યા | જિનનામ | વિજય | નગરી | પિતા | માતા | પત્નિ | લાંછન |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | શ્રી સીમંધરજિન | પુષ્કલાવતી | પુંડરીકીણી | શ્રેયાંસ | સત્યકી | રૂકમણી | વૃષભ |
| ૨ | શ્રી યુગ્મંધરજિન | વપ્રવિલય | વિજયા | સુદૃઢ | સુતારા | પ્રિયમંગલા | હસ્તી |
| ૩ | શ્રી બાહુજિન | વચ્છવિજય | સુસીમા | સુગ્રીવ | વિજયા | મોહિની | હરિણ |
| ૪ | શ્રી સુબાહુજિન | નલિનાવતી | અયોધ્યા | નિસઢ | ભૂનંદા | કિંપુરૂષા | મર્કટ |
| ૫ | શ્રી સુજાતજિન | પુષ્કલાવતી | પુંડરીકીણી | દેવસેન | સના | જયસેના | સૂર્ય |
| ૬ | શ્રી સ્વયંપ્રભજિન | વપ્રવિજય | વિજયા | મિત્રભૂ | સુમંગલા | પ્રિયસેના | ચંદ્ર |
| ૭ | શ્રી ઋષભાનનજિન | વચ્છવિજય | સુસીમા | કીર્તિરાજ | વીરસેના | જયાવતી | સિંહ |
| ૮ | શ્રી અનંતવીર્યજિન | નલિનાવતી | અયોધ્યા | મેઘરાજ | મંગલા | વિજયાવતી | હસ્તી |
| ૯ | શ્રી સુરપ્રભજિન | પુષ્કલાવતી | પુંડરીકીણી | વિજય | વિજયા | નંદસેના | ચંદ્ર |
| ૧૦ | શ્રી વિશાલજિન | વપ્રવિજય | વિજયા | શ્રીનાગ | ભદ્રા | વિમલા | સૂર્ય |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧૧ | શ્રી વજ્રધરજિન | વચ્છવિજય | સુસીમા | પદ્મરથ | સરસ્વતી | વિજયા | શંખ |
| ૧૨ | શ્રી ચંદ્રાનનજિન | નલિનાવતી | અયોધ્યા | વાલ્મિક | પદ્માવતી | લીલાવતી | વૃષભ |
| ૧૩ | શ્રી ચંદ્રબાહુજિન | પુષ્કલાવતી | પુંડરીકીણી | દેવનંદ | રેણુકા | સુગંધા | પદ્મ |
| ૧૪ | શ્રી ભુજંગમજિન | વપ્રવિજય | વિજયા | મહાબલ | મહિમા | ગંધસેના | પદ્મ |
| ૧૫ | શ્રી ઇશ્વરજિન | વચ્છવિજય | સુસીમા | ગજસેન | જસા | ભદ્રવતી | ચંદ્ર |
| ૧૬ | શ્રી નમિજિન | નલિનાવતી | અયોધ્યા | વીરરાજ | સેના | મોહિની | સૂર્ય |
| ૧૭ | શ્રી વીરસેનજિન | પુષ્કલાવતી | પુંડરીકીણી | ભૂમિપાલ | ભાનુમતી | રાજસેના | વૃષભ |
| ૧૮ | શ્રી મહાભદ્ર | વપ્રવિજય | વિજયા | દેવરાજ | ઉમા | સૂરિકંતા | હસ્તી |
| ૧૯ | શ્રી દેવજસ | વચ્છવિજય | સુસીમા | સર્વભૂતિ | ગંગા | પદ્માવતી | ચંદ્ર |
| ૨૦ | શ્રી અજિતવીર્ય | નલિનાવતી | અયોધ્યા | રાજપાલ | કાનિનીકા | રત્નમાલા | સ્વસ્તિક |

શ્રી વિજયલબ્ધિસૂરીશ્વરજી સંગૃહિત વિજયકમલસૂરીશ્વરજી શાસ્ત્રસંગ્રહ ખંભાતના હસ્તલેખિત ભંડારમાંથી ઉપલબ્ધ થયેલા પાના ઉપર આ મુજબનું લખાણ છે.

# જિનપૂજાની જુની અને નવી પદ્ધતિ

**—શ્રી ઉજમશી જુઠાભાઇ શાહ—અમદાવાદ**

'શ્રી જિનપૂજા પદ્ધતિ' નામની પુસ્તિકામાં જુની અને નવી પૂજા પધ્ધતિનો ભેદ પાડી જે કંઇ લખ્યું છે. તેથી ખાસ કોઇ ઉપયોગી હેતુ સરે તેમ જણાતું નથી. બલકે તે લખાણ એક યા બીજા પ્રકારે અસંગત હોવાથી અનર્થ ઉપજાવનારૂં બને તેવો સંભવ છે, અને તેથી અત્રે, કેટલીક મહત્વની છણાવટ કરવી આવશ્યક છે.

જૂની અને નવી પૂજા પધ્ધતિનો ભેદ પાડી તેઓશ્રી જે કંઇ પરિવર્તનો વર્ણવે છે, તેનો પરિણામની દૃષ્ટિથી વિચાર કરતાં શ્રી જિનપૂજાના મૂળભૂત હેતુને કયાંય બાધ આવતો નથી. કે જૈનધર્મના સિધ્ધાંતોને તે મુદ્દલ બાધક નથી.

જૈનધર્મના મૂળભૂત સિધ્ધાંતોને જે મુદ્દલ બાધક ન હોય, તત્ત્વોને મૂળહેતુ હણાતો ન હોય અને ભક્તોની ભાવવૃધ્ધિમાં કારણુ હોય તેવા પરિવર્તનોને જૈનદર્શન કદી અયોગ્ય ઠેરવે નહિ.

પંચોપચારી, અષ્ટોપચારી અને સર્વોપચારી એ ત્રણે પ્રકારની પૂજાનો જે વિધિ છે, તેનો વિવેકયુક્ત રીતે પરસ્પર સમન્વય સાધીએ તો ચાલુ ( શાસ્ત્રોક્ત ) પૂજા પધ્ધતિમાં કયાંય બાધ નહિ જણાય.

सव्वोवयारजुत्ता, ण्हाणच्चणनट्टगीयमाईहिं ।
पत्ताइएसु कीरइ निच्चं वा इड्ढीमंतेहिं ॥

અર્થાત્—સર્વોપચાર યુક્ત પૂજા સ્નાન, વિલેપન નાટય, ગીત આદિની સાથે પર્વાદિમાં કરાય છે. અથવા ઋદ્ધિમંત ગૃહસ્થોદ્વારા રોજ પણુ કરાય છે.

ઉપર્યુક્ત પ્રકારનું શાસ્ત્રકથન છે જે તેઓશ્રીએ પોતાના લખાણુમાંજ સ્વીકાર કર્યો છે. છતાં પણુ નિત્ય સ્નાન વિલેપન વિધિનો તેઓ વિરોધ કરતા હોય તેમ જણાય છે.

વિવેકદૃષ્ટિથી વિચારીએ તો શ્રી સંઘ એ,

કોઈપણ—ઋધ્ધિમન્ત વ્યક્તિ કરતાં અનેકગણો સમર્થ છે અને તે શ્રી સંઘસમૂહ મળી સ્નાન વિલેપન આદિની સાથે શ્રી જિનપૂજા નિત્ય ઉપયોગપૂર્વક કરે તેમાં શાસ્ત્રીય દૃષ્ટિથી બાધક શું છે?

દ્રવ્યપૂજા ધર્મી ગૃહસ્થોને માટે જ્યારે વિહિત છે. ત્યારે, સ્નાન વિલેપન આદિની સાથે શ્રી જિનપૂજા માત્ર ઋધ્ધિમન્તોએ જ નિત્ય કરવી. અને અન્ય જનોએ નિત્ય ન કરવી એવો શાસ્ત્રોનો હેતુ કઇ રીતે સંભવે? પરંતુ ઋદ્ધિમન્તોએ તો ખાસ સ્નાન વિલેપન આદિની સાથે શ્રી જિનપૂજા નિત્ય કરવી તે પ્રકારનો શાસ્ત્રોનો હેતુ સંભવિત છે.

પ્રતિષ્ઠિત પ્રતિમાઓને અવાર નવાર સ્નાન કે વિલેપન થતું નથી. શ્રી સંઘના આદેશ મુજબ નિત્ય એકજ વેળા થાય છે. અલબત્ત કોઇક તીર્થ સ્થાને બીજી વેળા સ્નાન–પ્રક્ષાલ થાય છે, અને તે પણ શ્રી સંઘના નિયત આદેશ અનુસાર જ.

એટલે કે, શાસ્ત્રોના પાઠોનો વિવેક ચાલુ પૂજા પધ્ધતિમાં પણ પૂર્વાચાર્યોથી ભૂલાયો નથી. વિવેકી જનોએ સમજવું જોઇએ કે, ગમે તેવા ઉત્કૃષ્ટ ક્ષેત્રે પણ લાભાલાભ હોવાના જ. તો કંઈક થોડા ગેરલાભને કારણે અનંતા લાભને જતો કરવા કોણ ભૂલ કરે?

તે પુસ્તિકાને પાને ૨૫ મે તેઓશ્રીએ જે કેટલુંક લખ્યું છે. તેમાંથી એ પ્રકારનો અર્થ ફલિત થાય છે કે 'પંદરસો વર્ષ પહેલાં પહાડ કે નદી કાંઠા વિનાના પ્રદેશમાં જિનમંદિરો કે પ્રતિમાઓ ન્હોતી. અને તે કાળે પ્રતિમાને માત્ર પૂષ્પ અને ધૂપ પૂજા થતી.'

અત્રે, તેથી મહત્વનો સવાલ ઉપસ્થિત થાય છે કે, તે પૂર્વે (સાતસો વર્ષ અગાઉ) શ્રી સંપ્રતિ મહારાજાએ અનેક સ્થળોએ જે જિન મંદિરો બંધાવ્યાં અને અનેક જે જિન પ્રતિમાઓ ભરાવી તેનો જે ગૌરવવંતો જૈન ઇતિહાસ છે. શું! તે બધુંજ વજૂદ વગરનું છે?

જેમ આજે, શ્રી શત્રુંજય ઉપર શ્રી અદબદ દાદાની પૂષ્પ અને ધૂપ પૂજા થાય છે, તે રીતે, તે કાળે, પહાડોમાં કોરેલી કે અન્ય અંજનશલાકા વિનાની તે પ્રતિમાઓની માત્ર પૂષ્પ અને ધૂપથી જ પૂજા થતી હોય તે સંભવીત છે.

પરંતુ તેથી નિત્ય સ્નાન વિલેપન આદિની સાથે તે કાળે શ્રી જિનપૂજા થતી ન્હોતી તેવું કોઇ રીતે સિધ્ધ થતું નથી.

શ્રી જિનપૂજા વિધિમાં જે દ્રવ્યો શાસ્ત્રોએ સૂચવ્યા છે. તે દ્રવ્યોનો વિવેકયુક્ત રીતે ઉપયોગ કરતાં ભક્તોમાં ભાવોલ્લાસ પ્રગટે તેવા યોગ્ય પ્રયોગોનો સ્યાદ્વાદ દૃષ્ટિથી વિરોધ કેમ થઇ શકે?

સર્વોપચારી પૂજાના શાસ્ત્રોક્ત સત્તરભેદો વર્ણવી તેઓ સ્નાન અને ચંદનાદિ વિલેપનનું સમર્થન કરે છે, છતાં તેઓ શ્રી ગંધપૂજાને સ્થાને ચંદનદ્રવના. વિવેકયુક્ત પ્રયોગને નિંદે છે, તે બેહુદું છે!

તેમજ, એક યા બીજા પ્રકારે તેઓશ્રી આભરણ વિધિને શાસ્ત્રબધ્ધ માને છે, છતાં ચક્ષુ માટે તેઓ વિરોધાભાસ પેદા કરે છે. આભરણવિધિને માન્ય રાખનાર કોઇપણ વ્યક્તિ તે ચક્ષુ પ્રત્યે વિરોધાભાસ પેદા કરે તે વિવેક યુક્ત નથી. કારણ કે, તે ચક્ષુ એક વિશિષ્ટ પ્રકારનું આભરણ જ છે, ચક્ષુ વિના અન્ય આભરણોની શોભા શું? કે તેની આવશ્યકતા શું?

# ભારત સરકારના તંત્રવાહકો જરા સમજે તો સારૂં !

**શ્રી ખીમચંદ મગનલાલ વોરા.**

**વર્તમાન ભારત સરકારનાં તંત્રમાં કેવલ જડ કાયદાઓની વણઝાર ખડકાયે જ જાય છે. દેશની પ્રત્યેક ધારાસભા કે મધ્યસ્થ પાર્લામેન્ટ પણ કેવલ કાયદાઓના જ કારખાના ઉભા કરે છે. સંસ્કૃતિ તથા આધ્યાત્મિક હિતના વિરોધી કાયદાઓ દ્વારા હિંદની વાસ્તવિક પ્રગતિના રોધક કાયદાઓ ઘડવાની ધૂનમાં આજનું તંત્ર ધાર્મિક મતમાં માનનારી પ્રજાને અણગમતું બની રહ્યું છે. હમણાં ભારતની પાર્લામેન્ટમાં હિંદુ-સંન્યાસી રજીસ્ટ્રેશન બીલ જે રજૂ થયું છે, તેને અંગે ધર્મશીલ પ્રજાને ખુબ જ આઘાત લાગી રહ્યો છે, આ લેખમાં આ બીલનાં અનેક અનિષ્ટો તથા ભયો સામે પ્રજાને જાગ્રત કરી, બીલનો સખ્ત હાથે વિરોધ કરવા પ્રેરણા કરવામાં આવેલ છે.**

## સાધુ-સંન્યાસી રજીસ્ટ્રેશન બીલ

લોકસભા ભારતની પ્રતિનિધિ સંસ્થા છે. એના સભ્યો સમગ્ર દેશમાંથી ચુંટાઇને આવેલ છે. દેશની સામાજિક, નૈતિક, રાજકીય અને અન્ય દરેક પ્રકારની ઉન્નતિ માટે કાનૂનો ઘડવા, કાયદાઓ કરવા અને એને લગતી બંધારણીય પ્રવૃત્તિ કરવી એ તેમની ફરજ છે. આઝાદીની પ્રાપ્તિ બાદ લોકસભામાં અનેક ખરડાઓ પસાર થયા છે. જેમાંના કેટલાક જનતાની ઉન્નતિમાં સહાયક બન્યાં છે. જ્યારે કેટલાક વાસ્તવવાદી ન હોવાથી કાં તો પાછા ખેંચાયા છે, અથવા જનતામાં એ કાનૂનોએ ક્ષોભ-અસંતોષ જન્માવ્યો છે.

લોકસભાના સદસ્યો પર દેશની સર્વદેશીય ઉન્નતિની જવાબદારી રહેલી છે. એક દૃષ્ટિએ તેઓએ ચોક્કસ પ્રકારનું પ્રગતિદર્શક વિધાન આપવું જોઇએ, પરંતુ જ્યારે પેશ થયેલ ખરડાઓમાં લોકસમાજની મૂળભૂત માન્યતાઓને સ્પર્શે એવી વસ્તુ આવતી હોય ત્યારે, રજુ થતું વિધાન, અભ્યાસપૂર્ણ અને વાસ્તવદર્શી હોવું જોઇએ, અન્યથા, જનતાનું હિત કરવા જતાં નિરર્થક વિવાદ ઉપસ્થિત થાય અને લોકોમાં અસંતોષ વ્યાપે, અને જ્યારે પેશ કરવામાં આવેલ ખરડા ધાર્મિક માન્યતા-પરંપરાની વાત હોય ત્યારે તો, ખરડો રજુ કરનાર સભ્યે પ્રથમ એનો ઊંડો અભ્યાસ અને એની વ્યવહારૂ વાસ્તવિકતા વિચારી લેવાં જોઇએ.

લોકસભામાં માનનીય સભ્ય શ્રી રાધારમણે 'લાયસેસીંગ બીલ' એ નામનું બીલ રજુ કરેલ છે. એના ગુણદોષની ચર્ચા કરતાં પહેલાં, એ બીલના મુખ્ય મુદ્દાઓનો સારાંશ જોઇએઃ-

### બીલનો ઉદ્દેશ

આપણા દેશમાં પ્રતિદિન સાધુ-સંન્યાસીની સંખ્યા વધતી જાય છે. એમાંના કેટલાક સાધુવેશમાં પાપકાર્ય કરે છે ભિક્ષા માગે છે અને અન્ય સમાજવિરોધી પ્રવૃત્તિ કરે છે અનિચ્છનીય છે, જો જેને રોકવામાં નહિં આવે તો એ અપરાધયુક્ત આચરણ વધતું જ જશે.

આખાયે દેશની સાધુઓની સંખ્યાની આ બીલ વડે ગણત્રી થઇ શકશે અને એનું રજીસ્ટર રાખી શકાશે.

---

કહેવાનો મૂળ આશય એ છે કે, જિનપૂજા પધ્ધતિમાં વર્ણવેલી પૂજાની નવી પધ્ધતિ પણ સ્યાદ્વાદ દૃષ્ટિથી વિચારતાં પ્રાચીન જ છે માત્ર 'જુની-નવી' એ પ્રકારનો શબ્દ પ્રયોગ ભ્રમ પેદા કરે છે. વિધિમાં વૈયક્તિક અવિધિ થતો હોય તે સંભવીત છે; પરંતુ તેથી પૂજાની ચાલુ શાસ્ત્રોક્ત પધ્ધતિને સિદ્ધાંત વિરૂધ્ધ ઠેરવવી તે ઉચિત નથી.

આ બીલ સાધુ-સંપ્રદાયોને કલંક અને બિનજરૂરી શોષણ સામે રક્ષા કરશે. ઉપરાંત જે સાધુ-સંન્યાસીઓ અનેક પ્રકારના ગુન્હાઓમાં સંકળાયેલ હશે તેમને પકડી લેવાનું સરકાર માટે સરળ બનશે.

## બીલનાં અન્ય અંગો અને વ્યાખ્યા

પ્રસ્તુત બીલને સ્પર્શતાં કેટલાંક નિયમો વિચારાયાં છે તે આ રહ્યાં:-

૧-આ બીલ આખાયે હિન્દને સ્પર્શે છે.

૨-રજીસ્ટ્રેશન થયા વિના, લાયસેન્સ પ્રાપ્ત કર્યા વિના કોઇ પણ પોતાને સાધુ-સંન્યાસી કહાવી નહિં શકે.

૩-કોઇ પણ વ્યક્તિએ સાધુ-સંન્યાસી થતાંની સાથે જ પોતાનું રજીસ્ટ્રેશન કરાવવું પડશે, અને લાયસેન્સ લેવું પડશે.

૪-લાયસેન્સ આપનાર અધિકારી, એના રજીસ્ટરમાં, સાધુ સંન્યાસીના દીક્ષાનું પૂર્વ અને નવું નામ, વય, લિંગ, ધર્મ તેમજ પૂર્વ નિવાસસ્થાન અને દીક્ષાથી પૂર્વ તથા પછીની આજીવિકાનું સાધન, અને દીક્ષાની તારીખ તથા જે સંપ્રદાય કે મતમાં પ્રવિષ્ટ થાય એની વિગતો રાખશે.

લાયસેન્સખાતું પ્રતિવર્ષ સાધુ-સંન્યાસીઓનું લીસ્ટ પ્રગટ કરશે.

## લાયસેન્સ આપવાની વિધિ

૧-રજીસ્ટ્રેશન અને લાયસેન્સ નિશ્ચિત કરેલ ફોર્મ પર કરવાનું રહેશે.

૨-અરજી મળ્યેથી લાયસેન્સ ખાતું, જરૂરી તપાસ કરી નિશ્ચિત ફોર્મ પર લાયસંસ આપશે, એવી શરતે કે અધિકારીને જરૂરી લાગે તેવી શરતો મૂકી શકે. લાયસંસખાતું કોઇને લાયસંસ નહિ આપવાનો પણ અધિકાર ધરાવશે.

૩-લાયસંસની સમયમર્યાદા દશ વર્ષ સુધીની રહેશે. એ બાદ એ નવું કરાવવું પડશે.

૪-લાયસંસ-અધિકારીને જણાશે કે કોઈ સાધુ-સંન્યાસી અનૈતિક જીવન ગુજારે છે, અથવા શાંતિનો ભંગ થાય એવી પ્રવૃત્તિ કરે છે, અથવા કોઈ સંપ્રદાય, કે મતનો એ સભ્ય નથી રહ્યો, એવાનું લાયસંસ રદ કરી શકશે.

## શિક્ષા

કોઈ વ્યક્તિ અથવા સાધુ કે સંન્યાસી કલમ ૩ અને ૪ નું ઉલ્લંઘન કરે અથવા ઉલ્લંઘનમાં સહાય કરે એને રૂા. પાંચસો સુધીનો દંડ થઈ શકશે અથવા બે વર્ષ સુધીનો કારાવાસ, અથવા દંડ અને કારાવાસ બન્ને થઇ શકશે.

કોઈ સાધુ કે સંન્યાસી જેને લાયસંસ આપવામાં આવેલ હોય તે જો લાયસંસની શરતોનું ઉલ્લંઘન કરશે તો રૂા. પાંચસો સુધી દંડ થશે, અને લાયસંસ રદ થશે.

લોકસભામાં ઉપસ્થિત થનારા બીલની સંક્ષિપ્ત રૂપરેખા ઉપર મુજબ છે, એ ઉપરથી જ કલ્પના કરવી રહી કે જો ખરેખર જ આ પ્રકારનો કાયદો આવે **તો અપરિગ્રહી-ત્યાગી સાધુ સમુદાયનું અસ્તિત્વ જ રહી ન શકે.**

આ બીલના અન્ય મુદ્દાઓ પણ તપાસીએ:-

પ્રસ્તાવક મહાશયે બીલના ઉદ્દેશમાં એક વાત ઠીક કરી છે કે, હિંદમાં લાખો સાધુ-સંન્યાસીઓની સંખ્યા છે અને એ સંખ્યા દિન પ્રતિદિન વધતી જાય છે. જેમાંના કેટલાક વિવિધ પ્રકારના આચરણો આદરે છે, સમાજ-વિરોધિ પ્રવૃત્તિઓમાં રાચે છે. જ્યારે કેટલાક ઉચ્ચકોટિના સાચા ચારિત્રવાન્ સાધુઓની પણ સારી એવી સંખ્યા છે, પરન્તુ તેઓ અનેક પાપાચારીઓના લીધે વગોવાય છે અને સાચું સાધુપણું નિંદાય છે, એનું શોષણ થાય છે; એ અટકાવવા માટે

આ બીલ રજુ કરાયું છે. પરન્તુ તે અટકાવવાનો ઉપાય આ બીલ નથી. આ પ્રકારના કાનૂનથી તો ભારતીય સંસ્કૃતિ અને ધાર્મિક તેમજ નૈતિક સ્તરનું ઉત્થાન જેના પર નિર્ભર છે, એ આખીયે સાધુ–સંસ્થાનું અસ્તિત્વ જ નષ્ટ થશે. અને પછી તો આજે છે એથીયે વિશેષ સંખ્યામાં પરવાનાધારી સાધુ–સંન્યાસીઓની અનેકગણી વૃધ્ધિ થશે. કારણ કે પ્રસ્તુત બીલના નિયમ અનુસાર જેને સરકાર માન્ય કરે એ જ સાધુ ગણાશે!

એક વાત એ છે કે, દેશભરમાં આજે જેઓને સાધુ–સંન્યાસી તરીકે સંબોધવામાં આવે છે; એમાંનો મોટો ભાગ તો ભિક્ષુકો, બાવા, ફકીરો આદિનો છે. જેઓને કોઈ ચોક્કસ સંપ્રદાય કે મત હોતો નથી, એમની ગણુના કોઇ ચોક્કસ સાધુ–સમાજ કે સંસ્થામાં થતી નથી. એમની ગણુના ઉચ્ચ સાધુ–સંસ્થાને લાગુ ના થઈ શકે.

મુદ્દાની બીજી એક વાત આ બીલમાં રજુ થાય છે. તે એ કે, દીક્ષિત થતા સાધુઓની દીક્ષા–સંપ્રદાયના આચાર્યો–ગુરુઓ વડે થાય છે, જ્યારે આ બીલ અનુસાર એ સત્તા અધિકાર સરકાર પાસે આવે છે! બીલના નિયમ મુજબ, રજીસ્ટ્રેશન થયા વિના–લાયસંસ પ્રાપ્ત કર્યા વિના કોઇ પણ પોતાને સાધુ–સંન્યાસી કહેવરાવી નહિ શકે! આચાર્યો–ગુરુઓ તો નવા ઉમેદવારોની લાયકાત, શિક્ષણ, ત્યાગ, વૈરાગ્ય આદિની પરીક્ષા કરી દીક્ષા આપે છે, પરંતુ સરકાર પાસે સાધુતાની પરીક્ષા કરવાનું કોઈ તોલમાપ નથી રહેવાનું, અને જ્યારે ખુદ સરકારી ધોરણે સાધુઓને પરવાના આપવાનું વિચારાય છે ત્યારે માત્ર સાચા, અપરિગ્રહી નિષ્કામવૃત્તિપોષક, વીતરાગદૃષ્ટિધારક વ્યક્તિઓને જ લાયસંસ આપવામાં આવશે એની કોઇ ખાત્રી ખરી?

ભારતવર્ષ પ્રાચીનકાળથી ધર્મપ્રધાન દેશ છે. જ્યાં સાધુ–સંન્યાસી, ધર્મગુરુઓને અતિ આદર અને શ્રદ્ધાની દૃષ્ટિએ જોવાય છે. પ્રાચીન-કાળથી જ આ દેશમાં ઋષિ, મુનિઓ, તપસ્વીઓના ઉચ્ચતમ જીવનથી જનતા સર્વદા પ્રભાવિત રહી છે. અને આજે પણ લોકહૃદયમાં એના ધર્મગુરુઓના નામે વેશધારીઓ, અને સમાજવિરોધિ પ્રવૃત્તિઓ કરનારાઓ પણ પોતાને સાધુ કહેવરાવી જનતાને ખોટે માર્ગે દોરી રહ્યાં છે, એ સમાજવિરોધી અનિચ્છનીય પ્રવૃત્તિ છે, પરંતુ એને દૂર કરવાનો રસ્તો આ પ્રકારના બીલોમાં નથી. આ પ્રકારના કાનુન વડે તો ઉલ્ટી સાચી સાધુતાનું અસ્તિત્વ જ જોખમમાં મૂકાશે અને અપરાધી–સમાજવિરોધિ પ્રવૃત્તિ કરનારાઓની સંખ્યા વધતી જશે.

શોકાસ્પદ ઘટના તો એ છે કે, વિધાનસભાના સભ્યો કે જેમના પર ભારે જવાબદારી રહેલી છે, જેઓ લોકોના પ્રતિનિધિ બનીને વિધાનસભાઓમાં બેસે છે, તેઓ જો ખરેખર સમાજસુધારણા ચાહતા હોય તો આ પ્રકારના અર્થહીન અવ્યવહારુ બીલો રજુ કરતાં પહેલાં એમણે સાધુ–સંસ્થાઓ અને સંતોની રીતિ–નીતિ, સામાચારી, દિનચર્યા આદિનો પૂરો અભ્યાસ કરી, સાધુઓની ચોક્કસ પ્રકારની મર્યાદા આદિનાં નિયમો સમજી એને અનુલક્ષીને જ બીલોની રજુઆત કરવી જોઇએ.

લાયસંસો રાખવા, રજીસ્ટ્રી કરાવવી, લાયસંસો માટે અરજીઓ કરવી અને લાયસંસના નિયમોનો ભંગ કરનાર સાધુઓનો અર્થ દંડ કરવો, કારાવાસ આપવો આવી જડતાભરી,

નિરર્થક બેહુદી વાતો બીલમાં રજુ કરવામાં આવી છે, પરંતુ શોકાસ્પદ ઘટના તો એ છે કે પંચમહાવ્રતધારી, અપરિગૃહી સાધુઓ આ પ્રકારની અરજી પણ ન કરી શકે કે ન પોતા પાસે લાયસંસ પણ રાખી શકે; એટલી માહિતી પ્રસ્તાવક મહાશય પાસે નથી !

જે સાધુઓ સર્વથા અપરિગ્રહી છે, જેમની પાસે એક ફૂટી બદામ પણ નથી હોતી, જેઓ માત્ર આહાર-પાણીની ભિક્ષા સિવાય કશી જ અન્ય જરૂરીયાત ધરાવતા નથી, જેઓ ત્યાગી સંયમી-કઠોર જીવન, પોતાની આત્મોન્નતિ અને સ્વપરના હિત માટે પણ વીતાવે છે, એમનું રજીસ્ટ્રેશન કે લાયસેંસ કદી થઈ જ ન શકે. જૈન સાધુ સર્વથા વીતરાગદ્વેષ અને પરિગ્રહરહિત હોય છે. એને રજીસ્ટ્રેશન-લાયસેંસ સાથે કશી જ નીસ્બત ન હોઈ શકે. એવું લાયસેંસ એ પોતા પાસે રાખી પણ ન શકે !

બીલમાં સમાવિષ્ટ થતી એક કલમ દુઃખદાયક છતાં હાસ્યાસ્પદ એ રીતે છે કે, જો કોઈ સાધુ રજીસ્ટ્રી ન કરાવે-નિયમોનું પાલન ન કરે તો એને પાંચસો રૂપીયા સુધીનો દંડ થઈ શકશે ! જેમની પાસે કશો જ પરિગ્રહ નથી હોતો એ દંડ ક્યાંથી ભરે ? અને નિયમભંગ માટે કારાવાસ અપાય તો જેની પરંપરાજન્ય ભિક્ષાલબ્ધ ગોચરી છે એ ક્યાંથી લાવે ?

શ્રી રાધારમણજીની ભાવના સુંદર હશે, એમના બીલ પાછળની ભૂમિકામાં એમણે સુધારણાની ઉચ્ચતમ કલ્પના જરૂર કરી હશે, પરંતુ એમણે ત્યાગી વિતરાગી અપરિગ્રહી સાધુઓની સામાચારી, અને આચાર-વિચારની પ્રણાલિકા, પરંપરાનો અભ્યાસ નથી કર્યો એટલે જ આવા વિકૃતસ્વરૂપ આ બીલને રજુ કરવામાં આવ્યું છે !

અમને તો લાગે છે કે, આ પ્રકારના જડ કાનુનથી સાચા સાધુની શાંતિ, તપ, ત્યાગ વૈરાગ્યમાં એક પ્રકારની અશાંતિ, સ્ખલન, અવરોધ ઉભો થશે. જેને લીધે સાચી સાધુતાનું અસ્તિત્વ જ ભયમાં મુકાશે.

સરકાર માટે પણ આ પ્રશ્ન કાંઈ નાનોસૂનો નથી. માની લઈએ કે એટલો તે કઠિનાઈભર્યો હશે કે એની કલ્પના માત્ર ધ્રૂજારી આણે છે.

ત્યાગી, વીતરાગી, અપરિગ્રહી જૈન સાધુઓ માટે તો આ બીલ સર્વથા વિપદ્દભર્યું છે, એટલું જ નહિ પરંતુ જો આ બીલ કાયદાનું રૂપ ધરે તો, જૈન સાધુની સામાચારી-પરંપરા અને દિનેચર્યાના સિધ્ધાંતો વિલીન થાય અને આખી સાધુ-સંસ્થાનું અસ્તિત્વ જ નાબુદ થાય. માટે જૈન સમાજ આ બીલ સામે પોતાનો દૃઢ વિરોધ રજુ કરે અને એને પસાર થતું અટકાવવા પ્રયત્નશીલ બને.

શ્રી રાધારમણજી તથા સરકારને પણ વિનંતી કરીએ છીએ કે, આ બીલ સર્વથા અવ્યવહારુ, અવાસ્તવિક અને આપત્તિજનક છે. માટે એને ત્વરિત પાછું ખેંચી લેવામાં આવે.

❋

## સહકાર માટે આભારી છીએ.

દેશ-પરદેશના 'કલ્યાણ'ના શુભેચ્છક મહાશયો તરફથી અમને સારો એવો સહકાર મળતો રહ્યો છે. વિશેષ સહકારની અપેક્ષા રાખવા સાથે દરેકના અમે આભારી છીએ, પરદેશમાંથી પણ અમને જે સહકાર મળી રહ્યો છે તે નોંધપાત્ર છે. સં૦




યૂરોપના રાજકારણમાં સુએઝ નહેરનો કે ઇજીપ્તનો પ્રશ્ન કાંઇક થાળે પડયો, એટલામાં યૂનોની સલામતી સમિતિએ કાસ્મીરનો પ્રશ્ન હાથમાં ધરીને ઇરાદાપૂર્વક ભારતને મુસ્કેલીમાં મૂકવાનો પેંતરો રચ્યો છે, યૂનોમાં અમેરિકાનું દરેક રીતે વર્ચસ્વ છે, અમેરિકાનું વલણ એ જ યૂનોનું વલણ એમ લગભગ કહી શકાય. યૂનોની પરિષદ એટલે અમેરિકાને છૂપા હાથે ધાર્યું કરાવવા માટેનું રમકડું. હા, જો કે રશિયાના માંધાતાઓનું યૂનોમાં પ્રતિનિધિત્વ ખરૂં, છતાં કેટલીક બાબતોમાં યૂનોની પરિષદમાં વાજતું ગાજતું કરવામાં અમેરિકાની લાગવગ વધારે છે, એ દેખીતું છે.

યૂરોપના કોઇપણ પ્રશ્નમાં રશિયા, ફ્રાંસ, બ્રિટન કે અમેરિકા પરસ્પર એક બીજાને સમ્મત થયા વિના યૂનોમાં ઠરાવ પસાર ન કરી શકે એ વસ્તુ યૂનોના બંધારણમાં છે, પણ એશીયાઈ દેશોની વાતમાં હસ્ત ક્ષેપ કરવામાં યૂનોની સમિતિને રોકવા માટે આ દેશો કોઇપણ રીતે પોતાનો વીટો પાવર વાપરવાને તૈયાર નથી, એટલે એક જ અર્થ કે, પરસ્પર અથડામણ કે સંઘર્ષણ કરતી. બાથંબાથા ભરતી અને એક–બીજાની સ્હામ–સ્હામા ઘૂરકા-ઘૂરકી કરતી પણ આ ગોરી પ્રજા, જ્યારે દાવ આવે કે લાગ આવે ત્યારે એશીયાની કાળી પ્રજા ઉપર, તેમાંયે ભારતીય પ્રજા ઉપર પોતાનું સ્વામિત્વ કે વર્ચસ્વ સ્થાપવાને દરેક રીતે અંદરખાનેથી ઉત્સુક છે.

આ હકીકત યૂનોની સ્થાયી સમિતિએ કાસ્મીરને અંગે જે હમણાં હમણાં પોતાનું વલણ અખત્યાર કર્યું છે, તે ઉપરથી સ્પષ્ટ સમજી શકાય છે. ભારતને સ્વતંત્ર થયે આજે દશ–દશ વર્ષનાં વ્હાણાં વીતી ગયા. કાસ્મીરની પ્રજાને તાયફાવાળાઓનાં આક્રમણની સ્હામે અબજોના ભોગે અને હજારો સૈનિકોના ભોગે રક્ષણ આપવામાં ભારતે કદિ પાછું વાળીને જોયું નથી, અને દરેકરીતે કાસ્મીરની સલામતી ભારતે અત્યાર સુધી સાચવી છે. કાસ્મીરની પ્રજાએ બંધારણ ઘડીને, તેનો અમલ ચાલુવર્ષના જાન્યુ૦ ની ૨૬ મીના દિવસે શરૂ કર્યો. તેની લોકસભાનું વિસર્જન કરી, ભારતની સાથે કાસ્મીરનું સત્તાવાર જોડાણ કર્યું. કાસ્મીરની પ્રજાએ સર્વાનુમતે ભારત સાથે પોતાનાં સહ અસ્તિત્વને સ્વીકાર્યું, અને નવી લોકસભાનું ઉદ્ઘાટન કર્યું. જે પ્રદેશ આજે પાકીસ્તાનના કબ્જામાં છે, તે પ્રદેશની બેઠકોને ખાલી રાખી, સમગ્ર કાસ્મીર એક ને અખંડ દેશ છે, એમ તેણે વિશ્વની પ્રજાને જાહેર કર્યું.

આ પ્રસંગથી છેડાઇ પડેલા, અને વર્ષોથી કાસ્મીરના બ્હાને ભારતની સાથે વારંવાર પોતાનાં લડાયક માનસનો પરિચય કરાવનાર વઢકણી વહુ જેવા પાકીસ્તાને ફરી યૂનોની સમિતિમાં કાસ્મીરના પ્રશ્નને જાગતો કર્યો. એટલે રાહ જોઇને બેઠેલા, અને ભારતની વધતી જતી પ્રતિષ્ઠાને કોઈપણ રીતે દબાવી દેવાનો લાગ જોનારા યૂરોપના સામ્રાજ્યવાદી દેશોએ કાસ્મીરના પ્રશ્નને ઇરાદાપૂર્વક તાજેતરમાં ઉંચકીને ભારતના માથામાં માર્યો. આજે જે પરિસ્થિતિ યૂનોની સમિતિએ કાસ્મીરના પ્રશ્નમાં ઉભી કરી છે, તે ઘણી વિસ્ફોટક તેમજ પાકીસ્તાન જેવા ઝનૂની રાષ્ટ્રને વાંદરાને દારૂ પાઇ, નીસરણી બતાડયા જેવી છે. જે માટે કહી શકાય કે, યૂરોપના દેશોએ પોતાની મેલી મુત્સદ્દીગીરી તથા ઉંડા દાવપેચમાં ભારતને મૂંઝવણમાં મૂકવા જેવું કર્યું છે.

✽

**ભારત** દેશ સ્વતંત્ર થયો, છતાં તેના રાજ્યકર્તાઓનું માનસ કેવળ પશ્ચિમવાદી હોવાના કારણે તેમની દરેક પ્રવૃત્તિઓમાં યૂરોપીકરણ હતું. ભારતીયપણું તો તેમણે કોઇ પણ બાબતમાં દાખવ્યું નથી. બંધારણ પણ અમેરિકા કે યૂરોપના દેશોનાં બંધારણની નકલરૂપે, ઉદ્યોગ, વ્યાપાર, વ્યવસાય, કાયદાકાનૂનો, કે વ્યવસ્થા આ બધાયમાં ભારતના દેશનાયકોએ યૂરોપનું જ કેવલ આંધળું અનુકરણ કર્યું છે. જે દેશમાં માનવોની સંખ્યા, ક્ષેત્રફલના વિસ્તારમાં દશ–દશ

ગણી કે બાર-બાર ગણી છે. તે દેશમાં માણસોને કામ મળવું જોઈએ, ત્યાં યંત્રોદ્યોગ એટલે બેકારીને આમંત્રણ આપવા જેવું ખતરનાક કહેવાય, તે દેશમાં આજે શહેરો તો શું પણ ન્હાના ૫૦ ઘરની વસતિ વાળા ગામડામાં પણ યંત્રો ઘૂસાડી દેવામાં આવ્યા છે. હળને બદલે ટ્રેક્ટર, પાણીના કોશનાં સ્થાને પંપ, ગાડાના બદલે મોટર, લાકડાના પૈડાઓને બદલે ટાયરો, ઉંટ, ગાડા કે ઘોડાને બદલે સાયકલ, મોટર, ખટારા આ રીતે દરેકે દરેક સ્વદેશી ઉદ્યોગ કે વ્યવહારના સ્થાને યાંત્રિક સાધનોને ગોઠવી દેવામાં આવતાં, આપણાં ભારતદેશનો પરાપૂર્વથી ચાલ્યો આવતો જે હુન્નર કે વ્યવસાય હતો જેમાં હજારો સુથારો, લુહારો, કે ગામડાના લાખ્ખો પ્રજાજનોને પોષણ મળતું, તેમના ઉદ્યોગો જીવતા જાગતા રહેતા, અને દેશનો પૈસો ગામડાઓમાં સ્થિર રહેતો.

તેના સ્થાને ભલે બ્રિટીશ રાજ્ય કે તેના વહિવટકર્તા ગયા, પણ તે લોકોએ જે રાજ્ય વ્યવસ્થાનું ચોકઠું ગોઠવેલું તેજ ચોગઠામાં આજે કોંગ્રેસીતંત્રના વહિવટકર્તાઓ વ્યવહાર ચલાવી રહ્યા છે. આજે હિંદમાં એકપણ ગામડું આબાદ નથી, પણ ઊલટું દિન-પ્રતિદિન બરબાદ બનતું જાય છે, શહેર પણ કેવલ પરદેશી સાધનોનાં બાહ્ય ચળકાટથી ભભકાવાળું જણાય છે, પણ અંદરખાનેથી ભારતીયપણું કે સ્વદેશીતત્ત્વ એકે રહ્યું નથી. કેવલ પરદેશીકરણ થઇ રહ્યું છે, જેને આજે દેશના જવાબદાર તંત્રવાહકો રાષ્ટ્રીયકરણ કહે છે, તેને ઉઘાડી ભાષામાં વિચારકોની સમક્ષ જો ઓળખ આપવી હોય તો એ રાષ્ટ્રીયકરણનો અર્થ પરદેશીકરણ કહી શકાય.

ભારતની સામે આજે દુનિયાના અન્ય કોઇ દેશ, પ્રજા કે સત્તા તરફનો જે ભય નથી રહ્યો, તે ભય તેના જ શાસકો જે પ્રજાશાસનના નામે કે રાષ્ટ્રીયકરણના નામે યૂરોપની સંસ્કૃતિ, યૂરોપનું બંધારણ તેમજ ગોરી પ્રજાનું વર્ચસ્વ ભારત પર ક્રમે ક્રમે વધતું જાય, તે રીતે જાણે-અજાણે તણાઇ રહ્યા છે, 'તેનો મોટો ભય દેશ સમસ્તની સંસ્કૃતિ કે પ્રજા પર વર્તી રહ્યો છે.

પં. જવાહરલાલ નહેરુનાં વ્યકિતત્વ માટે અંગત રીતે કોઇને કશું કહેવાપણું રહેતું નથી, પણ તેઓ જે વાતાવરણમાં જન્મ્યા છે, ઉછર્યા છે, અને મોટા થઇને પાંગર્યા છે, તે વાતાવરણમાં જ તેઓને રહેવું ફાવે કે રૂચે એ બેશક સાચું છે, એટલે આજે તેઓનું દૃષ્ટિબિંદુ ભારતીયત્વ તરફ નહિ પણ યૂરોપીયત્વ તરફ વિશેષ ઢળેલું છે, દિવસના ચોવીશ કલાકમાં તેઓ ભલે ભારતના વડા પ્રધાન છે, છતાં ૨૬ કલાક તેમનું લક્ષ્ય યૂરોપની દુનિયા સામે છે. આજે ભારતના ખૂણે ખૂણે શું થઈ રહ્યું છે? તે જોવા-જાણવાની તેમની દૃષ્ટિ નથી, તે માટે તેમનું દિલ નથી, ઉત્સુકતા કે ઉત્સાહ નથી, પણ પરદેશમાં ચીન, રશીયા, હંગેરી, ઈરાન, ઈજીપ્ત, ઇન્ડોનેશીયા, યમન, સીરીયા, ફ્રાન્સ, પોલેન્ડ, કે અમેરિકા યુગોસ્લોવીયા, કે ઝેકોસ્લોવીયા આ બધા દેશોમાં તેમને વધારે રસ છે. કોરીયાનો પ્રશ્ન, ઇજીપ્ત કે હંગેરીનો પ્રશ્ન, તેમાં તેમને વધારે આકર્ષણ છે. પરિણામે વારે-તહેવારે તે વિષે તેઓ નિવેદન કરવા બેસી જાય છે, જેથી નિરર્થક યૂરોપના દેશો ભારતને માટે પૂર્વગ્રહદૂષિત બને છે.

અને જ્યારે લાગ આવે ત્યારે કોઇને કાંઈ દુઃખતું હોય ને કોઇને કાંઈ દુઃખતું હોય એ બધાય દેશો ભેગા થઇ ભારતને ફસાવવાની તરકીબમાં બેઠા હોય છે, હંગેરીની બાબતમાં રશીયાને પેટમાં દુઃખ્યું હતું. ઇજીપ્તની બાબતમાં બ્રિટન તથા ફ્રાંસને પેટમાં દુઃખાવો ઉપડયો હતો. તેમ જ અમેરિકાને તો ઘણી ઘણી બાબતોમાં ભારતનું વલણ પસંદ નથી પડયું. એટલે આજે એ બધા દેશોએ-યૂરોપના લગભગ બહુમતિ દેશોએ કાસ્મીરના પ્રશ્નમાં ભારતના સ્વચ્છ, પ્રામાણિક અને નેકદિલ વર્તનને અવગણીને ગેરબંધારણીય ઠરાવ કરી નાંખ્યો છે.

જેમાં કાસ્મીરના ભારત સાથેના જોડાણનો વિરોધ કરી, કાસ્મીરમાં યૂનોના લશ્કરને પ્રવેશવા દેવાનો નિર્ણય કર્યો છે, જે ઉઘાડે છોગે ભારતની આંતરિક બાબતમાં હસ્તક્ષેપ જ કહી શકાય. જે દેશો પંચશીલ તથા સહ-અસ્તિત્વની, તેમજ લોકશાસન તથા પ્રજાશાસનની વાતો કરે છે, તે દેશો આજે કયા મોઢે કાસ્મીરના ભારત સાથેનાં જોડાણને ગેરબંધારણીય કહેવા હિમ્મત

કરી શકતા હશે વારૂ? ફ્રાંસ પોતાના પગ નીચે અલ્જેરીયાની પ્રજાને કચડવામાં હજુએ મોટાઇ માને માને છે. બ્રિટન આફ્રિકન પ્રજાને ગુલામીની ગર્તામાં સડાવી દેવામાં ગૌરવ લે છે, ને અમેરિકા ૬૦ ક્રોડની વસતિ ધરાવનાર લાલચીનને યૂનોમાં પ્રવેશ કરતું અટકાવવા માટે આજે વર્ષોથી કાવાદાવા રમે છે, તે દેશો કયા મોઢે આ ડહાપણભરી વાતો કરી રહ્યા છે એ સમજાતું નથી.

પણ આમાં મોટામાં મોટી ગંભીર ભૂલ હોય તો સ્વતંત્ર ભારતના તંત્રવાહકોનાં ગોરી પ્રજાના ગુલામ બનવાની મનોવૃત્તિવાળા વલણની છે. દરેક વાતમાં ગોરીપ્રજા અને તેના તંત્રની સામે આપણે જે પહેલેથી જોવાનું રાખ્યું છે, તેનું જ આ પરિણામ છે. કાશ્મીરનો પ્રશ્ન યૂનોમાં લઇ જવાની વાતમાં ભારતે પહેલેથી સમ્મતિ શા માટે દર્શાવવી જોઇએ? શું ગોરીપ્રજાના હૃદયમાં રહેલી મેલીમુત્સદ્દીગીરીથી ભારતના તંત્રવાહકો અપરિચિત છે વારૂ?

આજે તો ભારતના સાથી ગણાતા, અને ભારતની સાથે પંચશીલ કે સહઅસ્તિત્ત્વના સિદ્ધાંતોની જગતમાં ઘોષણા કરવામાં સહિ કરનારા દેશોએ પણ ભારતને કાશ્મીરના પ્રશ્નમાં દગો દીધો છે, હવે તો ભારતની રાજ્ય વ્યવસ્થાના પુરસ્કર્તાઓએ યૂરોપની પ્રજા પર વધુ પડતો વિશ્વાસ મૂકવાનું માંડી વાળી, યૂરોપીય વર્ચસ્વ ધરાવતી યૂનોની સમિતિને છેલ્લા જુહાર કરી, પોતાની સ્વતંત્ર નીતિ–રીતિમાં દૃઢ વિશ્વાસ રાખી, ભારતીય સંસ્કૃતિ કે ભારતીય વ્યવહારને અપનાવી લેવાની જરૂર છે, જો કે, આજે આમાંનું કશું જ બની શકે તેમ નથી, કારણ કે આજનું ભારતીય રાજ્યતંત્ર પશ્ચિમવાદના રંગે પૂરેપૂરૂં રંગાઈ ચૂકયું છે, છતાં 'જાગ્યા ત્યાંથી સવાર' એ દૃષ્ટિએ આટલું કહેવા દિલ થઇ આવે છે. જો અમારો પ્રામાણિક અને સાફ દિલનો આ અવાજ તે લોકોનાં કાને પહોંચતો હોય તો, ફરી ફરીને અમે એજ કહીએ છીએ કે, 'પશ્ચિમ તરફનું મોઢું ફેરવી, પૂર્વ તરફ પાછા વળો!'

એક બાજુ યૂરોપમાં આજે કાશ્મીરનો પ્રશ્ન મધ્યબિંદુ બન્યો છે, ત્યારે ભારતના ખૂણે–ખૂણે આજે ચૂંટણીનો પવન સખ્ત રીતે ફૂંકાઇ રહ્યો છે. દેશના પ્રત્યેક છાપાઓ આજે ચૂંટણીના જ સમાચારોથી પાનાઓના પાનાઓ ભરી રહ્યા છે. ભારતના જે જે વાદો, પક્ષો કે રાજકીય સંસ્થાઓ છે, તે બધાયે આજે સત્તાને કબ્જે કરવા મેદાને પડયા છે. લોકશાસનના નામે પશ્ચિમના દેશોના બંધારણનું આંધળું અનુકરણ એટલે ચૂંટણીની પ્રથા: આમાં દેશના અબ્જો રૂ૦ નો ખોટો વ્યય થવાનો, ક્રોડો માણસોની તન, મન તથા ધનની શક્તિઓનો મહિનાઓના મહિનાઓ સુધી દુર્વ્યય થવાનો, દેશના તંત્રવાહકોથી માંડીને ન્હાનામાં ન્હાના માણસ સુધી દરેકને વગર પ્રયોજને કેવલ બોલવાના વામાં તણાઇ જવાનું, ને ધાંધાટ, આપવડાઈ તેમજ પ્રજાને ધોળે દિવસે હથેલીમાં ચાંદ બતાવવાની વાતોથી રાજી–રાજી કરી, વધારેમાં વધારે ખુરશીઓ કબ્જે કરવા માટે દેશમાં પ્રત્યેક રાજકીય પક્ષને પરિશ્રમ કરવાનો.

આ દિવસોમાં છાપાઓ પણ આ જ વાતોથી ભરાઈ જવાના, દરેકને કેવલ પોતાના પક્ષની વાહવાહ સિવાય કાંઇ કહેવાનું નહિ, વધારેમાં પોતાના સિવાયના, અન્યપક્ષોને વ્યર્થ હલકા પાડવા પ્રયત્નો કરવાના. આ છે, આજના ચૂંટણીતંત્રની ઉજાણી (?) બાજુ: ભારત જેવા દેશમાં આ ચૂંટણીની પ્રથા એ કેવળ નિરર્થક લાગતું તત્ત્વ છે, પણ આજે એ સાંભળવા તે કોણ તૈયાર છે? છતાં દેશમાં એવા હજારો સમજુ, શાણા, તથા સહૃદય વિચારકો છે, કે જેઓ આ ચૂંટણી વ્યવસ્થાના તૂત પ્રત્યે પોતાની નાપસંદગી દર્શાવે છે. આમાં જે લોકો ચૂંટાઇને આવે છે, તે લાયક છે. યોગ્ય છે, કે હજારો માણસોવતી બોલવાનો અધિકાર ધરાવે છે, એવું કાંઇ નથી, આજે ભારતમાં જે ચૂંટણી પ્રથા છે. તે તો કેવળ નાટક છે, જે પક્ષ પાસે લાગવગ છે, પ્રચાર માટેના વ્યવસ્થિત સાધનો છે, ને પ્રજાના કરોડો અભણ, મૂર્ખ અને અણસમજુ વર્ગને ભરમાવવા માટેના બધાએ વ્યવસ્થાતંત્રો જેની પાસે છે, તે પક્ષ વધારે ખુરસીઓ કબ્જે કરી શકે છે.

તેમાં મોટી કમનશીબી એ છે કે, ભારતની પ્રજા, ગાડરીયા પ્રવાહ જેમ વર્તન કરનારી છે, એટલે જે

પક્ષ સત્તા પર હોય તે પક્ષના તંત્રપ્રત્યે હૃદયથી તદ્દન નારાજ હોય તોયે ભય, લજ્જા, ક્ષોભ, તથા પ્રલોભન કે લાગવગથી દોરવાઇને તે પક્ષને મત આપવા લલચાય છે. માટે ભારતમાં જે પક્ષ બહુમતિ મેળવીને સત્તા પર આવે તેમે પ્રજાએ હૃદયથી સત્કાર્યો છે કે મનથી ઇચ્છયો છે, તેવું માનવાને કશું જ કારણ નથી.

આજે તો શું કોંગ્રેસ કે શું સમાજવાદ. શું સામ્યવાદ, કે હિંદુ મહાસભા, રામરાજ્ય કે મહાગૂજરાત પરિષદ, જનસંઘ કે કિસાનસભા– સૌ કોઇ ચૂંટણી જીતવાના જ પ્રયત્નોમાં આજે તન, મન, તથા ધનથી લાગી રહ્યા છે. આજે કોઇપણ રાજકીય પક્ષને પોતાની પ્રતિષ્ઠા કે પોતાના વ્યક્તિત્વ માટે શ્રધ્ધા નથી. એટલે ગમે તે રીતે ગમે તે પ્રયત્ને ચૂંટણી જીતવા માટે સામા પક્ષ તરફથી હરિફ કોણ બહાર પડયો છે, તે જોઇને સહુ પોત–પોતાના હરિફને ચૂંટણીના મેદાનમાં બહાર પાડે છે. આ કારણે જ વડોદરા વિભાગમાં કોંગ્રેસ પોતાના પક્ષની આબરૂને જોખમમાં મુકીને પણ વડોદરાના મહારાજાને ઉભા કરે છે, તેમ જ ખંભાત-વિભાગમાં ખંભાતમા નવાબને બ્હાર પાડે છે. આમ દરેક રાજકીય પક્ષો કેવલ સત્તાને કબ્જે કરવાની નેમ રાખીને બ્હાર પડયા છે. હિંદભરમાં આજે કોમવાદ, જ્ઞાતિવાદ, સગાવાદ, પૈસાવાદ, લાગવગવાદ, એમ અનેકાનેક વાદોની જમાતને પંપાળીને પ્રત્યેક રાજકીયપક્ષો ચૂંટણીવાદને જીતવા સત્તાવાદના નાચ્યા નાચી રહ્યા છે. કેવલ મુંબઇ રાજ્યની વાત કરીએ તો અઢી ક્રોડ મતદારો. અને ૨૭ હજાર મતદાન મથકોમાંથી ૪૬૬ બેઠકો માટે ચૂંટણી યોજાશે. તે જ રીતે બીજા ૧૩-રાજ્યોમાં વિધાનસભા તથા લોકસભાની બેઠકો માટે ચૂંટણીની ધમાલ મચી રહેવાની. મુંબઇ રાજ્ય કે જેનો વિસ્તાર આજે ૧૯૦૬૯૦ ચોરસ માઇલના પ્રદેશમાં ફેલાયેલો છે, જે રાજ્યમાં પહેલ–વહેલાં કચ્છ, સૌરાષ્ટ્ર, મરાઠાવાડા, વિદર્ભ જોડાયા છે, અને આબુ, તથા કર્ણાટક અલગ પડયાં છે. મુંબઇરાજ્યના ૩૨૦ મતદાન વિભાગમાં ત્રણ લાખ ઉપરાંત મત નાંખવાની પેટીઓ વપરાશે. મુંબઇરાજ્યની ચૂંટણી લગભગ અર્ધી વસતી માટે ફેબ્રુઆરીની ૨૮મી, અને બાકીના પ્રદેશ માટે માર્ચની ૧૨મી નક્કી થયેલ છે.

મુંબઇ રાજ્યમાં લોકસભાની ૬૬ તથા રાજ્યવિધાનસભાની ૩૯૬ બેઠકો માટે ચૂંટણી લડાશે, તેમાં વિધાનસભાની ૭૫ બેઠકો, અને લોકસભાની ૧૨ બેઠકો અનામત રાખવામાં આવી છે. હિંદના ક્રોડો પ્રજાજનોને આજે ચૂંટણીમાં એટલો રસ નથી જેટલો રસ તેમની સેવા કે તેમનાં કલ્યાણ માટે સત્તા કબજે કરવાનો આજે મેદાને પડેલા રાજકીય પક્ષોને છે. ચૂંટણી દ્વારા ગમે તે પક્ષ સત્તાને કબ્જે કરે તેની સાથે આપણને બહુ નિસ્બત નથી. પણ જે લોકો ભારત પર શાસન કરવા માંગે છે, તે લોકો ભારતની પ્રાચીન સંસ્કૃતિ, તેના અધ્યાત્મલક્ષી હેતુઓ, તેની ધાર્મિક કે સામાજિક વ્યવસ્થા એ બધાયને સંપૂર્ણપણે વફાદાર રહી, અહિંસા, સ્વાર્થત્યાગ, પરોપકાર તેમ જ સંયમ અને ત્યાગના તત્ત્વોનો પ્રચાર કરવામાં સક્રિયપણે સજ્જ રહેશે તેઓનાં હાથમાં ભારતની સર્વ પ્રજાનો ઉદય અવશ્ય શકય બનશે. એટલું જ આ તકે કહેવાનું રહે છે.

❋

ભારતના સમગ્ર પ્રદેશોમાં લગભગ કોંગ્રેસ પક્ષ આજે દશ–દશ વર્ષથી સત્તા પર છે છતાં તેના વહિવટ માટે દેશના અન્ય અનેક વર્ગોની અનેકાનેક ફરિયાદો ગમે તેટલી હોય, લોકોનો અસંતોષ ગમે તેટલો ઉગ્ર હોય, એ બધાયને અંગે વિસ્તૃત ચર્ચા કરવાનો આ અવસર નથી કે હાલના તબક્કે તેનું પ્રયોજન નથી પણ ખાસ અમારે કહેવાનું રહેતું હોય, અમારે ઉગ્ર અસંતોષ હોય તો આજના કોંગ્રેસી વહીવટે વધુમાં વધુ આર્યસંસ્કૃતિને જે અન્યાય કર્યો છે, ધાર્મિક સ્વાતંત્ર્યના મૂલભૂત પ્રજાના અધિકારોમાં જે હસ્તક્ષેપ કર્યો છે, તે માટે અમારે ઘણુંઘણું કહેવાનું રહે છે.

આજના ભારતસરકારનું તંત્ર દ્વિમુખી રીતે ચાલી રહ્યું છે. બોલવાનું અને ચાલવાનું બન્ને જુદા–જુદા તેના તંત્રમાં છે. એક બાજુ તે સરકયુલર સ્ટેટ–બીનસાંપ્રદાયિકતાની વાતો કરે, બીજી બાજુ આંતરરાષ્ટ્રીય રાજકારણમાં પોતાની પ્રતિષ્ઠા સ્થાપવા કાજે, ચીન, જાપાન, જાવા, સુમાત્રા, બર્મા, નેપાળ, ભૂતાન, આદિ દેશોની પ્રજાના વર્ગને સંતોષવા આજે છઠ્ઠેચોક બૌદ્ધ-

ધર્મનો પ્રચાર કરવા નીકળી પડી છે. ભારતસરકાર આજે કેવલ બૌદ્ધધર્મને જાણે રાજ્યધર્મ માની-મનાવી રહી હોય તે રીતે પોતાની પ્રવૃત્તિનાં આંદોલનો ચોમેર ચલાવી રહી છે. સમજ્યા વિના તેની પાછળ ગાડરીયા પ્રવાહની જેમ ભારતના પત્રકારો, લેખકો, અને વક્તાઓ સત્તાને ખુશ કરવા અને તે બ્હાને પદ, પ્રતિષ્ઠા તથા પૈસો પ્રાપ્ત કરવા બૌદ્ધધર્મના ગુણ ગાવા મંડી પડયા છે. અને તેના પરિણામે પોતાના જ દેશમાં લાખ્ખો વર્ષથી લાખ્ખો પ્રજાજનો જે ધર્મને સન્માની, પૂજી રહ્યા છે, તેના તીર્થંકરો, ધર્મગુરુઓ કે તેના સિદ્ધાંતોને અન્યાય થાય તે જોવાની પણ આ ગાડરપ્રવાહની જેમ બૌદ્ધધર્મના પ્રચાર કરનારાઓને પરવા જ ક્યાં છે?

આવો જ એક અનુચિત પ્રયાસ ભારત સરકારના પ્રકાશન ખાતા તરફથી તાજેતરમાં થયો છે. ભારત સરકારના પ્રકાશન ખાતા તરફથી પ્રસિદ્ધ થયેલ '**ભગવાન બુદ્ધ**' નામના હિંદી પુસ્તકમાં જૈનધર્મના તીર્થંકરદેવ શ્રમણભગવાન શ્રી મહાવીર પરમાત્મા માટે, તથા જૈનધર્મના શ્રમણનિર્ગ્રંથ જૈન મુનિઓ માટે, માંસાહાર કરવાનો અઘટિત આક્ષેપ કરવામાં આવ્યો છે. ભારત સરકાર ભલે આજે બૌદ્ધ ધર્મનો પ્રચાર કરવામાં લાગી ગઇ હોય, પણ ભારતના પ્રાચીનતમ અને અહિંસાપ્રધાન જૈનધર્મના લાખ્ખો અનુયાયીઓની લાગણી દૂભવવાનો આવો અયોગ્ય પ્રયત્ન તે પોતાના પ્રકાશન દ્વારા શા માટે કરે? એ અમારો આજના તેના તંત્રવાહકોને સીધો સવાલ છે. જૈનધર્મ કે કોઇપણ ધર્મ પ્રત્યે આવું અનુચિત આક્ષેપાત્મક વલણ લઇ, હિંદના લાખ્ખો તેના અનુયાયી પ્રજાજનોની ધાર્મિક લાગણી સામે અડપલાં કરવાં તે શું વ્યાજબી છે? હિંદુ પ્રજા કે જૈન સમાજ આજે ધાર્મિક લાગણીથી શૂન્ય બનતો જાય છે, માટે જ સહુ કોઇ તેની સાથે ચેડા કરી શકે છે, અને એટલે જ ભોયણી જેવા જૈનોના તીર્થસ્થળ ઉપર ગ્રામ્યપંચાયત જેવી ન્હાની સત્તા, તેની યાત્રાર્થે આવનાર યાત્રિકોના માથા પર કર લાદી શકે, જે મોગલોના કાળમાં હિંદુઓના યાત્રાસ્થળ ઉપર મૂંડકાવેરો લેવાતો તેનું રૂપાંતર આજે ભોયણી તીર્થનો કર છે. આવું જ કોઇ મુસલમાન પ્રજાના ધર્મ ઉપર કે તેના ધર્મના પયગંબર ઉપર યા તેનાં યાત્રાસ્થલ ઉપર કાંઇપણ થયું હોય તો આખોયે દેશ કાશ્મીરથી કન્યાકુમારી સુધી ખળભલી ગયો હોત, અને દીલ્હીની સરકારને પણ તરત જ નિવેદન પ્રસિદ્ધ કરી, સમાધાન તથા શાંતિના પ્રયત્નો નમ્રતાપૂર્વક કરવા પડયા હોત!

પણ જૈનસમાજ શાંતિપ્રિય છે, તેની શાંતિનો ખોટો લાભ લઇને આજે ચોમેરથી તેના ધર્મ ઉપર, તીર્થસ્થળો ઉપર કાંઇને કાંઇ હસ્તક્ષેપો થઇ રહ્યા છે, માટે આ તકે ભારત સરકારના પ્રકાશનખાતાને ભારપૂર્વક જણાવવાનું કે, **જૈન સાહિત્ય અને જૈન ઈતિહાસનું વાસ્તવિક અધ્યયન કરી, જૈન સમાજની ધાર્મિક લાગણીને સન્માનવા કાજે, તમારાં પ્રકાશન 'ભગવાન બુદ્ધ' પુસ્તકમાંના એ આક્ષેપાત્મક લખાણને વ્હેલામાં વ્હેલી તકે રદ કરો!** જૈનસમાજને એટલું જ કહેવાનું કે, પ્રસ્તુત પુસ્તકના એ લખાણનો સખ્ત વિરોધ કરી, ભારતસરકારના પ્રકાશન ખાતાને એ ભાગ રદ કરવા પ્રચંડ આંદોલનો ગામે-ગામ શહેરે-શહેર જગાડે એજ તેનું આજે કર્તવ્ય છે.

તા૦ ૩-૨-૫૭

## આગામી અંકે નવું વર્ષ

'કલ્યાણ' માસિકના વર્ષ ૧૩ નો આ છેલ્લો અંક છે. માર્ચની ૧૫ મી તારીખે ૧૪ મા વર્ષનો ૧ લો અંક પ્રગટ થશે. આપશ્રી ગ્રાહક કે સભ્ય ન હો તો આજેજ વાર્ષિક લવાજમના રૂા. પાંચ મનીઓર્ડરથી મોકલી આપી ગ્રાહક થઇ જવા ભલામણ છે, પાંચ રૂા. ના લવાજમમાં વર્ષે ૮૫૦ પાનાંનું લગભગ વાંચન અપાય છે.

# જૈન સમાચાર

**વિરાટનગરી** (ગેડી-કચ્છ): અત્રે પૂ૦ આ૦ મ૦ શ્રી વિજયકનકસૂરીશ્વરજી મહારાજના વરદહસ્તે પોષ સુદિ ૧૫ના ભ૦ શ્રી મુનિસુવ્રતસ્વામી આદિ પ્રભુજીની તથા યક્ષ-યક્ષિણીની ધામધૂમપૂર્વક પ્રતિષ્ઠા થઈ, અઠ્ઠાઈ મહોત્સવ શાંતિસ્નાત્ર ભણાવાયું હતું, ફતેગઢવાળા ગઢેચા પ્રભુલાલ મંગળજી તરફથી નવકારશી થઇ હતી.

**પાલીકોંકણ**: પૂ૦ પં૦ શ્રી યશોભદ્રવિજયજી ગણિવર્ય આદિની શુભનિશ્રામાં શ્રી ઋષભદેવસ્વામીની પ્રતિષ્ઠા પો૦ વદિ. ૬ ના દિવસે ધામધૂમથી ઉજવાઈ હતી. અઠ્ઠાઈ મહોત્સવ અને શાંતિસ્નાત્ર ભણાવાયેલ: આઠેય દિવસોમાં નવકારશી જમણો થયા હતા. પૂજા-ભાવનામાં રાજકોટનિવાસી રસિકલાલ ગવૈયા આવેલ. જાગૃતિ સારી આવી હતી.

**માલગામ** (આબુ) શ્રી જીરાવલાતીર્થ નજીકના માલગામમાં પૂ૦ આ૦ મ૦ શ્રી વિજયજિનેંદ્રસૂરીશ્વરજી મ૦ ની શુભનિશ્રામાં ભ૦ શ્રી સુમતિનાથ પ્રભુની પ્રતિષ્ઠા પોષ વદિ ૬ ના મહોત્સવપૂર્વક થઇ હતી. તે દિવસે પંચ તરફથી સ્વામીવાત્સલ્ય થયું હતું.

**શિહોર** (સૌરાષ્ટ્ર): ઉપલાઢાળમાં આવેલ પ્રાચીન મંદિરનો જીર્ણોદ્ધાર થતાં નૂતન જિનાલયમાં શ્રી આદીશ્વરભગવંતની પ્રતિષ્ઠા મહા વદિમાં થનાર છે. તે પ્રસંગે પૂ૦ ઉપા૦ મ૦ શ્રી દેવેંદ્રસાગરજી મહારાજ શ્રી આદિ પધારનાર છે. અઠ્ઠાઈ મહોત્સવ આદિ ધામધૂમ સારી થશે.

**ખંભાત**: પૂ૦ આ૦ શ્રી વિજયભક્તિસૂરીશ્વરજી મ૦ શ્રી ના શિષ્યરત્ન પૂ૦ પં૦શ્રી પ્રભાવવિજયજી મ૦ ના વરદહસ્તે ઝવેરી મણિલાલ સોજપાલના સુપુત્ર ભાઇ રાજપાલની ભાગવતી દીક્ષા થઇ હતી, નૂતનમુનિશ્રીનું નામ પ્રીતિવિજયજી રાખ્યું હતું, પૂ૦ આ૦ મ૦ શ્રી વિજયનેમિસૂરીશ્વરજી મહારાજશ્રીના સમુદાયના પ્રવર્તિની પૂ૦ સાધ્વીજી શ્રી પ્રભાશ્રીજી અમદાવાદ મુકામે કાલધર્મ પામ્યા તે નિમિત્તે ખંભાતમાં મહોત્સવ થયો હતો.

**શત્રુંજયગિરિનો છરી પાળતો સંઘ**: કચ્છ-તુંબડી નિવાસી શેઠ શામજી ભવાનજી પટેલ તરફથી શ્રી શત્રુંજય તીર્થનો છરી પાળતો સંઘ પૂ૦ આ૦ મ૦ શ્રી વિજયકનકસૂરીશ્વરજી મ૦ શ્રી ની શુભ નિશ્રામાં માગશર વદિ ૧૦ ના નીકળ્યો છે, જે મહા સુદિ માં પાલીતાણા આવશે.

**જામનગર**: પૂ૦ આ૦ મ૦ શ્રી વિજયભુવનસૂરીશ્વરજી મ૦ શ્રી ની નિશ્રામાં પોરબંદરથી છરી પાળતો સંઘ જુનાગઢ આવ્યો હતો. ત્યાં સંઘવીને માલારોપણ થયેલ. બાદ પૂ૦ આચાર્ય મહારાજશ્રી ધોરાજી, જામકંડોરણા થઈ જામનગર-શાંતિભુવન પધાર્યા છે.

**આઉવા** (રાજસ્થાન) પૂ૦ આ૦મ૦ શ્રી હિમાચલસૂરીશ્વરજી મ૦ શ્રી ની શુભનિશ્રામાં અત્રેના જિનાલયમાં પ્રતિષ્ઠા મહોત્સવ ધામધૂમપૂર્વક ઉજવાઇ ગયો.

**દુઃખદ અવસાન**: લીંચા (મેસાણા) ખાતે જૈનસમાજના પ્રતિષ્ઠિત આગેવાન અને પાંજરાપોળના સેવાભાવી કાર્યકર્તા શેઠ અમૃતલાલ કાલીદાસ મહેસાણા મુકામે અવસાન પામતાં તેમની શ્મસાનયાત્રામાં મોટો સમૂહ જોડાયો હતો. સદ્‌ગત અમૃતલાલભાઈ લીંચમાં દરેક ધાર્મિક પ્રસંગોમાં અગ્રગણ્ય હતા. શાંત અને સરલ હતા. તેમના સુપુત્ર ચમનલાલભાઇ વકીલ મહેસાણા પાઠશાળાના માનદ સેક્રેટરી છે. લીંચમાં પોતાના પિતાશ્રીના પુણ્યસ્મરણાર્થે તેમના સુપુત્રો તરફથી અઠ્ઠાઈ મહોત્સવ ઉજવાયો હતો, અમે સ્વર્ગસ્થના આત્માની પરમ શાંતિ ઇચ્છીએ છીએ અને તેમના પરિવાર ઉપર આવેલી વિપત્તિમાં સમવેદના વ્યક્ત કરીએ છીએ.

**સોલાપુરથી કુલ્પાકજી તરફ**: પૂ૦ પાદ આ૦ મ૦ શ્રી વિજયલક્ષ્મણસૂરીશ્વરજી મ૦ શ્રી આદિ વિજાપુર (કર્ણાટક) ના ઉપધાન મહોત્સવનું કાર્ય પૂર્ણ કરી, સોલાપુર પધાર્યા હતા. રસ્તામાં અનેક સ્થળોએ ધર્મોપદેશ આપતાં લોક જાગૃતિ સારી આવી હતી. સોલાપુરમાં 'પ્રાચીન ભારતીય સંસ્કૃતિ' ઉપર પૂ૦ મહારાજશ્રીએ મનનીય જાહેરપ્રવચન આપ્યું હતું. ત્યાંથી તેઓશ્રી હૈદ્રાબાદ પધાર્યા છે. રસ્તામાં નલદમયંતીના સમયના ઐતિહાસિક નલદુર્ગ પધાર્યા હતા. હૈદ્રાબાદથી તેઓશ્રી કુલ્પાકજી તીર્થની યાત્રાર્થે તે બાજુ પધારશે.

**યાત્રા પ્રવાસ**: શ્રી શાંતિચંદ્ર સેવા સમાજ-

અમદાવાદ તરફથી શ્રી ઉપરીયાળાજી તીર્થનો યાત્રાપ્રવાસ જાન્યુ૦ તા. ૨૬-૨૭ ના દિવસોમાં યોજાયો હતો. આ દરમ્યાન નાગજી ભુદરની પોળ-અમદાવાદ વાળા ચંપા બ્હેનના ટ્રસ્ટ તરફથી માંદાની માવજતના સાધનોનો સેટ ત્યાં યાત્રાળુઓની પરિચર્યા માટે મૂકાયો હતો.

**નવસારીમાં મહોત્સવ:** મુંબઇથી શંખેશ્વરજી-તીર્થ તરફ પધારતાં પૂ૦ આ૦ મ૦ શ્રી વિજયજંબૂસૂરીશ્વરજી મહારાજ શ્રી સ્વશિષ્યાદિ પરિવાર સાથે અત્રે પધારતાં તેઓશ્રીની શુભનિશ્રામાં શા. મગનલાલ દેવચંદ તરફથી મા૦ વદિ ૫ થી ૧૧ સુધી મહોત્સવ ઉજવવામાં આવ્યો હતો. પૂજા, પ્રભાવના ઇત્યાદિ દરરોજ થતાં. પૂ૦ પં૦ શ્રી પ્રવીણવિજયજી ગણિવર શ્રી આદિ મુનિવરો પણ આ દરમ્યાન પધારતાં સંઘમાં સારો ઉત્સાહ રહ્યો હતો.

**સુરતમાં સુંદર સ્વાગત:** પૂ૦ આ૦ મ૦ શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મ૦ શ્રી, તથા પૂ૦ આ૦ મ૦ શ્રી વિજયજંબૂસૂરીશ્વરજી મ૦ શ્રી આદિ ઠા. ૪૫ મુંબઇથી વિહાર કરતાં પોષ સુદિ ૪ ના સુરત પધાર્યા હતા. તેઓશ્રીનું સામૈયું સગરામપરાના સંઘે કર્યું હતું. સુદિ ૫ ના ગોપીપુરા સામૈયા સાથે પધાર્યા હતા. સુદિ ૭ ના છાપરીયાશેરી પધાર્યા હતા. અને સુદિ ૮ ના વડાચૌટા પધાર્યા હતા. દરેક શ્રી સંઘોએ પૂ૦ પાદ આ૦ મ૦ શ્રીનું ભવ્ય સ્વાગત કર્યું હતું.

**ઉપધાનતપની સુંદર આરાધના:** સુરત ખાતે પૂ૦ આ૦ મ૦ શ્રી વિજયપ્રતાપસૂરીશ્વરજી મ૦ તથા પૂ૦ આ૦ મ૦ શ્રી વિજયધર્મસૂરીશ્વરજી મ૦ શ્રી ની શુભનિશ્રામાં શ્રી સંઘ તરફથી ઉપધાન કરાવાઇ રહ્યા છે, જેમાં ૨૬૭ ભાઇ-બ્હેનો રહે છે. ઉપવાસના દિવસે બપોરે આરાધના અંગે પ્રવચન રહે છે. દરરોજ સવારે પ્રવચન થાય છે. ઉત્સાહ સારો છે.

**ગઢસીવાણા:**-પૂ૦ મુનિરાજ શ્રી સુજ્ઞાનવિજયજી મ૦ શ્રીની શુભનિશ્રામાં ઉપધાનતપ ચાલુ હતા. સવાસો લગભગ આરાધકો હતા. પોષ વદિ ૬ ના માલારોપણુ મહોત્સવ સુંદર રીતે ઉજવાયો હતો. અટ્ઠાઇ મહોત્સવ તથા શાંતિસ્નાત્ર થયેલ.

**પાટણ:**-પૂ૦ આ૦ મા૦ શ્રી વિજયભદ્રસૂરીશ્વરજી મ૦ શ્રીની શુભ નિશ્રામાં પોષ સુદિ ૧૪ ના ઉપધાનતપનો માળારોપણુ મહોત્સવ ભવ્ય રીતે ઉજવાઇ ગયો. પંચાસરાના ચોકના ભવ્ય મંડપમાં અટ્ઠાઇમહોત્સવ-શાંતિસ્નાત્ર ઠાઠથી ભણાવાયું હતું. પૂ૦ આચાર્ય મહારાજ શ્રી સપરિવાર અહિંથી ઝીંઝુવાડા તરફ દીક્ષા પ્રસંગ હોવાથી પધાર્યા છે.

**સુરેન્દ્રનગર:**- પૂ૦ આ૦ મ૦ વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ ઠા૦ ૪૫ સહિત પૂ૦ તપસ્વી પં૦ શ્રી કાંતિવિજયજી ગણિવર શ્રી. તથા પૂ૦ તપસ્વી મુનિરાજ શ્રી રાજવિજયજી મ૦ શ્રી ની ૧૦૦ મી વર્ધમાનતપની ઓળીની નિર્વિઘ્ન પૂર્ણાહુતિના પુણ્ય પ્રસંગે શ્રી સંઘ તરફથી ઉજવવામાં આવનાર ભવ્ય મહોત્સવ નિમિત્તે અત્રે પધારનાર છે. શ્રી સંઘની છેલ્લા દોઢ વર્ષથી વિનંતી છે, પુના તથા મુંબઇ થઇ શ્રી સંઘે ખૂબજ પ્રયત્ન કરેલો, એટલે પૂ૦ આ૦ મહારાજશ્રી આ બાજુ પધારનાર છે, પૂ૦ પાદ શ્રી મુંબઇથી વિહાર કરી, નવસારી, સુરત, બારડોલી, વ્યારા, ભરૂચ, ડભોઇ, આમોદ થઇ ખંભાત પધાર્યા છે. માહસુદિ ના પ્રારંભમાં અહિં પધારનાર છે, તપસ્વિઓને ૧૦૦ આયંબિલો ઉપરાંત લગભગ ૩૮ દિવસના આયંબિલો વધારે થયા છે. માહસુદિ૦ પાંચમના પૂ૦ શ્રી અત્રે પધારશે. અને સુદિ. ૩ થી પારણા નિમિત્તે ભવ્ય મહોત્સવની શરૂઆત થઇ હતી પૂ૦ બન્ને મહાત્માઓની ૧૦૦ મી ઓળીનું પારણું મહા શુદિ ૯ ના રોજ ઉત્સાહપૂર્વક થયું હતું. શ્રી સંઘમાં ઉત્સાહ ઘણો છે. પૂ૦ પાદ બન્ને તપસ્વીઓની ૧૦૦ મી ઓળી દરમ્યાન શ્રી સંઘમાં ૧૦૦ ઉપવાસ, ૧૦૦ ઓળી જેટલા આયંબિલોની તપશ્ચર્યા થઇ હતી, તેમજ તપસ્વી ભાઇ-બ્હેનોને જુદી-જુદી પ્રભાવનાઓથી ભક્તિ કરાઇ હતી,

**વિરોધ પ્રદર્શિત કરો!** ભારત સરકારના પ્રકાશનખાતા તરફથી પ્રસિદ્ધ થયેલ 'ભગવંત બુદ્ધ' નામના હિંદી પુસ્તકમાં ભગવાન શ્રી મહાવીર દેવ તથા જૈનસાધુઓ ઉપર માંસભક્ષણનો અનુચિત આક્ષેપ મૂકવામાં આવ્યો છે. જૈનધર્મના આચાર તથા વિચારોને ઉંડા અન્વેષણપૂર્વક સમજ્યા વિના તેમજ જૈન સિદ્ધાંતને જાણ્યાવિના પોતાને બીનસાંપ્રદાયિક રાજ્ય કહેવડાવનાર ભારત સરકાર આ રીતે

એક ધર્મના પ્રચારમાં રસ લઈ, હિંદના પ્રાચીન અને ભવ્ય ધર્મ તથા તેના તીર્થંકર દેવ અને તેના પૂ૦ ધર્મગુરૂઓ ઉપર આક્ષેપાત્મક લખાણુ પ્રસિદ્ધ કરે, એ કોઇ રીતે હિતાવહ નથી. આ પુસ્તકનો ભારતના જૈનસંઘોએ તથા જૈનસંસ્થાઓએ જોરશોરથી સક્રિય વિરોધ કરવો જરૂરી છે.

**રાજસ્થાન જૈનસંઘ:** અખિલ રાજસ્થાન જૈનસંઘનું ખાસ અધિવેશન નાકોડાજીમાં ભરાયું હતું. આ અધિવેશનમાં સમગ્ર રાજસ્થાનના ખૂણે-ખૂણેથી હજારો ભાઈઓ આવ્યા હતા. તેમાં મુખ્યત્વે ભારત સરકાર તરફથી પ્રસિદ્ધ થયેલ, 'ભગવંત બૌદ્ધ' પુસ્તકમાં જૈનધર્મના તીર્થંકર ભ૦ શ્રી મહાવીરદેવ તથા જૈન સાધુ ઉપર માંસ ભક્ષણનો જે આરોપ મૂકયો છે, તેનો સખ્ત વિરોધ પ્રદર્શિત કર્યો હતો, અને સાધુ-સંન્યાસી રજીસ્ટ્રેશન બીલ જે ભારતની લોકસભામાં રજૂ થયું છે, તેનો પણ વિરોધ કર્યો હતો.

**પાઠશાળા તરફથી યાત્રાપ્રવાસ:** કપડવંજ શ્રી અભયદેવસૂરિ જૈન જ્ઞાનમંદિરમાં ચાલતી શેઠ મણિલાલ શામળભાઈ જૈન પાઠશાળાના ૮૮ અભ્યાસકો તથા શિક્ષકોને સંસ્થાના સંચાલક અને હાલ શ્રી સિદ્ધગિરિજીમાં નવાણું કરી રહેલા શ્રી વાડીલાલ મનસુખભાઇ પારેખે શ્રી સિદ્ધગિરિજીની યાત્રા કરાવવાનો પોતાના ખર્ચે લાભ લીધો હતો. સંસ્થાના મંત્રી ધનવંતલાલભાઇએ આ યાત્રાપ્રવાસમાં સારો પરિશ્રમ લીધો હતો.

**શંખેશ્વરજીમાં અનુપમ આરાધના:** સમસ્ત ભારતના પ્રાચીન તથા ભવ્યતમ તીર્થ શ્રી શંખેશ્વરજીની પુણ્યછત્ર છાયામાં પૂ૦ પં. શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર તથા પૂ૦ મુનિરાજ શ્રી ભાનુવિજયજી ગણિવરની શુભનિશ્રામાં પોષ સુદિ ૧૩ના પુણ્ય દિવસે મારવાડ-બેડાનિવાસી ધર્માનુરાગી ભાઇ હિમ્મતલાલ વનેચંદ (હાલ મુંબઈ) તરફથી ઉપધાન તપનો શુભ પ્રારંભ થયો હતો. આ નિમિત્તે પૂ૦ પં. મહારાજ શ્રી આદિ ૪૦૦ માઇલનો વિહાર ૪૨ દિવસમાં કરી સુરત, ભરૂચ, ખંભાત અમદાવાદ થઇને પોષ સુદિ ૧૧ ના અત્રે પધાર્યા હતા. આ તીર્થમાં અત્યાર અગાઉ ત્રણ વખત નવપદજીની ઓળીનું આરાધન, આરાધક-સમાજ તરફથી સામુદાયિક થયેલ છે. તેમજ ઉજમણું બે વખત થયેલ છે, જ્યારે ઉપધાન તપની સામુદાયિક આરાધના થઇ ન હતી. એટલે આ પવિત્ર તીર્થમાં આરાધના કરવા ભાઈ-બ્હેનો સારી સંખ્યામાં જોડાયા છે. ૫૦૦ ઉપરની સંખ્યાનો પ્રવેશ થયો છે, જેમાં ૨૫૦ ઉપરાંત માળો છે. પૂ૦ સાધુ મહારાજાઓના ૩૦ ઠાણા છે. અને પૂ૦ સાધ્વીજી મહારાજના ૩૫ ઠાણા છે. રાધનપુરનિવાસી સેવાભાવી શ્રી હરગોવનભાઈ મણિયારની દેખરેખ નીચે ઉપધાન તપના તપસ્વીઓની સેવા-ભક્તિ સુંદર થઇ રહી છે. પ્રવેશના પ્રથમ દિવસે ૧૨૫ તપસ્વીઓએ અટ્ઠમ, અને ૧૦૦ તપસ્વીઓએ છટ્ઠની તપશ્ચર્યા કરી હતી. પૂ૦ મુનિવરોમાં ૧૫ મુનિરાજોએ અટ્ઠમની તપશ્ચર્યા કરી હતી. દરરોજ બન્ને પૂ૦ મહારાજશ્રીના આરાધના માર્ગ ઉપર પ્રવચનો ચાલુ છે. ફાગણ સુદિ બીજના માલારોપણ મહોત્સવ છે, તે દરમ્યાન પૂ૦ આ. મ. શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ ઠા. ૪૫ સાથે અત્રે પધારનાર છે. ત્યારબાદ તેઓશ્રીની છત્ર છાયામાં મુંબઇ નિવાસી કેટલાક ભાઇઓ તરફથી અત્રેથી શ્રી સિદ્ધગિરિજીનો છરી પાળતો સંઘ નીકળનાર છે.

**રાધનપુરમાં દીક્ષાઓ:** રાધનપુર શહેર જૈનધર્મની આરાધના કરનારા અનેક ભાવિકોથી સમૃદ્ધ આરાધનપુર છે. અત્યાર અગાઉ અહિંથી લગભગ ૫૦ જેટલી બાળબ્રહ્મચારિણી બાળાઓએ તથા અન્ય ૩૦ લગભગ બ્હેનોએ ગર્ભશ્રીમંતાઇ તથા અનેક સાંસારિક પ્રલોભનોને ત્યજીને વૈરાગ્યવાસિત બનીને ભાગવતી દીક્ષાને ગ્રહણ કરી છે. માતા-પિતા આદિ કુટુંબીજનોએ ઉલ્લાસપૂર્વક પોતાની શક્તિ પ્રમાણે ઘર આંગણે મહોત્સવ માંડીને દીક્ષાઓ પોતાની ભાગ્યશાલી પુત્રીઓને અપાવી છે. આ વર્ષના પોષ મહિનાની વદિ પાંચમના એવો એક દીક્ષા મહોત્સવ ઉજવાઇ ગયો. અમીદોશીની પોળમાં રહેતા વયોવૃદ્ધ કોઠારી જગશીભાઇ લહેરચંદની ૧૯ વર્ષની બાળબ્રહ્મચારિણી સુપુત્રી ભાગ્યશાળી શ્રી પ્રમીલાબ્હેન, કે જેઓનું સગપણ શ્રીમંત કુટુંબમાં થયેલ, તાજેતરમાં જ લગ્ન થવાના હતા, પણ વિ૦ સં૦ ૨૦૧૨ના ચાતુર્માસમાં પૂ૦ પં૦ શ્રી કનકવિજયજી ગણિવર શ્રી નાં વ્યાખ્યાનો સાંભળી, તથા પૂ૦ સાધ્વીજી શ્રી ત્રિલોચના

શ્રીજી અને પૂ૦ સાધ્વીજી શ્રી જ્યોતિપ્રભાશ્રીજીના શુભ સમાગમથી વૈરાગ્યભાવના જાગ્રત થતાં, તેઓ દીક્ષા ગ્રહણ કરવાને ઉજમાળ બન્યાં, પૂ૦ આ૦ મ૦ શ્રી વિજયકનકસૂરીશ્વરજી મ૦ શ્રીના શિષ્યરત્ન પૂ૦ મુનિરાજ શ્રી કંચનવિજયજી મ૦નાં વરદહસ્તે પ્રમીલાબેનની તથા તેમના માતુશ્રીની પોષ વદિ પાંચમના પુણ્ય દવસે દીક્ષા થઇ હતી. પ્રમીલાબેનનું શુભ નામ શ્રી મોક્ષાનંદશ્રીજી અને તેમની માતુશ્રીનું નામ શ્રી નિત્યાનંદશ્રીજી રાખવામાં આવ્યું હતું તેઓએ પૂ૦ સાધ્વીજી શ્રી નીતિશ્રીજી પાસે દીક્ષા અંગીકાર કરી છે. માહ સુદિ ૬ના અત્રેના શાહ મોતીલાલ મણિલાલના બાલ બ્ર૦ સુપુત્રી શ્રી સુશીલાબેન (વર્ષ–૨૦) ની દીક્ષા, પૂ૦ આ૦ મ૦ શ્રી વિજયભક્તિસૂરીશ્વરજી મ૦ શ્રીનાં વરદ હસ્તે થનાર છે. તે નિમિત્તે પૂ૦ આ૦ શ્રી પોષવદિ ૧૧ના અત્રે પધાર્યાં છે. અટ્ઠાઇ મહોત્સવ શાંતિ સ્નાત્ર છે. માતા–પિતા આદિ સુખી કુટુંબને ત્યજી, સારો અભ્યાસ કરી આ બેન દીક્ષા લેવા ઉજમાળ બન્યાં છે. પોતાના સંતાનોને હર્ષપૂર્વક આંગણે મહોત્સવ યોજીને સંપત્તિનો સદ્વ્યય કરવાપૂર્વક ત્યાગના પવિત્ર માર્ગે વળાવનાર માતા–પિતા આદિને ધન્યવાદ !

**પાટણ:**– અત્રે ફોફલીયાવાડાની મનમોહન શેરીના જિનાલયની પ્રતિષ્ઠા માહ સુદિ ૬ ના શુભ દિવસે પૂ૦ આ૦ મ૦ શ્રી વિજયસમુદ્રસૂરીશ્વરજી મ૦ ના વરદ હસ્તે હોઇ તેઓશ્રી અત્રે પોષ વદિ બીજના પધાર્યાં છે. જનાલય જીર્ણ થતાં તેનો જીર્ણોધ્ધાર તાજેતરમાં કરવામાં આવ્યો છે પ્રતિષ્ઠા અંગે અટ્ઠાઇ મહોત્સવ શાંતિસ્નાત્ર આદિ ભવ્ય મહોત્સવ ઉજવવામાં આવનાર છે.

**બનાસ કાંઠાનો પ્રદેશ:**– ઉત્તરગૂજરાતમાં રાધનપુરથી પશ્ચિમ–ઉત્તરના ખૂણાનો લગભગ ૫૦–૬૦ માઇલનો વિસ્તાર જે વાવેચી, થરાદ્રિ તથા હિંદવાણીના પ્રદેશ તરીકે ઓળખાય છે, જે પાકિસ્તાનની સીમાને અડીને તેની નજીકના ભાગમાં છે. ત્યાં નાના શહેરો, અને ગામડાઓ આવેલા છે, જેમાં સંખ્યાબંધ જૈનોના ઘરો છે. રાધનપુરથી ડીસા જતી રેલ્વે લાઇન જે ડીસા–કંડલા રેલ્વે લાઇન કહેવાય છે, તેના કાંઠે આવેલા ગામો ભાભેર, લોદ્રા, દીયોદર આદિની પશ્ચિમમાં આ પ્રદેશ આવેલો છે, પૂ૦ સાધુ–સાધ્વીજીનો વિહાર આ પ્રદેશમાં બહુ ઓછો છે, છતા લોકો ભદ્રિક, ધર્માનુરાગી અને ભાવનાશીલ છે. ભીલડીયાજીથી પાંચ ગાઉ પશ્ચિમમાં જતાં આ હિંદવાણી પ્રદેશની શરૂઆત થાય છે, તેમાં વાતમ, વાસણા, જેતડા, લવાણા આદિ દરેક ગામોમાં ૪૦–૫૦ ઘરો શ્રાવકોના છે. સાધન સંપન્ન તથા સુખી છે. ઉપાશ્રય તથા દેરાસર છે. પૂ૦ મુનિરાજો ઉપર ભક્તિભાવનાવાળા તથા ધર્મશ્રવણના પૂર્ણ પ્રેમી છે. આ ગામોમાં પાઠશાળાઓનું સાધન નહિ હોવાથી ઉગતી પ્રજા ધાર્મિક શિક્ષણથી વંચિત રહે છે. ત્યારબાદ પાવડ, થરાદ, ભોરોલ આદિ ગામો થરાદ્રીમાં ગણાય છે. પાવડમાં ઉપાશ્રય તથા દેરાસર છે પાઠશાળાનું સાધન ગામના ૨૦ ઘરની વસતીમાં સારૂં છે. ૭ કે ૯ વર્ષની વયના બે–ચાર છોકરાઓ આ ગામમાં ઠેઠ પંચપ્રતિક્રમણ સુધી ભણેલા છે. થરાદમાં ૭૦૦ ઘરો છે. પરદેશમાં મુંબઇ, અમદાવાદમાં અહિંના જૈન ભાઇઓ વ્યાપારાર્થે વસે છે. ગામની ૧૩૦૦ ઘરોની બધી વસતિમાં જૈનોના જ લગભગ ૭૦૦ ઘરો છે. નવ દેરાસરો છે. તેમાં સંઘના મુખ્ય બે દેરાસરો ભ૦ શ્રી મહાવીરસ્વામીજી તથા ભ૦ શ્રી આદીશ્વરજીનાં સુંદર છે. આભૂ સંઘવીની જન્મભૂમિ આ શહેર હજુ કેટલાયે પ્રાચીન અવશેષોને જાળવીને પોતાના ભવ્ય ભૂતકાલને યાદ કરાવી રહ્યું છે. જૈનો બધા સુખી તથા ભદ્રિક છે, પણ ધાર્મિક શિક્ષણનો પ્રચાર ઓછો છે. જે માટે ખાસ તેની આવશ્યકતા હજી સમજાઇ નથી તેમ લાગે છે. ભોરોલતીર્થ થરાદથી ૧૨ માઇલ છે. ૨૦ ઘરો જૈનોના છે. ભ. શ્રી નેમિનાથજીના ભવ્ય અને ચમત્કારિક પ્રતિમાજી છે, યાત્રા કરવા લાયક સ્થળ છે, ધર્મશાળા અને ભોજનશાળા છે. દર પૂર્ણિમાના દિવસે સંખ્યાબંધ લોકો યાત્રાર્થે આવે છે. અહિંથી ૫ ગાઉ પૂર્વમાં રાજસ્થાનની હદ શરૂ થાય છે. સાચોર–સત્યપુરી અહિંથી ૨૪ માઇલ છે, ભોરોલથી પૂર્વમાં પાછા વળતાં ઢીમા ૩ ગાઉ ઉપર છે, અહિં સંપ્રતિ મહારાજાના સમયનું ભવ્ય જિનાલય પોતાના ભવ્ય ઐતિહાસિક ભૂતકાલની ઝાંખી કરાવતું ઉભું છે. તારંગાજી તીર્થ ઉપર કુમારપાળ મહારાજાએ બંધાવેલ મંદિર આ મંદિરનું વિશાલ

સંસ્કરણ છે, એમ લગભગ અનુમાન થઇ શકે. ટીમચી ય ગાઉ ઉપર વાવશહેર આવેલું છે. હરિભલ મચ્છીનો રાસ વિ૦ સં૦ ૧૯૯૩માં અહિં રચાયો છે, તેમાં ઉલ્લેખ આવે છે કે, 'વાવશહેર અજિત પ્રાસાદે રહી પીમાણવાસે' વાક્યમાં આજે પંચધાતુના અને સુંદર પરિકરવાળા સંપ્રતિ મહારાજાના કહી શકાય તેવા ભવ્ય અને પ્રસન્ન તેજસ્વી અજિતનાથપ્રભુના પ્રતિમાજી મુખ્યજિનાલયમાં મૂલ નાયકનાં સ્થાને બિરાજમાન છે. દેરાસર ત્રણમાળનું છે. જૈનોના ઘરો ૧૫૦ લગભગ છે. ધર્માનુરાગી તથા ભક્તિ ભાવનાવાળા છે. પૂ૦ મુનિરાજોના ચાતુર્માસ થતા હોવાથી અગ્રગણ્ય તથા અન્યવર્ગમાં સેવાભાવના અને ધાર્મિક કાર્યોમાં ઉત્સાહ છે. પાઠશાળા વર્ષોથી ચાલુ હોવાના કારણે બાળકોમાં ધાર્મિક શિક્ષણ છે, અને તેના પ્રચાર માટે કાર્યકરોને આશ છે. તેરાપંથીના ૫૦ ઘરો છે. પણ આ બાજુના બધાયે ગામો તથા નાના શહેરોમાં આ સંપ્રદાયના પ્રચારની અસર આજે ૫૦ વર્ષ થવા છતાં નથી થઈ, જે ૫૦-૬૦ વર્ષ પહેલાં ગમે તે સંયોગમાં ૫૦ ઘર તેરા પંથમાં ગયા, બાદ આ બાજુના સેંકડો ઘરોમાંથી એકપણ ઘર હવે તે પંથમાં ગમે તેવા પ્રલોભનો હોવા છતાં ભળતું નથી આ પ્રદેશમાં માત્રાના રહેલા છે, લોકો ધર્મભાવનાવાળા છે, અને ખપી અને ભક્તિ વાળા છે, માટે પૂ૦ મુનિરાજો તથા પૂ૦ સાધ્વીજીઓના સુવિહીત વિહારની આવશ્યકતા છે.

તા૦ ૩૧-૧-૫૭

**ન્યેરી** ( કેન્યા ) શ્રી જૈનશાળા, બાલમંદિર તેમજ શ્રી વિશા ઓશવાલ જૈન ભાઇઓના અન્ય કામકાજ માટે જ્ઞાતિ તરફથી એક આલીશાન આધુનિક ઢબનું બે લાખ શીલીંગના ખર્ચે નવું મકાન તૈયાર થાય છે ત્રણ-ચાર મહિનામાં મકાન તૈયાર થઇ જશે, મકાન ફંડમાં રકમ ખૂટતી હોવાથી જ્ઞાતિના મેમ્બરો નૈરોબી, મોમ્બાસા જેવા શહેરોમાં પોતાના જ્ઞાતિભાઇઓ પાસે જશે.

**ચાતુર્માસ નિર્ણય** : વઢવાણશહેરથી પાંચ સદગૃહસ્થો ચાતુર્માસની પાલીતાણાખાતે વિનંતિ કરવા આવતાં સંવેગી જૈન ઉપાશ્રયખાતે પૂ૦ મુનિરાજ શ્રી હંસસાગરજી મહારાજ આદિનું ચાતુર્માસનું નક્કી થયું છે, પૂ૦ મહારાજ શ્રી અત્રેથી મહા સુદિ ૯ ના રોજ વિહાર કરી હળીયા બાજુ પધાર્યા છે.

**ભાગવતિ પ્રવ્રજ્યા** : પૂ૦ પંન્યાસજી પ્રીયંકરવિજયજી મહારાજના વરદહસ્તે કણોબી (જી. કાણુ) ખાતે શ્રી રમેશચંદ્ર શીવલાલ શાહે ભાગવતિ દીક્ષા પોષ શુ. ૧૩ ના દિવસે અંગીકાર કરી છે. જેઓશ્રી પોતાના સંસારીભાઈ પૂ૦ વિશાળવિજયજી મહારાજના શિષ્ય થયા છે, મુનિરાજ શ્રી રાજશેખરવિજયજી નામ રાખવામાં આવ્યું છે.

**બસ સર્વીસ** : ગાંધારતીર્થ જવા માટે દરરોજ વાગરાથી સાંજે ચાર વાગે એસ. ટી. બસ ઉપડે છે. અને ગાંધારથી સવારે સાત વાગે ઉપડે છે, ભરૂચથી વાગરા જવાય છે.

**મોટાખુંટવડા** : [સૌરાષ્ટ્ર] ધર્મિષ્ઠાબેન જયંતિલાલ જેની ઉંમર ૯ વર્ષની છે. પણ ધાર્મિક અભ્યાસ નવસ્મરણ સુધીનો થયો છે. રોજ સામાયિક, પૂજા, નવકારશી, ચૌવિહાર વગેરે કરે છે, મૂળ રહીશ પ્રાંતિજનાં છે પણ તેમનાં માતુશ્રી અત્રેની પાઠશાળામાં અભ્યાસ કરાવે છે.

**પ્રતિષ્ઠામહોત્સવ** : ઉસ્માનપુરા (અમદાવાદ) પૂ૦ આ૦ શ્રી વિજયકુમુદસૂરીશ્વરજી મહારાજની નિશ્રામાં સારી રીતે પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો હતો. અષ્ટોત્તરી સ્નાત્ર ભણાવવામાં આવેલ.

**દીક્ષા મહોત્સવ** : ઝીંઝુવાડા પૂ૦ આ૦ શ્રી વિજયભદ્રસૂરિશ્વરજી મહારાજ તથા પૂ૦ ઓમકારસૂરીજી મહારાજશ્રીના વરદ હસ્તે શ્રી જયંતિલાલ ઇશ્વરલાલના સુપુત્ર ભાઈ જશવંતકુમાર ૧૧ વર્ષની નાની વયમાં મહા શુદિ ૧૦ના દિને ધામધૂમપૂર્વક ભાગવતિ પ્રવ્રજ્યા અંગીકાર કરી છે.

**ખંભાત** : પૂ૦ આ૦ શ્રી વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજની નિશ્રામાં શ્રી સુમિત્રાબેન ભીખાલાલે મહા શુદિ ૬ ના રોજ દીક્ષા અંગીકાર કરી છે, એ અંગે અષ્ટાહિનકા મહોત્સવ સુંદર ઉજવાયો હતો.

**કાલંદ્રી** : પૂ૦ આ૦ શ્રી રંગવિમલસૂરિશ્વરજી મહારાજશ્રીની નિશ્રામાં અંજનશલાકા, પ્રતિષ્ઠા ખૂબ ધામધૂમથી ઉજવાયો હતો અને વિવિધ પ્રકારની સુંદર રચનાઓ જનતાનું આકર્ષણ બની હતી.

# જ્ઞાન વિજ્ઞાનની તેજછાયા

સં. શ્રી કિરણ

## "કલ્યાણ"ના સંપાદકશ્રીને પત્ર

ધર્મબંધુ !

"કમલ"ને લખાયેલા આ પત્રોનો અહિં પરિચય આપવાનું યોગ્ય ધારૂં છું.

"કમલ" એક એવું પાત્ર છે જેનો જન્મ જૈનકુળમાં થયો છે. પરંતુ ધર્મના સંસ્કારો તેને પ્રાપ્ત થયા ન્હોતા. પશ્ચિમની નવી કેળવણી અને વર્તમાનમાં પ્રવર્તતા ભ્રામક ઝાકઝમાળની કલુષિત અસરો તેના પર હતી. પોતાને પ્રગતિવાદી ગણાવી જડ-વાદના વિચારોનું સમજે અણસમજે અંધ અનુકરણ પણ હતું. વર્તમાનની-માત્ર આધુનિક વિજ્ઞાનને જ સર્વશ્રેષ્ઠ ગણનારી વિષમય હવાનો ખુબ ખુબ ચેપ "કમલ"ને લાગ્યો હતો.

"કમલ"નું દુર્ભાગ્ય હતું કે-પરમોચ્ચ કલ્યાણની પરંપરા પ્રગટાવનારા શ્રી જિન-શાસનને પામીને, જૈનકુળમાં જન્મ્યા છતાં, આ મહાશાસન પ્રત્યે અજ્ઞાનતાને લીધે કહો કે અપરિચયને લીધે કહો-તેને પ્રીતિ થઈ ન્હોતી. આપણા ગીતાર્થ પૂજ્ય આચાર્ય-દેવો કે પ૦ પૂ૦ મુનિ મહારાજાઓનો સંપર્ક તેને થયો ન્હોતો. ગુરુમુખેથી જ્ઞાન પામવાનું પરમસૌભાગ્ય તેને સાંપડયું ન્હોતું. પુસ્તકો વાંચીને બુદ્ધિને શણગારવા માટેની વિગતો તેણે ભેગી કરી હતી.

"કમલ"નું એ દુર્ભાગ્ય હતું કે-જીવમાત્રના કલ્યાણના એક માત્ર આલંબન તુલ્ય મહા-વિશ્વ-શાસનનું શરણું મળવા છતાં અહિંસા, સંયમ અને તપનું સર્વતોભદ્ર પાવન-કારી સ્વરૂપ તેને જાણવા મલ્યું ન્હોતું. આપણી ધર્મક્રિયાઓ અને અનુષ્ઠાનોના પરમ મંગલકારી રહસ્યો સમજવામાં આવતા ન્હોતા.

"કમલ"ની આ બિમારી અવશ્ય ભયંકર હતી. કેટલાક રોગોમાં ક્યારેક દવા પણ ટકતી નથી. કેટલાક દર્દીઓ દવાના રંગથી, દવાના નામથી પણ સૂગાય છે, વૈદને જોવા માત્રથી ખીજાય છે આવા દર્દીઓની સ્થિતિ ઘણી દયાજનક છે. પરંતુ શું આવા દર્દીઓ સાવ ઉપેક્ષાપાત્ર છે? "કમલ"ની ગણના પણ આવા દર્દીઓમાં હતી.

લેખકે "કમલ"ને લખેલા પત્રો તેની ભાષામાં, તેના રોગને સમજીને લખેલા છે, અને આ પત્રોની ભાષા "કમલ"ની સમજણને અનુરૂપ રાખવી પડી છે.

"કમલ"માં થયેલા શુભ પરિવર્તનને જોઇ કદાચ 'કમલ' જેવા કોઇ દર્દીને કંઇ ખપમાં આવે એમ ધારીને આ પત્રો "કલ્યાણ"માં મોકલું છું.

કેટલીક દવાઓ ખાસ દરદના ચોક્કસ દર્દીઓ માટે જ કામની હોય છે, સર્વ માટે નહિ. આ પત્રોનું પણ એવું જ છે.

"કલ્યાણ"ના સર્વે સુજ્ઞ વાંચક મહાનુભાવો માટે આ પત્રોમાં સારભૂત કંઇ ન પણ મળે. લેખક તે માટે સહૃદયી વાંચકોની ક્ષમા યાચે છે.

આ સર્વ પત્રોની સંપૂર્ણ જવાબદારી લેખકની પોતાની છે.

"કમલ" જેવા અણુસમજુ પાત્રને ઉદ્દેશીને લખાયેલા છે એટલે આ પત્રોમાં "કમલ" ને પરિચિત ભાષાના શબ્દ પ્રયોગો વારંવાર વપરાયા છે, તેને રુચિકર વિષયો તેની રીતે ચર્ચાયા છે, તેને પરિચિત જૈનેતર વિદ્વાનોના શબ્દો લખાયા છે તેથી કોઇ સુજ્ઞ વાંચક મહોદયને આપણા અનંત ઉપકારક શ્રી જિનશાસનની બંધારણીય મર્યાદાનો ભંગ થયા જેવું લાગે તો લેખક તે માટે ક્ષમા માંગે છે; અને સ્પષ્ટ કહે છે કે–આ લેખન "કમલ" જેવા શ્રી જૈનદર્શનથી અપરિચિત પાત્ર માટે લખાયેલા પત્રો છે એટલે એવા પાત્રને જાણીતા શબ્દપ્રયોગો, ઉપમાઓ, દલિલો, દૃષ્ટાંતો વપરાયા છે.

"કમલ"ની જેમ એકાદ પાત્ર પણ આ લેખન દ્વારા સર્વ કલ્યાણના કારણભૂત શ્રી જિનશાસનને શરણે જશે–સાચા દેવ, ગુરુ અને ધર્મ પ્રત્યે તેના હૃદયમાં ભક્તિભાવ જાગશે અથવા કંઇ નહિ તો જૈનદર્શન શું છે? તે જાણવાની સાચી ધર્મજિજ્ઞાસા જાગશે તો હું મ્હારૂં લેખન સાર્થક ગણીશ.

લિ૦

કિરણના જયજિનેન્દ્ર.

## કમલને પત્ર

પ્રિય કમલ,

ત્હારો પત્ર મળ્યો છે.

જાન્યુઆરિના 'તેજછાયા' પત્રમાં જ્યાં 'વિજીગિષા વૃત્તિ' લખાયું છે. ત્યાં 'જીજીવિષા વૃત્તિ' જોઇએ. Will to live એટલે જીજીવિષા વૃત્તિ. Will to conquer એટલે વિજીગિષા વૃત્તિ.

મ્હારા પત્રોના શબ્દોના સ્થુલ રૂપને સપાટી surface ને વળગી રહે નહિ ચાલે. શબ્દો પાછળના ભાવમાં જવા માટે પ્રયત્ન કરજે. ત્હારી સમજણ માટે તને પરિચિત ભાષામાં હું લખુ છું.

આજે સર્વ શક્ય પ્રયત્ને આત્મત્વને બચાવવાની ખેવના જીજીવિષા વૃત્તિ જો તારામાં જાગશે તો અવશ્ય એક દિવસ કર્મવૈરીઓ પર વિજય મેળવવાની–વિજીગિષા વૃત્તિ પ્રગટશે. પરંતુ તે માટે ધર્મજિજ્ઞાસાના અગ્નિને સતેજ રાખજે.

'અમૃત ક્રિયા'માં અનુષ્ઠાન સંબંધી વિગત તારી ભાષામાં લાવવા શક્ય પ્રયત્ન કર્યો છે.

લોકસંજ્ઞા એટલે ઘણા લોકો કરતા હોય તે અશુદ્ધ હોય તો પણ તેમાં ધર્મ છે એવી બુદ્ધિ.

લોકસંજ્ઞા એટલે માત્ર લોકાચાર ઉપર આદર અને શ્રદ્ધા.

લોકસંજ્ઞા એટલે શાસ્ત્રોક્ત શુદ્ધિની અપેક્ષા રાખ્યા વિના અથવા ઉપેક્ષા કરીને માત્ર બહુજનવડે થતી ક્રિયાનો આદર, ઓઘસંજ્ઞામાં વિશેષ જ્ઞાન મેળવવાની જીજ્ઞાસા નથી. બન્નેની પાછળ વિચારશૂન્યતા છે.

ગતાનુગતિકપણે જે ક્રિયા થાય તે ઓઘથી હોય કે લોકથી હોય, પરંતુ તે સાચું અનુષ્ઠાન નથી. Not correct psychological process for the sublimation of the TOTALITY

જેમ જેમ તારો શાસ્ત્રના પારિભાષિક શબ્દો સાથે વિશેષ પરિચય થતો જશે તેમ તેમ તને એક એક શબ્દનું અગાધ ઉંડાણ DEPTH, અર્થની ગંભીરતા, સૂક્ષ્મતા તથા ચોક્કસતા Scientific precision and mathematic accuracy સમજાશે. ત્યારે તને સ્પષ્ટ થશે કે આત્મ-વિજ્ઞાન science of the SOUL માત્ર પુસ્તકોમાંથી વાંચી કાઢવાનો વિષય નથી. તેના જાણકાર પૂજ્ય મહાપુરુષોના ચરણે બેસી શીખવાનું છે, જીવનમાં આચરવાનું છે, અનુભવમાં પ્રગટાવવાનું છે.

મ્હારું પત્રલેખન તારી ધર્મજીજ્ઞાસાને જાગૃત કરે, પુષ્ટ કરે તો બસ.

સ્નેહાધીન

કિરણ.

# શ્રી નમસ્કાર મહામંત્રનું વિજ્ઞાન

## મૃત્યુ રાગિણી

કેટલાક વર્ષ પહેલા સ્વીડનની રાજધાની સ્ટોકહોમમાં એક સંગીત–સંમેલન થયું હતું. તેમાં એક વિચિત્ર ઘટના બની. પ્રખ્યાત સંગીતકાર ટેસ્કોવસ્કીની "પેથેટિક" Pathetic નામની ધૂન ઓરકેસ્ટ્રા પર વાગી રહી હતી ત્યારે કલેરીયોનેટ નામનું વાદ્ય વગાડનાર સંગીતકાર મૃત્યુ પામ્યો. તેની લાશ તેના વાજા પર પડી હતી.

ઇંગ્લેંડમાં પણ ટેસ્કોવસ્કીની આ ધૂન વગાડતા આ પ્રમાણે જ બે દુઃખદ પ્રસંગો બન્યા હતા. "નોટીંગ હેમ સિમ્ફનિ ઓરકેસ્ટ્રા"એ આ ધૂન વગાડતા પોતાના બે સંગીતકારો ગુમાવ્યા ત્યારે આ ધૂન વગાડવી બંધ કરી. સ્ટોકહોમમાં જ્યારે એવા સમાચાર જાહેર થયા કે 'ટેસ્કોવસ્કીની "પેથેટિક" ધૂન વગાડવામાં આવશે' ત્યારે વર્તમાન પત્રોએ ઇંગ્લેંડના દુઃખદ પ્રસંગોનું ઉદાહરણ ટાંકી સંગીતકારોને સાવધાન કર્યા, પરંતુ સ્ટોકહોમ ઓરકેસ્ટ્રા એસોસિયેશનના સંચાલકોએ સંગીતકારનું મૃત્યુ આ ધૂનને લીધે થયું હોય એવું માનવાની ના પાડી. પરિણામે સ્ટોકહોમમાં ક્લેરિયોનેટ વાદ્ય વગાડનાર સંગીતકારનું મૃત્યુ થયું.

## "પેથેટિક" ધૂનની રચના.

ઇ. સ. ૧૮૯૩ માં ૫૩ વર્ષની ઉંમરે ટેસ્કોવસ્કીનું મૃત્યુ થયું. જીવનના છેલ્લા વર્ષમાં કલાકારે આ ધૂન રચી હતી. એમ કહેવાય છે કે–પોતાના મૃત્યુનો આભાસ ટેસ્કોવસ્કીને આગળથી થયો હતો. ભાવી મૃત્યુની આગાહીમાંથી પ્રેરણા પામીને ટેસ્કોવસ્કીએ પોતાની આ "પેથેટિક" ધૂન રચી હતી.

ટેસ્કોવસ્કી પ્રથમ પંક્તિના સંગીતકારોમાંના એક ગણાય છે. ઇ. સ. ૧૮૯૩માં તેમની કીર્તિનો કળશ ચઢી ચૂકયો હતો. પેરિસ, લંડન અને બ્રૂસેલ્સમાં સંગીત શોખીનો તરફથી તેમને ઘણું સન્માન મળ્યું હતું. 'પેથેટિક'ની તેમની ધૂન ઓગસ્ટ માસના અંતમાં પૂર્ણ થઇ. ઓકટોબરમાં ટેસ્કોવસ્કી સેંટ પીટર્સબર્ગ ગયા. અહિં તેમણે પોતાના જલ્દિથી થનારા મૃત્યુનો ઉલ્લેખ કર્યો. પહેલી નવેંબરે બિમાર પડયા અને પાંચ દિવસ પછી મૃત્યુ પામ્યા.

ભાવી મૃત્યુની આગાહિમાં તૈયાર થયેલી આ ધૂન અને તેને વગાડવાથી થતી અસરોની વાતોને કેટલાક જણ કદાચ વહેમ ગણશે.

## ધ્વનિ-તરંગનું વિજ્ઞાન

science of the
sound-waves

આજે વિજ્ઞાને ધ્વનિતરંગોની શક્તિ માટે કેટલુંક સંશોધન કર્યું છે. ગઇ સદીમાં જે. ડબલ્યુ. કીલીએ ધ્વનિતરંગોથી પથ્થરના ટૂકડે ટૂકડા કરી બતાવ્યા હતા. પરંતુ કીલીનું રહસ્ય તેના મૃત્યુ પછી તેની સાથે ગયું. છેલ્લા કેટલાક વર્ષોથી આધુનિક વિજ્ઞાનને ધ્વનિતરંગોના વિષયમાં નવું જાણવાનું મળ્યું છે.

પ્રકાશ કિરણો Light rays, બ્રહ્માંડ કિરણો cosmic rays, ધ્વનિ તરંગો sound waves, "ક્ષ" કિરણો x rays વગેરેની અસરો માનવીના શરીર ઉપર પડે છે. આ દિશામાં સંશોધન કરી આજે ઇંગ્લેંડ અને અમેરિકામાં ધ્વનિ ચિકિત્સા sound therapy થી રોગો મટાડવાના પ્રયોગો થઈ રહ્યા છે.

આ ધ્વનિ વિજ્ઞાન પ્રમાણે પ્રત્યેક વ્યક્તિના ધ્વનિતરંગોની ગતિ ભિન્નભિન્ન હોય છે. એક ધ્વનિ તરંગનો જૂદી જૂદી વ્યક્તિઓ ઉપર જૂદો જૂદો પ્રભાવ પડે છે. એક વ્યક્તિ માટે જે અનુકૂળ તરંગ છે તે કદાચ બીજી વ્યક્તિ માટે પ્રતિકુળ પણ બને. ધ્વનિ તરંગોની અસર થવામાં વ્યક્તિની માનસિક સ્થિતિનો પણ ઘણો મહત્ત્વનો ભાગ હોય છે, સંભવ છે કે કદાચ આવા કોઈ કારણથી આખા ઓરકેસ્ટ્રામાં 'પેથેટિક' ધૂનની અસરથી માત્ર એકજ સંગીતકારનું મૃત્યુ થયું.

પ્રાચીન ગ્રંથોમાં મંત્ર, યંત્ર અને તંત્રની શક્તિઓ સંબંધી જે ઉલ્લેખો આવે છે, તેનો ગાઢ સંબંધ આ ધ્વનિતરંગો સાથે છે.

## સંગીતની અસર

યૂનાની કથાઓમાં એવા સંગીતનું વર્ણન મળે છે, જે સાંભળવાથી શ્રોતાઓ બેભાન બની જતા અને ક્યારેક મૃત્યુ પામતા. 'દશકુમાર ચરિત્ર'માં એક કથા છે કે-એક ગાયક પોતાની રાગિણીઓથી કેટલાક કષ્ટસાધ્ય રોગો મટાડતો.

સુપ્રસિધ્ધ સંગીતકાર આર્ટુરો ટેસ્કેનિનીની બે પત્નીઓ સંગીતના ઘાતક સ્વરોથી મૃત્યુ પામી હતી. તેની આ મૃત્યુ રાગિણીમાં ન જાણે કયાં કઈ રીતે એવા સ્વર વણાયા છે કે-જેના તરંગો ઘાતક બને છે.

કહેવાય છે કે-બૈજુ બાવરાનું સંગીત સાંભળી હરણો આવતા. આ યુગના પણ એવા ઘણાં ઉદાહરણો સંભળાય છે. મિંયા ગુલામ રસુલ ગાતા ત્યારે બુલબુલ પક્ષીઓ તેની આસપાસ એકઠા થતા, તે વાત પ્રસિધ્ધ છે.

## જંગલી પશુ પર ધ્વનિ તરંગોનો પ્રભાવ.

પશુઓ પર સંગીતના પ્રભાવનું-ધ્વનિ તરંગોની શક્તિનું એક જ્વલંત ઉદાહરણ આ રહ્યું.

એકવાર સંગીતમાર્તંડ પંડિત ઓંકારનાથ ઠાકુર લાહોર ગયા. લાહોરના Zoo પ્રાણી ઘરમાં એક વિકરાળ વાઘ આવ્યો હતો. તેની ગર્જનાઓથી ત્યાં આવનારા ધ્રૂજી ઉઠતા.

પંડિતજીએ વાઘને વશ કરવા માટે સંગીતનો પ્રયોગ કર્યો. પંડિતજીના ગળામાંથી સંગીતના મધુર સ્વર જેમ જેમ નીકળતા ગયા, તેમ તેમ વાઘની ગર્જનાઓ ધીમી થતી ગઇ. છેલ્લે આ જંગલી પશુ પાંજરાના સળીયામાંથી પંજા બહાર કરી પાળેલા કુતરાની જેમ પંડિતજી સામે જોઈ રહ્યું.

પશુઓને પણ વશ કરનારી સંગીતની કલામાં–ધ્વનિતરંગોની શક્તિમાં એવી અસર છે, જે ક્યારેક માનવહૃદયના સુષુપ્ત ભાવોને જાગૃત કરે, ક્યારેક ચિત્ત વૃત્તિઓને શાંત કરે કે ક્યારેક મનને એકાગ્ર કરે, તો તેમાં શું આશ્ચર્ય !

સંગીતની જુદી જુદી અસરો ધ્વનિમાં રહેલી વિલક્ષણ શક્તિને લીધે છે.

## સંગીતથી રોગ નિવારણ !

પંડિત ઓંકારનાથજીએ એકવાર કહ્યું હતું કેઃ

'શરીરમાં સાત ધાતુઓ છે. જેના સાત રંગ છે. જે સાત રંગ સ્વરોના છે. જે સાત રંગ સૂર્યના કિરણોમાં છે. સૂર્યના સાત ઘોડા કહેવાય છે. જો સૂર્ય કિરણોના રંગથી પ્રભાવિત જળદ્વારા રોગ મટી શકે, તો શા માટે સાત સ્વરો દ્વારા રોગ ન મટે ?'

'આપણે જાણવું પડશે કે–કઇ ધાતુ રોગીના શરીરમાં નબળી પડી છે ? તે ધાતુનો કયો રંગ છે ? આ રંગના સ્વરનું સંગીત જો રોગીને સાંભળવા મળે તો તે રોગમુક્ત થઈ શકે.'

## અણુશક્તિ Nuclear energy અને & ધ્વનિશક્તિ sound energy

સર ઓલીવર લોજ નામના વૈજ્ઞાનિકે કહ્યું કે–'જો યોગ્ય સંશોધન કરવામાં આવે તો અણુ શક્તિના વિનાશને રોકવાની તાકાદ સંગીતમાં-ધ્વનિશક્તિમાં છે. પાણીના એક ટીપાના અણુ-ઓને ધ્વનિ દ્વારા તોડીને જો તેનો ઉપયોગ કરવામાં આવે તો આખા ન્યુયોર્કને એક વર્ષ સુધી વિદ્યુતશક્તિ મળી રહે.'

જેમ અણુની અંદર સુષુપ્તપણે રહેલી શક્તિને આધુનિક વૈજ્ઞાનિકોએ જાગ્રત કરી છે તેમ ધ્વનિની અંદર અકલ્પનીય અદ્‌ભુત શક્તિ ભરેલી છે. તેનું જ્ઞાન પ્રાચીનકાળમાં ભારતમાં હતું. તે મંત્રશક્તિ કહેવાય છે.

મંત્રશક્તિ તથા મંત્રસાધનાની વાતોમાં ઘણાને રસ છે. કદાચ મંત્રશાસ્ત્ર સંબંધી વિગતોનો પરિચય પણ કેટલાકને હશે. પરંતુ વિષયનું તલસ્પર્શી શાસ્ત્રીય જ્ઞાન, જપ દ્વારા કર્મમળોને દૂર કરવાનું સચોટ માર્ગદર્શન તથા તે માટેનો સ્વાનુભવ સર્વને સુલભ નથી.

## આધુનિક કેળવણી અને મંત્રશક્તિ.

પ્રાચીન ભારતના આત્મવૈજ્ઞાનિકોને આ વિદ્યાનું સંપૂર્ણ જ્ઞાન હતું. કાળક્રમે અનેક અમૂલ્ય ગૂઢ વિદ્યાઓની માફક આ વિદ્યા પણ વિસરાતી ગઇ.

નવી કેળવણી લીધેલો વર્ગ આજે આ શાસ્ત્ર પ્રત્યે–આ વિદ્યા પ્રત્યે તિરસ્કારથી જુએ છે. તેને વહેમ ગણે છે. જપ કરનારા સાધકોને અભણ Uneducated કહે છે. તેમનાથી ક્યારેક સુગાય છે. તપ તથા જપના આરાધકોની મશ્કરી કરે છે.

નવી કેળવણીએ અમને જ્ઞાનની વિગત Surface knowledge ઘણી આપી છે. પરંતુ વિચારના ઉંડાણમાં જવાની અમારી તાકાત જાગૃત કરી નથી. તેથીજ 'માનવભવ'નું મહત્ત્વ, તેની દુર્લભતા અમને સમજાયા નથી. નવી કેળવણીની પદ્ધતિ અમને 'સંગ્રાહક' બનાવે છે 'વિચારક' નહિ, તરંગી બનાવે છે,'સાધક' નહિ,–આરાધક નહિ ! અમારૂં વિગતોનું જ્ઞાન –બાહ્ય જ્ઞાન વધ્યું છે તથા સર્જનાત્મક વિચાર-શક્તિ ઝાંખી પડી છે !

પશ્ચિમમાંથી આવતી હરકોઇ વાતને અમે સાચી માનતા થઇ ગયા છીએ. પ્રાચીન શાસ્ત્ર

ગ્રંથોના મૌલિક સત્યો અમને નિરર્થક લાગે છે, નિરુપયોગી લાગે છે.

અમારો ઉછેર આ રીતે થયો હોવાથી સાચી જિજ્ઞાસા હોવા છતાં પણ કયારેક અમે જ્ઞાનના ઉંડાણથી વંચિત રહીએ છીએ.

## આવશ્યક સૂત્રોની અદ્ભુત રચના

મંત્રશક્તિની વિદ્યા ગૂઢ વિદ્યા છે.-Occult science છે. અમે તેનાથી અજાણ હોઈ કયારેક કહીએ છીએ કે પ્રાચીન આવશ્યકાદિ સૂત્રોને શા માટે લોકભાષામાં ન બોલવા? સાંભળનારા સમજી પણ શકે અને તેમનો ભાવ જાગૃત થાય!

જો મંત્રશક્તિનું-શબ્દના સ્પંદનો શ્રાવ્ય ધ્વનિ sound અને અશ્રાવ્ય ધ્વનિ supersonics ના કંપનો vibrations નું અમને જ્ઞાન હોત તો અમને સ્પષ્ટ સમજાત કે પ્રાચીન સૂત્રોની રચના ધ્વનિ શક્તિ sound vibrations ના સૂક્ષ્મ નિયમોને આધારે થઇ હતી. પ્રત્યેક સૂત્રના પ્રત્યેક વર્ણનું, શબ્દનું, ને તેથી ઉત્પન્ન થતા ધ્વનિનું પણ મહત્ત્વ છે.

આ ઉચ્ચારણ Expression પાછળના ભાવની સૂક્ષ્મ અસરો subtle effects તો છે, પરંતુ સ્થૂલ અસર Gross effects પણ છે જ. શાસ્ત્રકારોએ એક એક સૂત્રમાં સૂક્ષ્મ ધ્વનિ વિજ્ઞાનના નિયમાનુસાર મંત્રો કઇ રીતે ગૂંથ્યા છે અને તેના ઉચ્ચાર માત્રની કયાં કેમ શું અસરો થાય છે તેનું વિવેચન અહિં અપ્રસ્તુત છે.

## —મંત્ર વિદ્યા અને અન્ય વિદ્યાઓ—

મંત્રવિદ્યા સામાન્ય વિદ્યા નથી. વૈદક Medicine, સંગીત music, ચિત્રકલા painting, ઉડ્ડયન વિદ્યા Aerodynamics જેવી સામાન્ય કલાઓમાં પારંગત થવું હોય તો વર્ષોના વર્ષો જોઇએ છીએ, તો પછી જપની સાધનામાં કેટલી શક્તિ અને કેટલો સમય, કઇ એકાગ્રતા Concentration અને કેવું સમર્પણ Surrender; કેવો સંયમ અને કેવું તપ અગત્યના હશે!

## પરીકથા

સો વર્ષ પહેલાં અણુશક્તિ Atomic energy ની વાત હાસ્યાસ્પદ ગણાઇ હોત. તે કાળના પોતાને વિદ્વાન ગણાવતા લોકોને વિદ્યુત શક્તિ Electricity and electronics આજે જે કાર્યો કરે છે તેની શકયતા પણ પરીકથા જેવી લાગત. એકવાર અશકય લાગતા કાર્યો આજે શકય બન્યા છે.

અમને પ્રાચીન મંત્રશક્તિની વાતો-જપની સાધનથી પ્રાપ્ત સિદ્ધિના ઉલ્લેખો પણ પરીકથા જેવા લાગે છે. પરંતુ આજે આધુનિક વિજ્ઞાનને સમજાય છે કે-ધ્વનિમાં અચિંત્ય શકિત રહેલી છે. શ્રાવ્ય ધ્વનિ sound કરતા અશ્રાવ્ય ધ્વનિ supersonics and ultrasonics ની તાકાત વિશેષ છે. આજે અશ્રાવ્ય ધ્વનિ વિજ્ઞાનમાં જે સંશોધન થઈ રહ્યું છે, તે મંત્રશક્તિના મહાસાગરનું એક બિંદુ-જળબિંદુ માત્ર છે, મૌક્તિક નહિ. આ કથન કેટલાકને પરીકથા જેવું લાગશે પરંતુ આ એક વૈજ્ઞાનિક સત્ય છે.

## પરમ તેજસ્વી મંત્ર

પ્રાચિન ભારતમાં ઉંચા પ્રકારની સર્વ સાધનાઓ માત્ર મોક્ષના હેતુ માટે કરવામાં આવતી, તે સાધના માર્ગમાં મંત્રયોગ-મંત્રનો જપ એક અગત્યનું સાધન ગણાયું છે.

અહિં આપણે સાધના માર્ગમાં એક સરળ અને શ્રેષ્ઠ સાધનનો વિચાર કરીએ છીએ.

પરમ કલ્યાણની પ્રાપ્તિના માર્ગમાં શ્રી નમસ્કાર મહામંત્રની આરાધના એક સુંદર સાધન છે.

અનુભવીઓ જાણે છે કે–શ્રી નમસ્કાર મહામંત્ર ઘણો તેજસ્વી મંત્ર છે. શ્રધ્ધા, ભક્તિ અને એકાન્તિક નિષ્ઠાથી તેનો જાપ કરનારને શું અપ્રાપ્ય છે?

કમલ! જો સામાન્ય પ્રકારની વ્યક્તિઓ દ્વારા રચાયેલા સંગીતમાં–ધ્વનિશક્તિની આશ્ચર્યજનક અસરો છે, તો શ્રી સર્વજ્ઞ વીતરાગ મહાપ્રભુથી સમર્થિત મહામંત્ર જેવા શ્રેષ્ઠ મંત્રમાં પરમ કલ્યાણને પ્રગટાવનારી અચિંત્ય શક્તિઓ હોય તેમાં આશ્ચર્ય શું!

આ પત્રમાં માત્ર ધ્વનિશક્તિનો સામાન્ય પરિચય આપ્યો છે.

ધ્વનિશક્તિનો વિશેષ પરિચય શું? શ્રાવ્ય ધ્વનિ અને અશ્રાવ્ય ધ્વનિ વચ્ચે આધુનિક વિજ્ઞાનની દૃષ્ટિએ કેટલો તફાવત છે?

ધ્વનિવિજ્ઞાનના પશ્ચિમના પ્રયોગો અને મંત્ર સાધના વચ્ચેના સ્થૂલ સૂક્ષ્મ ભેદો શું છે?

અન્ય સામાન્ય મંત્રોનું સ્વરૂપ કેવું છે?

શ્રી નમસ્કાર મહામંત્રનું સ્વરુપ કેવું છે?

તેના જાપથી શું અસરો થાય છે?

આ બધું જાણવાની જો તને જિજ્ઞાસા હશે, તો અન્ય પત્રમાં લખીશ.

**નોંધ**:–આ લેખનું શિર્ષક શ્રી નમસ્કાર મહામંત્રનું વિજ્ઞાન લખ્યું છે, પરંતુ આ પ્રથમ લેખમાં તે માટે ખાસ કાંઇજ આપી શકાયું નથી, તે સંબંધી લેખક પોતે દીલગીરી વ્યક્ત કરે છે.

# શ્રેષ્ઠ કૂંચી

## MASTER KEY

आग्रही बत निनीषति युक्तिं
तत्र, यत्र मतिरस्य निविष्टा ।
पक्षपातरहितस्य तु युक्ति-
र्यत्र तत्र मतिरेति निवेशम् ॥

**—શ્રી હરિભદ્રસૂરિજી મહારાજ**

આગ્રહી–જેને એકાંત મતવાદ છે તે–જેવો પોતાનો મત છે તે તરફ યુક્તિને ખેંચવાની ચેષ્ટા કરે છે. જે વ્યક્તિ પક્ષપાત રહિત છે, તે જ્યાં યુક્તિ જાય છે,–જે યુક્તિયુક્ત છે તે પ્રમાણે પોતાનો મત ઘડે છે.

જૈનદર્શન સ્યાદ્વાદ અને અહિંસાના સમુજ્જવળ પાયા ઉપર ઉભું છે. અન્ય દર્શનોનો સમન્વય કરી તેમના યોગ્ય સ્થાને તેમનો આદર કરવાનું શ્રેય જૈનદર્શનને મળ્યું છે.

જેને એકાંત મતનો આગ્રહ હશે, તે ક્યારેય સત્ય નહિ શોધી શકે. એકાંત મતના આગ્રહથી ધર્મપ્રેમને સ્થાને દ્વેષ જન્મે છે તથા ક્યારેક ક્લેશ, અસત્ય અને હિંસાની સૃષ્ટિ રચાય છે. વિશ્વ ઇતિહાસના પાનાં આવી અનેક કલંક-કથાઓથી ભરાયાં છે. આ ઇતિહાસમાં જૈનદર્શનનો સ્યાદ્વાદ એક સુવર્ણરેખા છે.

જેને સત્યનું સંશોધન કરવું છે તેને પક્ષપાત રહિત થવું પડશે.

Totally unprejudiced થવું પડશે.

સત્યને પ્રાપ્ત કરવા માટે સાધકે શું કરવું જોઈએ?

અહિં પૂ શ્રી હરિભદ્રસૂરિ મહારાજ એક શ્રેષ્ઠ કૂંચી Mastar key બતાવે છે.

સિધ્ધાંતની રચના યુક્તિના પાયા પર હોય છે. જ્યાં યુક્તિનો પાયો જ ન હોય એવી રચના સિધ્ધાંત કઇ રીતે કહેવાશે?

વિચારમંથન પછી યુક્તિના પાયા પર સ્થિર થયેલા નિર્ણયો જીવનમાં સરળતાથી ઉપાદેય બને છે.

જો સત્યને સાધાર સમ્યગ્ભાવોમાં—સાધાર શબ્દોમાં વ્યક્ત કરી શકે તો યુક્તિ સાર્થક. હેતુ અને પ્રમાણ—આ બે યુક્તિના મહત્ત્વના આધારસ્થંભો છે એ ન ભૂલાય.

સત્યને જાણવાનો આ રાજમાર્ગ છે. પરંતુ સર્વ માટે તે સરળ નથી. કેટલાક માટે તે દુષ્કર છે—અતિ દુષ્કર છે.

કેટલાકને અસત્ય પ્રત્યેનો માર્ગ સરળ છે, સુલભ છે, પ્રિય છે. પોતાના દુર્ભાવના પોષણ માટે, સ્વાર્થસિધ્ધિ માટે અસત્યના નિરાધાર ભાવોને, નિરાધાર શબ્દો દ્વારા વ્યક્ત કરી હેતુ તથા પ્રમાણનો આભાસ જગાડવો તેમને સહજ છે. અહિં યુક્તિને ખેંચવી—મરોડવી—પલટવી વધુ સરળ છે. જ્યારે પક્ષપાત રહિતપણે યુક્તિ-સિદ્ધને અપનાવવું ઘણું કઠિન છે.

જેને યુક્તિનો ખપ છે એવો સાધક—આરાધક સમ્યગ્ વિચારવિનિમય દ્વારા સંતુલિત પરિણામ Balanced judgement પ્રગટાવે છે, તથા ક્રમશઃ શુધ્ધથી શુદ્ધતર ભાવો અને શુદ્ધતરથી શુદ્ધતમ ભાવોનું અન્વેષણ કરી સમ્યક્ સમજણ ઉગાડી આવા ભાવો પોતામાં જગાડવા મથામણ કરે છે.

જ્યાં સુધી વસ્તુને વિવેકની કસોટી પર કસવામાં નહિ આવે, ત્યાં સુધી તત્ત્વ અને અતત્ત્વનો ભેદ કેમ સમજાશે?

જ્યાં સુધી ધર્મને વિવેકરૂપી સૂક્ષ્મદર્શક કાચમાંથી નિરખવામાં નહિ આવે ત્યાં સુધી ધર્મ અને ધર્માભાસનો ભેદ કેમ સમજાશે?

જ્યાં ધર્મ નથી પણ ધર્માભાસ છે, ત્યાં ભક્તિને સ્થાને પાખંડ, સમભાવને સ્થાને અસહિષ્ણુતા, સમ્યગ્ જ્ઞાનને સ્થાને વિતંડા, સમતાને સ્થાને આંતર ઉદ્વેગ, સ્યાદ્વાદને સ્થાને સંકીર્ણતા હશે.

જ્યા ધર્મ છે ત્યાં સંકીર્ણતા રહી શકે નહિ, હોઇ શકે નહિ. જ્યાં ધર્મ છે ત્યાં ઇર્ષા કેવી! સમજણ હોય—સહિષ્ણુતા હોય. જ્યાં ધર્મ છે ત્યાં આંતર ઉદ્વેગ શેનો! મૈત્રી, પ્રમોદ, કરૂણા અને માધ્યસ્થ ભાવનાઓથી પ્રગટતી સાત્ત્વિક ચિત્તપ્રસન્નતા હોય.

વિવેકની કસોટી પર ધર્મનું સુવર્ણ પ્રકાશશે, ધર્માભાસનું કથિર ઝાંખુ પડશે.

સદ્યુક્તિ છે વિવેકની કસોટી. જેને યુક્તિનો ખપ છે તે વિચારની પ્રગતિ અને ઉન્નતિ, વિશુદ્ધિ અને સૂક્ષ્મતાને નહિ રોકે, તેને તો રોકાવું પસંદ નથી. આવો આરાધક અપેક્ષિત સત્ય Relative truth ના એક રૂપને સમજીને ઉપયોગી અને વિસ્તૃત રૂપને શોધવામાં મંડયો રહે છે.

સત્યના જ્ઞાનવિકાસમાં માનવીની સમ્યગ્ વિચારશક્તિનું અપરિમિત પ્રાધાન્ય દેખાય છે. જેનું સર્વ શ્રેય યુક્તિને છે.

પ્રત્યેક જ્ઞાન—પ્રત્યેક બોધ યુક્તિથી આવે છે, કુયુક્તિથી જાય છે.

જેને પણ, જ્યારે પણ, જ્યાં પણ આ યુક્તિ સાથે સંબંધ વિચ્છેદ કર્યો, તેને સત્યનો આભાસ પણ કયાંથી મળે! અરે, વ્યવહારનું યોગ્ય સ્વરૂપ પણ કયાંથી મળે!

# :: નવા સભ્યોની શુભનામાવલિ ::

૨૫) શ્રી ઉપધાનતપ કમિટિ ગઢ શીવાણા, પૂ૦ મુનિ-
રાજ શ્રીસુજ્ઞાનવિજયજી મહારાજની શુભપ્રેરણાથી

૨૫) શ્રી કોટ શાંતિનાથજી જૈન દહેરાસર મુંબઈ–૧

પૂ૦ પંન્યાસજી શ્રી કનકવિજયજી ગણિવરના શિષ્યરત્ન પૂ૦ મુનિરાજ શ્રી મહિમાવિજયજી મહારાજશ્રીના સદુપદેશથી અને શ્રી અમૃતલાલ હરખચંદ દોશીની પ્રેરણાથી થયેલા સભ્યો નીચે મુજબ.

૧૧) મોટી પાવડ જૈન પાઠશાળા મોટી-પાવડ
૧૧) શ્રી કાલીદાસ કકલભાઇ શેઠ વાવ
૧૧) ,, ઇશ્વરલાલ રામચંદ શાહ વાવ
૧૧) ,, કીર્તિલાલ ચીમનલાલ શાહ વાવ
૧૧) ,, રીખવચંદ ત્રિભોવનદાસ વાવ
૧૧) ,, અનુપચંદ સરૂપચંદ શાહ વાવ
૧૧) ,, હીરાલાલ ડી. શાહ જેલાણા
૧૧) ,, ચીમનલાલ શીવચંદ ભાભર
૧૧) ,, ઇશ્વરલાલ પોપટલાલ શાહ જેલાણા
૧૧) ,, કીર્તિલાલ ચીમનલાલ શાહ ઢીમા
૧૧) ,, જૈન સંઘ, હા. મફતલાલ તલકશી જેતડા
૧૧) ,, વાઘજીભાઇ હેમજીભાઇ માલસણ
૧૧) ,, જૈન સંઘ, હા. મફતલાલ નાગરદાસ આગથલા
૧૧) ,, બાદરમલ ન્યાલચંદ વાતમ

શ્રી જયંતભાઈ પી. શાહની શુભપ્રેરણાથી થયેલા સભ્યોનાં શુભનામો.

૧૧) શ્રી રસીકલાલ ભૂરાભાઇ ગાંધી કલકત્તા
૧૧) ,, નાનાલાલ ચીમનલાલ શાહ ,,
૧૧) ,, કે. આર. શાહ ,,
૧૧) ,, ધેબરચંદજી ડાકલીઆ રાજનાંદગાંવ
૧૧) ,, ચંદ્રકાંત સી. ઝવેરી કલકત્તા
૧૧) ,, ભાણજીભાઈ ત્રિભોવનદાસ મેરીઆણા

શેઠ શ્રી અમરચંદ કુંવરજીની શુભપ્રેરણાથી.

૧૧) ,, ચીમનલાલ માણેકચંદ સુરેન્દ્રનગર

શ્રી ચંપકલાલ ચુનીલાલ શાહની શુભપ્રેરણાથી.

૧૧) ,, વીરજીભાઇ પનજી વોરા સુરેન્દ્રનગર

ઉપર મુજબની શુભપ્રેરણાથી.

૧૧) ,, જમનાદાસ કસ્તુરચંદ બોરીવલી
૧૧) ,, વ્રજલાલ વેલજીભાઈ અંગીઆ
૧૧) ,, હંસરાજ લાલજી નાની-ખાખર
૧૧) ,, વૈદરાજ ગાંગજીભાઇ એ. શાહ મુંબઈ
૧૧) ,, ગાંધી જયંતિલાલ પરશોતમ વડોદરા
૧૧) ,, પન્નાલાલ કેશવલાલ મુંબઇ–૩
૧૧) ,, ગાંધી કેશવલાલ દલસુખભાઇ કપડવણજ
૧૧) શેઠ વાડીલાલ મનસુખરામ જૈન લાઇબ્રેરી ,,

શ્રી દેવસીભાઈ જીવરાજ થીકાવાળાની શુભપ્રેરણાથી થયેલા સભ્યોનાં શુભનામો નીચે મુજબ.

૩૦) શ્રી રાયચંદ સ્ટોર થીકા
૩૦) ,, ગોવીંદજી જુઠાલાલ થીકા
૧૩) ,, મુલચંદ પુંજા સબસબા
૧૩) ,, વેલજી નોંધા ,,
૧૩) ,, નથુભાઈ લાખા મરાગવા
૧૩) ,, વેણીચંદ લાખા ,,
૧૩) ,, ગોસર હીરજી ,,
૧૩) ,, હંસરાજ કાનજી ,,
૧૩) ,, મોતીબેન ભગવાનજી થીકા
૧૩) ,, જયાબેન જાદવજી થીકા
૧૩) ,, ખેતસીભાઈ નથુ થીકા
૧૩) ,, કાનજી બ્રધર્સ નૈરોબી
૧૩) ,, દેવરાજ હીરજી ,,
૧૩) ,, અમૃતલાલ વીરચંદ ,,

ન્યેરીવાળા શ્રી મેઘજીભાઈ રૂપશીની શુભપ્રેરણાથી થયેલા સભ્યોનાં શુભનામો નીચે મુજબ.

૧૩) શ્રી આર. એમ. શાહ એન્ડ કું. ફોર્ટહલ
૧૩) મેસર્સ રાજપાળ લાધા એન્ડ સન્સ ફોર્ટહલ
૧૩) મેસર્સ વિધુ રામજી ફોર્ટહલ
૧૩) શ્રી વેલજી કચરા ન્યેરી
૧૩) ,, ડાહ્યાભાઈ વી. પટેલ કરાતીના
૧૩) ,, ધનજીભાઇ મેઘજી શાહ ,,
૧૩) ,, કાનજી પોપટ શાહ ,,
૧૩) ,, મગનભાઇ જી. પટેલ ,,
૧૩) ,, લખમશી પોપટ શાહ ,,
૧૩) ,, નેમચંદ કાનજી શાહ ,,
૧૩) ,, પ્રેમચંદ ભોજા શાહ ,,

શ્રી મેઘજીભાઇ ખીમજી દેવાની શુભપ્રેરણાથી થયેલા સભ્યોનાં શુભનામો નીચે મુજબ.

૧૩) શ્રી રાયચંદ દેવરાજ મોમ્બાસા
૧૩) શ્રી પ્રેમચંદ ખેતસી મોમ્બાસા